GJMR020003692011

સત્યમેવ જયતે

દાખલ તારીખ:- ૩૧/૦૧/૨૦૧૧
નોંધ્યા તારીખ:- ૩૧/૦૧/૨૦૧૧
ફેંસલ તારીખ :- ૨૪/૦૪/૨૦૨૬

સમયગાળો :- વર્ષ-માસ-દિવસ
૧૫ - ૦૨ - ૨૪

**<u>મહે. પ્રિન્સી. સીની. સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ:મોરબી.</u>**

**સ્પે. દિવાની કેસ નંબર:-૧૭/૨૦૧૧**
**આંક:-૨૧૭**

**વાદીઓ:-**

૧) રંજનબા ચંપકસિંહ ઝાલા
ઉ.વ.૭૫, ધર્મે-હિન્દુ, ધંધો- ઘરકામ
રહે.એન્જાર તા.હળવદ

૨) રક્ષાબા ભુપેન્દ્રસિંહ ઝાલા
ઉ.વ.૭૦, ધર્મે-હિન્દુ, ધંધો- ઘરકામ
રહે.કોંઢ તા.ધાંગધ્રા

**-::વિરુધ્ધ::-**

**પ્રતિવાદીઓ:-**

૧) અમરસંગ કાળુભા જાડેજા
ઉ.વ.પુખ્ત, ધર્મે-હિન્દુ, ધંધો-ખેતી

૨) જ્ઞાનબા અમરસંગ જાડેજા
ઉ.વ.૬૯, ધર્મે-હિન્દુ, ધંધો- ઘરકામ

૩) કનકસિંહ અમરસંગ જાડેજા
ઉ.વ.આ.૪૩, ધર્મે-હિન્દુ, ધંધો- ઘરકામ

૪) નરેન્દ્રસિંહ અમરસંગ જાડેજા
ઉ.વ.આ.૪૧, ધર્મે-હિન્દુ, ધંધો- ઘરકામ

૫) શકિતસિંહ અમરસંગ જાડેજા
ઉ.વ.આ.૩૭, ધર્મે-હિન્દુ, ધંધો- ઘરકામ
રહે.બધા બેલા, તા.મોરબી.

૬) જનકબા મદારસિંહ જાડેજા
ઉ.વ.આ.૬૬, ધર્મે-હિન્દુ, ધંધો-ખેતી/ઘરકામ
રહે.બેલા(રંગપર), તા.મોરબી.

૭) નરભેરામ ભુરાભાઈ વિરસોડીયા
ઉ.વ.આ.૪૮, ધર્મે-હિન્દુ, ધંધો-ખેતી/ઘરકામ
રહે.લક્ષ્મીનગર, તા.મોરબી.

**બાબત :–** **વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર ઠરાવવા અને વડીલોપાર્જીત મિલ્કતમાંથી ભાગુભાગ મેળવવા દાવો.**

---

વાદી તરફે :– વિ.વ.શ્રી આર.એમ.મહેતા

પ્રતિવાદી નં.૧ થી ૫ તરફે :– વિ.વ.શ્રી પી.એચ.વાળા

પ્રતિવાદી નં.૬ તરફે :– વિ.વ.શ્રી વી.ટી.શાહ

પ્રતિવાદી નં.૭ તરફે :– વિ.વ.શ્રી સી.ડી.પડસુંબીયા

---

**–::ઠરાવ::–**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના પ્રતિ.નં.૧–૨ ના વાદીના માતા–પિતા થાય છે. અને પ્રતિ.નં.૩–૪–૫ અમારા ભાઈઓ છે. તથા પ્રતિ.નં.૬,૭ નાઓ વાદીની વડીલોપાર્જીત જમીન ખરીદનારા છે. વાદી નં.૧ ના લગ્ન ૨૨ વર્ષ પહેલા થયેલા છે અને વાદી નં.૨ ના લગ્ન ૨૦ વર્ષ પહેલા થયેલા છે અને લગ્ન બાદ વાદી અમારા સાસરે રહીએ છીએ અને ખૂબ જૂજ પ્રસંગોમાં અમારે અમારા પિયર આવવાનુ રહે છે. જુના મોરબી રાજય વખતથી અમો વાદીના પિતાશ્રી એટલે કે આ કામના પ્રતિવાદી નં. ૧ વંશ વારસાગત રીતે ખેતીનો ધંધો કરે છે અને માપણી રજીસ્ટર મુજબ જમીનના ખાતા આસામી વાર દાખલ કરવાના થતા તા. ૨૧–૧૦–૬૩ ના રોજ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૩૭૩ પાડવામાં આવી છે. તે મુજબ પ્રતિવાદી નં.૧ ના ખાતામાં મોરબી તાલુકાના બેલા ગામના રેવન્યુ સ.નં.૩૬૯, ૮૯, ૧૦૧, ૧૦૬ વાળી ખેડવાણ જમીન આવેલ છે. હકીકતમાં ઉપરોકત જમીન અમો વાદીના દાદા કાળુભાબાપુ ધરાવતા હતાં પરંતુ તેમની ઉંમર થતા અને ઘરનો વ્યવહાર તેમજ ખેતીનું કામકાજ અમો વાદીના પિતાશ્રી અમરસંગબાપુ સંભાળતા હોવાથી ઉપરોકત જમીનની એન્ટ્રી અમરસંગ કાળુભાના નામ ઉપર કરવામાં આવેલી

હતી પરંતુ સદરહું સર્વે નંબરવાળી જમીન વડીલોપાર્જીત હોવાથી તેમાં તેમના ભાઈ પ્રવિણસિંહ કાળુભાનો હકક હિસ્સો હોવાથી ઘરમેળે ભાયુભાગની વહેંચણી કરવામાં આવી છે જે અંગેની ગામ નમુના નં.૬ નોંધ નં.૨૨૦૩ પાડવામાં આવી છે અને તે નોંધ મંજુર થયેલી છે તે રીતે પ્રતિવાદી નં.૧ ને ભાયુભાગની વહેચણીમાં નીચે મુજબના સરવે નંબરની જમીન પ્રાપ્ત થયેલ છે. સર્વે નંબર ૩૬૯ પૈકી એકર ગુંઠા ૯–૧૦ અને તે જમીન વડીલોપાર્જીત હોય અમો પ્રત્યેક વાદીનો તેમાં સાતમો હિસ્સો છે અને તેથી સદરહું જમીનના ઘરમેળે ભાયુભાગ પાડવા કે સાટવા કે અન્ય કોઈ પણ તબદીલ વ્યવહારો અમો વાદીની સંમતી પરવાનગી સિવાય તેમ કરવાનો લેશમાત્ર અધિકાર આ કામના પ્રતિવાદી નં.૧ થી ૫ નાને પહોંચતો નથી. અમો વાદીઓ વખતો વખત અમારો હકક, હિસ્સો જુદો પાડી આપી જમીનનો કબજો સોંપવાની માંગણી કરતા હતા.

પરંતુ તમામ સમયે પ્રતિવાદી નં.૧ અને ૨ ના એવું જણાવતા હતા કે તેમાં બન્ને અમારા સંતાનો છે તેથી તેમને થોડા ભુલી જવાના કે બાકાત રાખીશું ધીરજ રાખો જયારે ભાયુભાગ પાડશુ ત્યારે તમારા હિસ્સે આવતી જમીનમાંથી પણ તમારો ભાગ આપવાનો છે અને આ સંજોગોમાં વાદીઓએ બહુ વ્યાજબી રીતે અમારા માતા–પિતાના કથનો ઉપર વિશ્વાસ રાખેલો છે જે આપણી સંસ્કૃતિનું પાયાનું લક્ષણ છે.વાદીઓ અમારી ઉપર દર્શાવેલ વડીલોપાર્જીત મિલ્કતમાના અમારા હિત, હિસ્સા પર ઘણા અવલંબીત છીએ તેવું આ કામના પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ વખતો વખત વાતચીત દરમ્યાન તેઓ જાણી ગયા હતાં અને પ્રતિવાદી નં.૧, ૨ ભાયુભાગ પાડવા અંગે કશું કહેતા ન હતા કે બોલતા ન હતા અને અમો જયારે કહીએ ત્યારે ઉપર મુજબની વાત કરતા હતાં તેથી અમો તેના પર વિશ્વાસ રાખી હઠાગ્રહ કરતા હતાં. આજથી આશરે ૭–૮ મહીના પહેલા અમોએ પ્રતિવાદી નં.૧ સમક્ષ અમારી જરૂરીયાતની હકીકત જણાવી હકક હિસ્સો જુદો કાઢી આપવા માટે વાત કરી ત્યારે

પ્રતિવાદી નં.૩-૪ ના હસવા લાગતા અમોને શંકા જાગેલી તેથી ભાર પૂર્વક ભાગ જુદો પાડી આપવાનું જણાવતા તેઓએ જણાવેલ કે ભાગ દીધા છે અને દરેકના ભાગે આવતી જમીન સોંપી દીધી છે. તમો બન્ને બહેનોને કશું આપવાનું થતુ નથી તેવો સ્પષ્ટ જવાબ આપતા જણાવેલું કે અમોએ તો એક ભાગ વેચી નાંખેલ છે અને હવે તમને કાંઈ આપવાનું થતુ નથી.

ઉપરોકત સંજોગોમાં અમોએ કાયદેસરની કાર્યવાહી કરવા માટે જરૂરી એવા દસ્તાવેજો મેળવવાનો પ્રયત્ન શરૂ કરેલ અને તલાટી મંત્રી પાસેથી કુટુંબનો આંબો ગામ નમુના નં.૭/૧૨ તથા ૮-અ મેળવવા કાર્યવાહી કરેલી પરંતુ પ્રતિવાદી નં.૩ અને ૪ નાએ જણાવેલ વેચાણ કર્યા અંગેની માહીતી નહી મળતા અમોએ પ્રતિવાદીઓ પાસેથી તેની વિગત મેળવવા પ્રયત્ન કરેલ હતો જે આપવાની હા પાડીને પણ આપેલ નહી અને સમય પસાર કરવા લાગેલા. અમો વાદીની મર્યાદાઓને કારણે તથા અપુરતા જ્ઞાનને કારણે વેચાણ દસ્તાવેજની નકલો મળી શકતી ન હતી અને તેના અનેક પ્રયત્નો બાદ વેચાણ દસ્તાવેજ અનુ.નં.૪૬૧૧ તા.૧૨-૬-૦૬ અને વેચાણ દસ્તાવેજ અનુ.નં.૫૨૯૩ તા.૨૪-૯-૦૪ થી પ્રતિવાદી નં.૩ થી ૫ નાઓએ સર્વે નંબર ૩૬૯ પૈકીની જમીન વેચાણ આપેલ હોવાનું જાણવા મળેલ છે. પરંતુ આ વેચાણ દસ્તાવેજો વાળી ખેડવાણ જમીન વડીલોપાર્જીત હોવાથી અને તેમાં અમારો હકક હિસ્સો હોવાથી અમો વાદીઓની સંમતી પરવાનગી વગર વેચાણ આપેલ હોય તે બન્ને વેચાણ દસ્તાવેજો ગેરકાયદેસરના અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધના હોવાથી રદ થવાને પાત્ર છે. આ ઉપરાંત બેલા ગામે સ્થાવર મિલ્કતો આવેલી છે તેમાં પણ અમો પ્રત્યેક વાદીનો સાતમો હિસ્સો છે જે હિસ્સો જુદો કાઢી આપવા માટે પ્રતિવાદી નં.૧ ને તાજેતરમાં મૌખિક રીતે જણાવતા પ્રતિવાદી નં.૧ નાએ સ્પષ્ટ રીતે ઈન્કાર કરતા આ દાવો લાવવાની જરૂર પડેલ છે. આ કામના પ્રતિવાદી નાં.૩ અને ૫ નાએ અમારી

વડીલોપાર્જીત મિલ્કત ખેડવાણ જમીન એ.૩–૦૪ ગુંઠા સર્વે નં.૩૬૯/૧ પૈકી તથા જમીન એ.૩–૦૩ ગુંઠા સર્વે નં.૩૬૯/૪ વાળી આ કામના પ્રતિવાદી નં.૬ નાને વેચાણ દસ્તાવેજ અનુ.નં.૫૨૯૩ થી તા.૨૩–૯–૦૪ ના રોજ વેચાણ દસ્તાવજે કરી આપેલ છે. આ કામના પ્રતિવાદી નં.૩ અને ૫ નાએ જે વેચાણ દસ્તાવેજમાં અમો વાદીઓની રજા પરવાનગી લેવામાં આવેલ નથી અને તે જમીન વેચાણ આપવા માટે પ્રતિવાદી નં.૩ અને ૫ નાને કોઈ હકક કે અધિકાર નહી હોવાથી સદરહું વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનો કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો તેમજ રદબાતલ હોવાથી અમો વાદીને બંધનકર્તા નથી તેવી જ રીતે આ કામના પ્રતિવાદી નં.૪ નાએ અમારી વડીલોપાર્જીત ખેડવાણ જમીન એ.૩–૦૩ ગુંઠા સર્વે નં.૩૬૯/૫ પૈકીની જમીન આ કામના પ્રતિવાદી નં.૭ નાને વેચાણ આપ્યા અંગેનો વેચાણ દસ્તાવેજ અનુ.નં.૪૬૧૧ તા.૧૨–૬–૦૬ ના રોજ કરી આપેલ છે તે વેચાણ દસ્તાવેજ અમારી રજા પરવાનગી વગર કરી આપવામાં આવેલ હોવાથી અને તે વેચાણ આપવાનો પ્રતિવાદી નં.૪ નાને એકલાને હકક અધિકાર નહી હોવાથી તે ગેરકાયદેસરનો કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનો તથા બીન અમલી હોવાથી અમો વાદીને બંધનકર્તા નથી. આ કામના પ્રતિવાદી નં.૩ અને ૫ નાએ વડીલોપાર્જીત મિલ્કત જે બેલા (રંગપર) ગામે આવેલી છે તે સર્વે નં.૩૬૯/૧ ની ખેડવાણ જમીન એ. ૩–૦૪ ગુંઠા જેના હે. ૧–૨૫–૪૫ તથા સર્વે નં.૩૬૯/૪ ની ખેડવાણ જમીન એ.૩–૦૩ ગુંઠા જેના હે.૧–૨૪–૪૪ મળી કુલ જમીન એ.૬–૦૭ ગુંઠા જેના હે. ૨–૪૯–૮૯ ના ક્ષેત્રફળની આ કામના પ્રતિવાદી નં.૬ નાને રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૨૯૩ થી તા.૨૩–૯–૦૪ ના દસ્તાવેજથી ગેરકાયદેસર રીતે વેચાણ કરી આપેલ છે તે જગ્યાની ચતુરદિશા નીચે મુજબ છેઃ આ સર્વે નંબરવાળી જમીનો શેઢેશેઢ જોડાજોડ આવેલ હોય તેની સંયુકત ચતુરદિશા નીચે મુજબ છે : પૂર્વે : નાથાભાઈ ગોવિંદભાઈ તથા ઠાકરશીભાઈ ગોવિંદભાઈની જમીન આવેલ છે. પશ્ચિમે

: શાંતિલાલ રૂગનાથભાઈ (લક્ષ્મીનગર) વાળાનું લુહારવાળુ ખેતર આવેલ છે. ઉતર : આ સરવે નંબર પૈકીની નરેન્દ્રસિંહ અમરસંગનું ખેતર આવેલ છે. દક્ષિણ : લક્ષ્મણભાઈ પ્રેમજીભાઈનું ખેતર આવેલ છે.

તેમજ આ કામના પ્રતિવાદી નં.૪ નાએ વડીલોપાર્જીત મિલ્કત જે બેલા (રંગપર) ગામે આવેલી છે તે સરવે નં.૩૬૯/૫ ની ખેડવાણ જમીન એ.૩–૦૩ ગુંઠા જેના હે.૧–૨૪–૪૪ ના ક્ષેત્રફળની આ કામના પ્રતિવાદી નં.૭ નાને રજી.વે.દ.અનુ.નં.૪૬૧૧ થી તા.૧૨–૬–૦૬ ના દસ્તાવેજથી ગેરકાયદેસર રીતે વેચાણ કરી આપેલ છે તે જગ્યાની ચતુરદિશા નીચે મુજબ છે. પૂર્વે: લાગુ અઘારા કેશરબેન તથા ગણપતભાઈ નાથાલાલની માલીકીની ખેડવાણ જમીન આવેલ છે. પશ્ચિમેઃ લાગુ સંઘાણી કાળુભાઈ પોપટભાઈની માલીકીની ખેડવાણ જમીન આવેલ છે. ઉત્તર : લાગુ જાડેજા જનકબા મદારસંગની માલીકીની ખેડવાણ જમીન આવેલ છે. દક્ષિણ : લાગુ જાડેજા પ્રવિણસિંહ તથા જાડેજા અનિરૂધ્ધસિંહ પ્રવિણસિંહની માલીકીની ખેડવાણ જમીન આવેલ છે.

**આ દાવાનું કારણ** : અમો વાદીઓએ ઉપર દર્શાવેલ વડીલોપાર્જીત ખેડવાણ જમીનમાંથી અમો પ્રત્યેક વાદીનો હકક, હિસ્સો જુદો પાડી કબજો સોંપી આપવાનું કહેલ માંગણીનો ઈન્કાર પ્રતિવાદીઓ ધ્વારા કરવામાં આવતા અને ત્યારથી તેમજ આ કામના પ્રતિવાદી નં.૧ નાએ અમારી રજા પરવાનગી વગર ઉપર દર્શાવેલ વડીલોપાર્જીત ખેડવાણ જમીન માહેની જમીનો અમો પ્રતિવાદી નં.૨ થી ૫ ના ખાતે અમારી પરવાનગી વગર ચડાવડાવી દીધી સબબ તેથી અને ત્યારથી તેમજ આ કામના પ્રતિવાદી નં.૩ અને ૫ નાઓએ અમારી રજા પરવાનગી વગર સરવે નં.૩૬૯/૧ પૈકી વાળી જમીન એ.૩–૦૪ ગુંઠા તથા સરવે નં.૩૬૯/૪ વાળી જમીન એ. ૩–૦૩ ગુંઠા જમીન તેઓ એકલાને હકક અધિકાર નહી હોવાછતાં પ્રતિવાદી નં.૬ નાને વેચાણ આપી દીધી સબબ તેથી અને ત્યારથી તેમજ આ

કામના પ્રતિવાદી નં.૪ નાએ સરવે નં.૩૬૯/૫ પૈકીની એ.૩-૦૩ ગુંઠા જમીન પોતાને હકક અધિકાર નહી હોવા છતાં તથા અમારી રજા પ્રતિવાદીની રજા પરવાનગી વગર પ્રતિવાદી નં.૭ ને વેચાણ આપી દીધેલ સબબ તેથી અને ત્યારથી આપ નામ. કોર્ટમાં ઉપસ્થિત થયેલ છે. સબબ આ દાવો મુદતમાં છે. પક્ષકારો તથા દાવાવાળી મિલ્કત આપ નામ.કોર્ટની હકુમતમાં આવેલ હોય તેથી તેમજ અન્ય સર્વે રીતે આ દાવો સાંભળવા આપ નામ.કોર્ટને હકુમત છે.

પારા-૭ માં જણાવેલ વાદગ્રસ્ત જમીનની કિંમત હાલમાં આશરે રૂા. ૨૫,૦૦,૦૦૦/- ની જયારે પારા-૮ માં જણાવેલ જમીનની કિંમત હાલમાં રૂા.૫,૦૦,૦૦૦/- જેટલી આમ બન્ને જમીનનો આ દાવાનો આંક રૂા. ૩૦,૦૦,૦૦૦/- નો બાંધી તેના ઉપર કોર્ટ ફી સ્ટેમ્પ રૂા.૪૦,૯૫૦/-તેમજ બાકીની ખેડવાણ જમીનનો આંક રૂા.૧૦,૦૦,૦૦૦/- નો ગણી આકાર મજબ રૂા.૪૦/- તથા તેના ઉપર પ્રોસેસ ફી રૂા.૪૫/- મળી કુલ ૪૧,૦૩૫/- નો સ્ટેમ્પ લગાવેલ છે.

**સબબ આ દાવો લઈ દાદ માગવાની કે,** (૧) આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ છે. (૨)દાવા અરજી પારા-૨ માં જણાવેલ સરવે નં.૩૬૯ પૈકીની એ.૯-૧૦ ગુંઠામાંથી અમો વાદીઓનો કાયદેસરનો હિસ્સો જુદો પડાવી તેનો કબજો ભોગવટો અપાવવા અરજ છે. વૈકલ્પીક રીતે જો કોઈ ટેકનીકલ કારણસર તેમ કરવું શક્ય ન બને તો તેનું વેચાણ કરાવરાવી અમારા હિસ્સાની રકમ અમોને અપાવવા અરજ છે. (૩) તેમજ આ કામના પ્રતિવાદી નં.૩ અને ૫ નાએ પ્રતિવાદી નં.૬ નાને દાવા અરજી પારા-૭ માં જણાવેલ ચતુરદિશા વાળી જમીન વેચાણ દસ્તાવેજ અનુ.નં.૫૨૯૩ તા.૨૩-૯-૦૪ ના રોજ કરી આપેલ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનો, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો અને રદબાતલ હોવાથી તે અમો વાદીને બંધનકર્તા નથી તેવુંઠરાવી આપી તે અંગેનો

હુકમનામાને સબ–રજી. કચેરીમાં રજીસ્ટર કરાવી આપવા તેમજ અસલ દસ્તાવેજ પ્રતિવાદી નં.૬ ના પાસેથી પરત મંગાવી તેમાં સબ–રજી. ઓફિસમાં કેન્સલનો સિકકો લગાવવા હુકમ ફરમાવવા તેમજ (૪) આ કામના પ્રતિવાદી નં.૪ નાએ પ્રતિવાદી નં.૭ નાને દાવા અરજી પારા–૮ માં જણાવેલ ચતુરદિશા વાળી જમીન રજી.વે.દ.નં.૪૬૧૧ તા.૧૨–૬–૦૬ ના રોજ કરી આપેલ વેચાણ દસ્તાવેજનો કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો રદબાતલ હોવાથી તે અમો વાદીને બંધનકર્તા નથી તેવું ઠરાવી આપી તે અંગેનો હુકમનામાને સબ–રજી. કચેરીમાં રજીસ્ટર કરાવી આપવા તેમજ અસલ દસ્તાવેજ પ્રતિવાદી નં.૭ ના પાસેથી પરત મંગાવી તેમાં સબ–રજી. ઓફિસમાં કેન્સલનો સિકકો લગાવવા હુકમ ફરમાવવા (૫) તેમજ આ દાવાને લગતી જે જે દાદ અપાવવી યોગ્ય લાગે તે તે તમામ દાદ અમોને આ કામના પ્રતિવાદીઓ પાસેથી અપાવવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**(૨) પ્રતિવાદી નં.૧ થી ૫ નો આંક–૩૮ થી જવાબ થકી બચાવ :–**

(આંક–૧૦૭ ની અરજી તળે થયેલ હુકમ મુજબ પ્રતિ.નં.૧ તથા ૨ ના વારસો રેકર્ડ પર હોઈ તે ગુજરી ગયેલ હોય તેમની સામેનો દાવો એબેટ કરેલ છે.)

આ કામે પ્રતિવાદીઓને દાવાના સમન્સની બજવણી થતાં પ્રતિવાદીઓ તેમના વકીલશ્રી સાથે હાજર થયેલ છે તેમજ પ્રતિવાદીઓ તરફે આંક–૩૮ થી સદર દાવાનો લેખીત જવાબ રજુ કરેલ છે. પ્રતિવાદીઓ તરફે રજુ દાવા જવાબ રેકર્ડનો જ ભાગ હોઈ જવાબની તમામ હકીકતો અક્ષરસ: અત્રે નોંધવી જરૂરી જણાતું નથી, પરંતુ તેમના જવાબની મહત્વની હકીકતો અત્રે નીચે મુજબની વિગતે નોંધવામાં આવેલ છે અને ધ્યાને લેવામાં આવેલ છે. પ્રતિવાદીઓએ તેમના દાવા જવાબમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ તેમના જવાબમાં કબુલ કર્યા સિવાયની

મોટા ભાગની વાદીના દાવાની હકીકતોને તેમણે નકારી કાઢેલ છે. વાદીની દાવા અરજી પારા ૧ થી ૨ ની હકીકત ખરી છે. વાદીની દાવા અરજી પારા ૩ માં જણાવેલ હકીકત જેવી કે વડીલોપાર્જીત મિલ્કતમાં પ્રતિ.નં.૧ અને ૨ ના ભાયુભાગ પાડવા અંગે કશુ કહેતા કે બોલતા ન હતા તે હકીકતનો ઈન્કાર કરેલ છે. વાદીની દાવા અરજી પારા ૪ ની હકીકત જેવી કે આજથી સાત આઠ મહીના પહેલા આ કામના વાદીએ પ્રતિ.નં.૧ સમક્ષ વાદગ્રસ્ત મિલ્કતમાં ભાગ મેળવવા અંગે જુદો હકક હીસ્સો કાઢી આપવા વાત કરેલ ત્યારે પ્રતિ.નં.૩ અને ૪ ના હસવા લાગેલ અને તેઓએ જણાવેલ કે અમોએ ભાગ પાડી દીધા છે. અને તમો બંને બહેનોને કશુ આપવાનુ થતુ નથી તેવો જવાબ આપેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

ખરી હકીકત એમ છે કે અમો પ્રતીવાદી નં. ૧ ના પિતાશ્રી કાળુભા જાડેજા ની વડીલો પાર્જીત જમીનો આવેલ તે વડીલો પાર્જીત જમીન માંથી ભાયુભાગ પડતા ૨૧/૧૦/૧૯૬૩ ના રોજ ગામ નમુના નં. ૬ મા થયેલી નોંધ નં.૩૭૩ મુજબ પ્રતીવાદી નં.૧ ના ખાતે મોરબી તાલુકાના ગામ બેલા ગામે સર્વે નં. ૩૬૯,૮૯, ૧૦૧, ૧૦૬ વાળી કુલ જમીન એ. ૧૩– ૨૫ ગુંઠા ની આવેલ અને પ્રતીવાદી નં.૧ ના ભાઈ પ્રવીણસીહ કાળુભા ના ભાગે જે જમીન આવેલી તે ગામ નમુના નં.૬ એન્ટ્રી નં.૨૨૦૩ મા પાડવામા આવેલી છે. આમ ઉપરોકત જમીન એ ૧૩– ૨૫ ગુંઠા ની માલીકી તથા કબજો ભોગવટો અમો પ્રતીવાદી નં. ૧ ના નો છે.

આ કામના પ્રતીવાદી નં. ૫ ના શકિતસીહ અમરસંગ જે પ્રતીવાદી નં. ૧ અને ૨ ના દીકરા થાય છે. તેમને સુરત મા શકિત ટેકસ ટાઈલ્સ ના નામની ફેકટરી ઉભી કરેલ હતી અને તે માટે લોન વીગેરે ની કાર્યવાહી કરવાની હોય અને જામીન વગેરે ની પણ સગવડ કરવાની હોય આથી પ્રતીવાદી નં. ૧થી ૫ ના એ અંદરો અંદર મૌખીક

સમજુતી કરી અમારી વડીલો પાર્જીત મીલકત ના ભાગ પાડી રેવન્યુ રેકર્ડ મા તે બાબત ની એન્ટ્રી ગામ નમુના નં. ૬ નોંધ નં. ૨૮૧૫ તા. ૪/૮/૧૯૯૫ થી કરાવેલ અને લોન મેળવવાની અને આર્થીક સંકળામણ અંગે ની વાત વાદી ને જણાવેલ નહી કે તેમણે જો આ બાબત ની જાણ તેમના સાસરા પક્ષ ને થાય તો અમારુ પ્રતીવાદી નુ ખરાબ લાગે તેમજ વાદી પક્ષે પણ કૌટુંબીક કજીયા કંકાસ થાય તેમ હોય તે હકીકત વાદી થી છુપાવેલ હતી.

બાદ મા લોન મેળવવાની કાર્યવાહી મા ખુબજ વીલંબ થયેલ અને આખરે ગુજરાત સ્ટેટ ફાઈનાન્સ કોર્પોરેશન પાસેથી શકિત ટેકસ ટાઈલ્સ ના ધંધા માટે આ કામના પ્રતીવાદી નં. ૫ ના એ ધીરાણ મેળવેલ હતુ જે રકમ પ્રતિવાદી નં. ૫ ના ભરપાઈ કરી શકે તેમ ન હતા કારણ કે મેસર્સ શક્તિ ટેકસ ટાઈલ્સ અમો પ્રતીવાદી ની ધારણા મુજબ નફો કરતુ ન હતુ પરીણામે કોર્પોરેશન એ એકમ માટે પ્રતીવાદી નં.૫ ના સાથે નોટીસ વ્યવહાર પણ કરેલા અને ૨૦૦૩ – ૨૦૦૪ ની સાલ મા અમારે ખુબ જ પૈસા ની જરૂર પડેલ આથી અમો પ્રતીવાદી નં. ૧ થી ૫ ના એ એક સાથે બેસી વીચાર વીમર્સે કરી આ કામના પ્રતીવાદી નં.૬ ના જનકબા ના પતિ મદારસીહ જાડેજા અને તેમના દીકરા રાજેન્દ્રસીહ કે જે અમારા કૌટુંબીક સગા પણ થતા હોય અને તે લોકો ૨ થી ૫ ટકા વ્યાજે લઈ પૈસા ધીરધાર નુ કામ કરતા હોય તેથી અમો પ્રતીવાદી નં.૧ થી ૫ ના એ તેમનો સંપર્ક કરેલ.

પ્રતીવાદી નં.૩ અને ૫ ના પ્રતીવાદી નં. ૬ ના પતિ અને તેમના પુત્ર ને મળેલ હતા તે વખતે તેમની પાસે થી કટકે કટકે આશરે રૂ. પાંચ લાખ બે ટકા વ્યાજે અમો એ પૈસા લીધેલ હતા જેમા પ્રતીવાદી નં. ૬ ના પતિ અને પુત્ર વીગેરે પાસેથી પ્રથમ હપ્તો રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરા નો કીશોરસીહ દેવીસીહ ઝાલા, કીશોરસીહ ભુપેન્દ્રસીહ જાડેજા, અનિરૂધ્ધસીહ પ્રવીણસીહ જાડેજા, દીગ્વીજયસીહ ધનશ્યામસીંહ જાડેજા વીગેરે ની હાજરી મા રૂ.૧,૦૦,૦૦૦/– નો

હસ્તોર૦/૯/૨૦૦૪ ના રોજ આપેલ અને તે વખતે પ્રતીવાદી નં. ૬ ના પણ હાજર હતા અને પ્રતીવાદી નં. ૬ ના પતિ મદારસીહ જાડેજા અને તેમના પુત્ર રાજેન્દ્રસીહ મદારસીંહ જાડેજા ઉપરોકત સાક્ષીઓની હાજરી મા એવુ જણાવેલ કે અમો પ્રતીવાદી નં.૩ ની જમીન સર્વે નં. ૩૬૯/૦૪ ની એ. ૩–૩ ગુંઠા ની તેમજ પ્રતીવાદી નં. ૫ ની જમીન સર્વે નં.૩૬૯ પૈકી ૧ એ૩–૦૪ ગુંઠા મળી કુલ એ.૬–૦૭ ગુઠા ની જમીન કે જે તે સમયે તે જમીન ની કીંમત આશરે પચાસેક લાખ ની ગણાય તે જમીન નો દસ્તાવેજ આ કામના પ્રતીવાદી નં.૬ ના –નામનો કરાવી લઈએઅને તે વખતે અમો પ્રતીવાદી નં. ૧ થી ૫ ની હાજરી મા અને ઉપર જણાવ્યા મુજબ સાક્ષીઓની હાજરી મા તેમણે એવી ખાતરી ને વીશ્વાસ આપેલ કે હુ તમો ને જે ધીરાણ આપુ છુ છુ તેની સલામતી માટે અમારા નામજોગ દસ્તાવેજ કરાવી લઉં છું. અને હું જેને જેને પૈસા નુ ધીરાણ આપુ છુ તે તમામ ના દસ્તાવેજ આ રીતે કરાવેલ છે. પરંતુ તમો મારા કૌટુંબીક સગા થતા હોય મે આપેલ કુલ ધીરાણ વ્યાજ સહીત અમો ને પરત મળી જાય ત્યારબાદ ૨૦૧૦ ની સાલ મા ફરીથી ઉપરોકત વેચાણ દસ્તાવેજ રદ કરી તમારા નામજોગ દસ્તાવેજ મારે કરાવી આપવો છે. તેમ પ્રતીવાદી નં. ૬ ના તેમજ તેના પતિ અને પુત્ર એ જણાવેલ .આતી અમો પ્રતીવાદી નં. ૩ અને ૫ એ પ્રતીવાદી નં. ૬ ની તરફેણ મા રજી.વે.દ. નં. ૫૨૯૩ તા. ૨૩/૯/૦૪ નો કરાવી આપેલ.

આમ પ્રતીવાદી નં.૬ ના અને તેમના પતિ અને પુત્ર પર વીશ્વાસ રાખી અમો પ્રતીવાદી નં.૩ અને ૫ ના એ પ્રતીવાદી નં ૬ ના નામજોગ નો ઉપરોકત વડીલો પાર્જીત મીલકત કે જે આ કામના વાદી ને અંધારા મા રાખી કાયદેસર નો ભાગ આપ્યા વગર અમારે ધીરાણ જોઈતુ હોય તે મેળવવા માટે મૌખીક સમજુતી થી ભાગ પાડી અમારા નામે ગામ નમુના મા વહેચણી રેવન્યુ રેકર્ડ મા કરાવી લીધેલ તે જમીન નો દસ્તાવેજ પ્રતીવાદી નં.૬ ના નામજોગ કરી આપેલ અને ત્યારબાદ સમય જતા પ્રતીવાદી નં.૬ ની તમામ લેણી રકમ બે ટકા ના વ્યાજ સાથે ઉપર જણાવેલ સાહેદો

ની હાજરી મા અમો એ એટલે કે પ્રતીવાદી નં. ૩ અને ૫ ના એ પ્રતીવાદી નં. ૬ ના ને તેમના પતિ અને પુત્ર ની હાજરી મા આપેલ અને તે લોકો ને જણાવેલ કે નકકી થયેલ મૌખીક શરત મુજબ ઉપરોકત રજી.વે.દ.નં.૫૨૯૩ નો કેન્સલ કરી ફરીથી અમારા નામજોગ દસ્તાવેજ કરી આપો તેવુ તેમને જણાવતા તે લોકો એ થોડા દિવસ પછી વિચારી જવાબ આપીશું તેમ જણાવેલ ત્યારબાદ પ્રતીવાદી નં. ૬ ના કે તેમના પતિ કે પુત્ર કોઈએ જવાબ ન આપવા તા.૫/૩/૧૦ પ્રતીવાદી ના ઘરે મીટીંગ કરેલી તે વખતે પણ પ્રતીવાદી નં. ૬ ના એ કે તેમના પતિ પુત્ર એ કોઈ વ્યાજબી રસ્તો કાઢવાનુ વચન આપેલ નહી અને આથી અમો પ્રતીવાદી નં. ૩ અને ૫ ના એ આ કામના પ્રતીવાદી/નં. ૬ ના ને તથા રાજેન્દ્રસીહ ને તા.૧૩/૭/૧૦ ના રોજ નોટીસ આપેલી આથી ઉપરોકત હકીકત ની જાણ જો આ કામના વાદીના સાસરા મા થાય તો અમારે શરમ મા મુકાઈ જવુ પડે તેથી તેમને કરેલ નહી આમ આ કામના પ્રતીવાદી નં. ૬ ના સામે કાયદેસર ની કાર્યવાહી કરવાનો અમારો હકક અમો કાયમ રાખીએ છીએ.

<u>**આમ વાદી ની દાવા અરજી મા તેમણે જણાવેલ હકીકતો સંપુણ સત્ય છે.**</u>

પરંતુ અમો એ ઉભુ કરેલ યુનીટ ખોટ મા ચાલતુ હોય અને ધીરાણ મેળવવા માટે અમારે વાદી નો કાયદેસર નો ભાગ હોવા છતા તેમને સાચી હકીકતો થી વાકેફ ન કરી કાગળ ઉપર પ્રતીવાદી નં.૧ થી ૫ ના વડીલો પાર્જીત મીલકત મા ભાગ પાડી દીધેલ અને પ્રતીવાદી નં. ૪ ના એ પણ ઉપરોકત વડીલો પાર્જીત મીલકત ખેડવાણ જમીન એ. ૩–૦૩ ગુંઠા સર્વે નં.૩૬૯/૦૫ પૈકીની પ્રતીવાદી નં. ૭ ના ને વેચાણ દસ્તાવેજ નં.૪૬૧૧ તા.૧૨/૬/૦૬ ના દીવાર થી પ્રતીવાદી ને અંધારા મા રાખી કરાવી લીધેલ તે દસ્તાવેજ પણ ધીરાણ મેળવવાના હેતુ થી જ કરાવવામા આવેલ હતો અને પ્રતીવાદી નં. ૭ ના એ તે દસ્તાવેજ રદ કરવા માટે અમો ને મૌખીક વચન પણ આપેલ.

આમ અમો પ્રતીવાદી નં.૧ થી ૫ ના અને વાદી બધા નો વડીલો પાર્જીત મીલકત મા સમાન હકક અને હીત અને હીસ્સો છે. આજ દીન સુધી વડીલો પાર્જીત મીલકત મા કોઈ ભાગ પાડેલ નથી કે સંયુક્ત અવિભકત કુટુંબ ના અમો બધા સભ્યો છીએ. અને વાદગ્રસ્ત જમીન ની ઉપજ નીપજમા પણ આ કામના વાદીઓ નો કાયદેસર નો હકક હીસ્સો છે. અને મીલકત ની કોઈ વહેચણી કાયદેસર રીતે કરવામા આવેલ નથી. **આમ ઉપર ના તમામ કારણોસર વાદી એ તેની દાવા અરજી મા માંગેલ અને હંગામી મનાઈ હુકમ મા માંગેલી દાદ મુજબ હુકમનામુ કરવામા આવે તો વાંધો કે તકરાર નથી પરંતુ અમારી સંમતી છે.**

**(૨.૧) પ્રતિવાદી નં.૬ નો આંક–૨૯ થી જવાબ થકી બચાવ :–**

આ કામે પ્રતિવાદીઓને દાવાના સમન્સની બજવણી થતાં પ્રતિવાદીઓ તેમના વકીલશ્રી સાથે હાજર થયેલ છે તેમજ પ્રતિવાદીઓ તરફે આંક–૨૯ થી સદર દાવાનો લેખીત જવાબ રજુ કરેલ છે. પ્રતિવાદીઓ તરફે રજુ દાવા જવાબ રેકર્ડનો જ ભાગ હોઈ જવાબની તમામ હકીકતો અક્ષરસ: અત્રે નોંધવી જરૂરી જણાતું નથી, પરંતુ તેમના જવાબની મહત્વની હકીકતો અત્રે નીચે મુજબની વિગતે નોંધવામાં આવેલ છે અને ઘ્યાને લેવામાં આવેલ છે.

પ્રતિવાદીઓએ તેમના દાવા જવાબમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ તેમના જવાબમાં કબુલ કર્યા સિવાયની મોટા ભાગની વાદીના દાવાની હકીકતોને તેમણે નકારી કાઢેલ છે. આ કામના બન્ને વાદીઓ પ્રતિ.નં.૧–૨ ની પુત્રીઓ હોવાનુ અને પ્રતિ.નં.૩ થી ૫ બહેનો હોવાનું ખરુ છે. પરંતુ તે બન્ને બહેનોના લગ્ન કેટલા વર્ષ પહેલા થયા તેની અમોને માહીતી નહી હોય તે

અંગે ઈન્કાર કરેલ છે. પરંતુ લગ્ન બાદ તેઓ બન્ને બહેનો સાસરે રહેતી હોવાનુ ખરુ છે. અને તેથી પ્રતિ.નં.૧,૨ ના કુટુંબના કે નં.૩–૪–૫ ના કુટુંબના સભ્ય રહેલ નથી તેમજ તેઓ બંન્ને પોત પોતના પતિના કુટુંબના સભ્યો તેમના લગ્ન થી થયેલ છે આ કામના વાદીઓના પિતાશ્રી વંશ વારસાગત રીતે ખેતી નો ધંધો કરતા હોવાનું ખરૂ છે. તેમજ પતિવાદી નં. ૧ ના ખાતે પ્રમોલગેશન ની એન્ટ્રી થયાનુ પણ ખરૂ છે તે અંગેની નોંધ નં. ૩૭૩ પાડવામાં આવેલ હોવાનું પણ ખરૂ છે તેમજ બાદમાં ભાયોભાગની વહેંચણમાં તેમાંથી તેમણે રજુ કરેલા માર્ક ૩/૨ માં બતાવેલ એન્ટ્રી નં. ૨૨૦૩ થયાનું પણ ખરૂ છે. અને પ્રતિવાદી નં. ૧ ના ભાઈ પ્રવિણસિંહ ને ભાયોભાગ ની વહેંચણમાં તેનો ભાગ આપી દીપેલ હોવાનું પણ ખરૂ છે અમોએ વાદીઓના દાદા કાળુભા બાપુની હૈયાતીમાં તેમના પિતાશ્રી વહીવટ સંભાળતા હોવાનું અને તે કારણે અમરસંગ ના નામની એન્ટ્રી પડયાની અમોને જાણ નથી કે અમોને કબુલ નથી અને પ્રતિવાદી નં. ૧ ના હિસ્સે દાવા અરજી પેરા ૨ માં જણાવેલી જમીન તેમના હિસ્સે આવેલ હોવાનું પણ ખરૂ છે એટલુ જ નહી અમરસંગના હિસ્સાની વાદીએ રજુ કરેલા ગામ નમુના નં. ૮ – અ મુજબ સર્વે નં. ૨/૯ તેમજ ૯૬/૫ ની પણ જમીન છે અમો પ્રતિવાદી નં. ૬ એ વાદીની કહેવાતી કોઈ વડીલોપાર્જીત જમીન ખરીદ કરેલ હોવાનુ ખરૂ નથી.

દાવા અરજી પેરા ૨ માં વડીલો પાર્જીત જમીન હોવાનું વાદીઓ જણાવે છે તે દાવા તારીખે વડીલોપાર્જીત રહેલ હોવાનું ખરૂ નથી તે જમીનની વેહચણ વાદીએ તેમના દાવા સાથે રજુ કરેલ માર્ક ૩/૩ મુજબ તા. ૪/૮/૯૫ ના અરસામાં પ્રતિવાદી નં. ૧ એ અને તેમના ત્રણેય દિકરાઓ એટલે કે પ્રતિવાદી નં. ૩–૪–૫ વચ્ચે તેમજ તેમની ઓરત વચ્ચે એટલે કે પ્રતિવાદી નં. ૨ વચ્ચે વહેંચણ થઈ ગયેલ છે અને તેની એન્ટ્રી નં. ૨૮૧૫ પડેલ છે અને તે ૧૮/૯/૯૫ ના રોજ મંજુર પણ થઈ ગયેલ છે એટલે કે ત્યારથી તે જમીન પ્રતિવાદી નં. ૧ ના અમરસંગ કાળુભાના

સંયુક્ત હિન્દુ અવિભકત કુટુંબની રહેલ નથી, તેઓએ મિલ્કતની વહેંચણ કરી લેતા ત્યારથી તેમનુ સંયુક્ત કુટુંબ પણ રહેલ નથી અને વહેંચણ કરતા પ્રતિવાદી નં. ૩ – ૪ – ૫ ના હિસ્સે તેમની વડીલો પાર્જીત ખેડવાણ જમીન ગયેલ તેમના હિસ્સે આવી તેમના તે સ્વતંત્ર માલીક અને કબજેદાર થઈ ગયેલ છે. અને તેમને તેમની મિલ્કતનો ગમે તે પ્રકારનો વહેવાર કરવા પુરતો હકક અને અધિકાર છે અને ત્યારથી તેનું સંયુક્ત હિન્દુ, અવિભક્ત કુટુંબ મટી જતાં પાંચેય પ્રતિવાદીઓ વચ્ચે કોઈ વડીલો પાર્જીત જમીન રહેલ નથી કે એક બીજાના હિસ્સે આવેલી મિલ્કતમાં અન્ય કોઈ હિસ્સેદાર નો લાગ ભાગ રહેલ નથી અને પ્રતિવાદી નં. ૩ અને ૫ એ અમો પ્રતિવાદી નં. ૬ સાથે જમીન વેચાણનો જે વહેવાર કરેલ છે તે પણ ૨૦૦૫ ની સાલ પહેલાનો છે વળી પ્રતિવાદી નં. ૧ થી ૫ ના વચ્ચે જે વહેંચણ થઈ તે સમયે આ કામના કોઈ વાદી પ્રતિવાદી નં. ૧ ના સંયુક્ત હિન્દુ અવિભક્ત કુટુંબના સભ્ય હતા નહી બલ્કે ત્યાર પહેલા ઘણા વરસોથી તે કુટુંબના સભ્ય મરી ગયેલ એટલુ જ નહી તેમનો આ દાવાવાળી મિલ્કત માં કે કુટુંબની અન્ય કોઈ મિલ્કતમાં તેમનો હકક હિત હીસ્સો રહેલ નહી કે રહેતો નથી અને વડીલો પાર્જીત મિલ્કત હોય તો પણ દિકરી તરીકે તેમનો કોઈ હકક હીત રહેલ નથી કે થતો નથી તેઓ જે તે વખતે સંયુક્ત હિન્દુ અવિભકત કુટુંબના સભ્ય ન હતા કે કોપાર્સનર ન હતા તેમનો કુટુંબની મિલ્કતમાં કોઈ હકક હીત કે હીસ્સો હતો નહી તેમના લગ્ન થઈ જતાં તે વખત થી રહેલ પણ નથી અને હાલે દાવાવાળી જમીન વડીલો પાર્જીત નથી કહેવાતી જમીનમાં વાદીઓનો સાતમો હીસ્સો કે કાંઈ હિસ્સો હોવાનું ખરૂ નથી. વળી ઘરમેળે ભાયુભાગ પાડવા કે સાટવા કે અન્ય કોઈ તબદીલ વહેવારો કરવા પ્રતિવાદી નં. ૧ થી ૫ ના ને અધિકાર ન હોવાનું, તેવા વહેવાર કરવા કોઈ વાદીની સંમતી કે પરવાનગી લેવાની જરૂરીયાત હોવાનું કે આવા વહેવાર કરવા પ્રતિવાદી નં. ૧ થી ૫ ના ને કે તેમાંથી કોઈ પ્રતિવાદીને હકક કે અધિકાર ન હોવાનું વાદીઓનું જણાવવું ખરૂ નથી એટલે આ

અંગેની દાવાઅરજી પેરા ૨ ની કે દાવા માંહેની તે અંગેનાજે કોઈ વિધાનો વાદીઓએ કરેલા છે તે કોઈ ખરા નથી અને અમોને કબુલ નથી.

હકીકતે આ દાવો પ્રતિવાદી નં. ૧ થી ૫ ના એ આ કામના વાદીઓની સાંઠગાંઠ માં મિલાપીપણામાં બદ આશયે કરાવેલ છે તે સ્પષ્ટ છે આ કામના કોઈ પ્રતિવાદી આટલા વરસે તે રદ કરવા માંગણી કરવા સક્ષમ નથી એમ પુરૂ સમજી ને આ કામના વાદીઓ મારફત હાલનો દાવો કરાવવામાં આવેલ છે અને દાવા અરજીમાં દેખાવ એવો કરવામાં આવેલ છે કે પ્રતિવાદી નં. ૧ થી ૫ ના એ વાદીઓને છેતર્યા હોય આ કામના વાદીઓએ વખતો વખત કે કોઈ વખત તેમનો કહેવાતો હકક, હીસ્સો જુદો પાડી આપવા અને કબજો – સોંપવા કોઈ પણ પ્રતિવાદીઓ પાસે માંગણી કર્યા નું ખરૂ નથી અને તેઓ દાવા અરજી પેરા ૨ માં જણાવે છે તેવો પ્રતિવાદી નં. ૧ – ૨ એ જવાબ આપ્યાનું પણ ખરૂ નથી બલ્કે દાવો કરવા માટે ઉપજાવી ને ગોઠવી કાઢેલુ છે એવુ કોઈ પ્રતિવાદીએ કબુલ કર્યાનું પણ નરી બનાવટ છે તેઓએ તેના મા–બાપ ના કથન ઉપર વિશ્વાસ રાખ્યાનું પણ ગલત છે અને સંસ્કૃતી ના નામ ઉપર સંસ્કૃતીની દુહાઈ લેવામાં આવી છે.

દાવા અરજી પેરા ૪ ના કોઈ મજકુરા ખરા નથી અને તે કબુલ ન હોવાનુ જણાવેલ છે તેમની બનાવટી કહેવાતી વાતને સાચકનું મહોરૂ પહેરાવવા દાવા અરજી પેરા ૪ ની હકીકત પણ ઘડી કાઢવામાં આવેલ છે હકીકતે આ કામના વાદીઓ તેમના પિતા અને ભાઇઓ વચ્ચે વહેંચણ થયાનું અને તેમણે દાવાવાળી જમીનો વેચાણ કર્યાનું પ્રથમથી જાણે છે અને આ દાવો કરવા માટે અજ્ઞાનતા દર્શાવે છે.

વાદીઓની સાથે રહીને આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૫ ના એ તેમને આ માહીતી અને નકલો પુરી પાડેલ છે વાદીઓને કોઈ માહીતી ન મળ્યાનું તેમને ગામ નમુના નં. ૭–૧૨, ૮ – અ તેમજ ગામ નમુના નં. ૬ ની માહીતી ન હોવાનું કુટુંબના આંબાનો તેમને ખ્યાલ ન હોવાને તેમજ પ્રતિવાદીઓ પાસેથી વિગત મેળવવા પ્રયત્ન

કર્યાનું અને પ્રતિવાદીઓએ તે માહીતી ન આપ્યાનું અને તેમ કરી સમય પસાર કર્યાનું કે વાદીઓની કોઈ મર્યાદા કે અપૂર્તજ્ઞાન ના કારણે વેચાણ દસ્તાવેજ ની નકલો મેળવી ન શક્યાનું અને તે નકલો મેળવ્યા બાદ અમો પ્રતિવાદી નં. ૬ ને અનુક્રમ નંબર ૫૨૯૩ તા. ૨૪/૯/૦૪ થી સર્વે નંબર ૩૬૯ પૈકી ની જે જમીન પ્રતિવાદી નં. ૩ અને ૫ વેચાણ કરેલ છે તે જમીન અંગેની તેમને જાણ થયાનું વાદીઓનું જણાવવુ ખરૂ નથી અગાઉ જણાવ્યા મુજબ તે વડીલો પાર્જીત હોવાનું ખરૂ નથી તેમાં વાદીઓનો કોઈ હકક–હીત– હીસ્સો હોવાનું ખરૂ નથી. તેમજ તે વેચાણ કરવા વાદીઓની સંમતી કે પરવાનગી ની જરૂર નથી કે તેવા કોઈ કારણે પ્રતિવાદીએ કરેલા વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ હોવાનું કે તે કારણે તે રદ થવાને પાત્ર હોવાનું જણાવવુ ખરૂ નથી કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ વેચાણ દસ્તાવેજ કઈ રીતે થયો કહેવાય તે અંગે વાદીઓએ તેની દાવા અરજીમાં કોઈ પ્રકાશ પાડેલ નથી કે વિધાન કરેલ નથી વાદીઓએ તેમનો હીસ્સો જુદો કરવા માટે પ્રતિવાદી નં. ૧ પાસે મૌખીક રીતે માંગણી કર્યાનું વાદીઓનું જણાવવું ખરૂ નથી અને તે ઉપજાવી કાઢેલ છે. આ કામના પ્રતિવાદી નં. ૩ અને ૫ એ તેમની વડીલો પાર્જીત જમીન અમોને વેચાણ આપ્યાનું ખરૂ નથી પરંતુ તેમની વડીલો પાર્જીત જમીન વહેંચણીમાં તેમના હીસ્સે જે જમીન આવી તે જમીન અમોને વેચાણ આપેલ છે અને તે અમોને વેચાણ આપેલ જમીનમાં સર્વે નં. ૩૬૯/૧ પૈકી એકર ૩ – ૦૪ ગુઠા તેમજ સર્વે નં. ૩૬૯/૪ એકર ૩ – ૦૩ ગુઠા અનુક્રમ નંબર ૫૨૩૯ થી તા ૨૩/૯/૦૪ ના રોજ વેચાણ આપ્યાનું ખરૂ છે તેનો દસ્તાવેજ થયાનું પણ ખરૂ છે અને ત્યાર થી તે જમીનના અમો માલીક અને કબજેદાર થયેલ છીએ અને રેવન્યુ માં પણ તે જમીન કાયદેસરની કાર્યવાહી બાદ અમો પ્રતિવાદી નં. ૬ ના ખાતે પણ થઈ ગયેલ અને તે જમીન અમોએ વેચાણ લીધી ત્યારથી ખેડી વાવીએ છીએ અને ઉપજ લઈએ છીએ અને તેમાં કોઈ તરફથી આજ સુધી હરકત કે અડચણ

નથી કે તે જમીનનો અમારા સિવાય અન્ય કોઈનો કબજો ભોગવટો નથી પ્રતિવાદી નં. ૩ અને ૫ ને તે વેચાણ આપવાનો અધિકાર નહી હોવાનું વાદીનુ જણાવવું ખરૂ નથી અગાઉ કહયા મુજબ આ જમીન ૧૯૯૫ થી વડીલો પાર્જીત મરી ગયેલ છે. અને જે પ્રતિવાદી નં. ૧ થી ૫ ના માંહેથી જે જેના ભાગમાં જેના હીસ્સે તે જમીન આવી તેના તે એકલા માલીક અને કબજેદાર થયેલ છે અને તે હેસીયત થી પ્રતિવાદી નં. ૩ અને ૫ એ અમોને અમારા દાવાવાળી જમીનનું વેચાણ કરેલ છે તે દસ્તાવેજ કે વહેવાર બીન અમલી હોવાનું પણ ખરૂ નથી કે વાદીઓને બંધનકર્તા ન હોવાનું પણ ખરૂ નથી.

એ મહત્વનું છે કે આ કામના વાદીઓએ આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૫ ના સાથે મળી આ દાવો લાવેલ છે હકીકતે હાલે બેલા ગામે સીરેમીક ઈન્ડસ્ટ્રીઝ ઓ થવા લાગતા અને જમીનોના ભાવ એક સાથે એકદમ વધી જતાં અને ટુંક સમયમાં લાખો રૂપીયાની કિંમત થઈ જતાં તે વેચાણ કરેલ જમીન કોઈપણ પ્રકારે પાછી મેળવી શકાય તો પાછી લઈ લેવાના આશયે આ કામના વાદીઓ મારફત આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૫ ના એ તેઓ સૌ એક કુટુંબના સભ્ય હોઈ કાયદાનો તેમજ નામ. કોર્ટના પ્રોસેસ નો દુરઉપયોગ કરવા ની આશયે હાલનો આ દાવો કરેલ છે.

વાદીઓને દાવાનું કોઈ કારણ ઉત્પન્ન થયાનુ ખરૂ નથી તે અંગે દાવા અરજી પેરા ૯ માં દાવાના કારણ બાબત તેમના હકક હીત બાબત તેમજ પ્રતિવાદીઓના હકક હીત બાબત અને થયેલ વહેવાર બાબત જે વિધાનો કરેલા છે તે કોઈ વિધાન ખરા નથી અને તે અમોને કબુલ નથી બલ્કે દાવાવાળી જમીન પરત્વે આ કામના વાદીઓનો કોઈ હકક હીત કે હિસ્સો છે નહી કે હતો નહી વળી તેઓ પ્રતિવાદી નં. ૧ ના સંયુક્ત હિન્દુ અવિભકત કુટુંબના સભ્ય પણ નથી વળી તે સંયુક્ત હિન્દુ અવિભક્ત કુટુંબ ૧૯૯૫ થી રહેલ નથી બલ્કે તેના સભ્યોએ ૧૯૯૫ માં મિલ્કત ની વહેંચણ કરી લીધેલ છે એટલે હાલે પણ આ કામના વાદીઓને તેમાં કોઈ હકક હીત

હિસ્સો ઉભો થાય તેવી પરિસ્થિતી કે સંજોગો નથી બલ્કે આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૫ નાએ ખોટી લાલચ માં આવી વાદીએ જે તેમની દિકરીઓ થાય છે તેને હાથો બનાવી હાલનો દાવો કરેલ છે.

વાદીઓને હાલનો દાવો લાવવા કોઈ કારણ મળતુ નથી, કોઈ ઉપસ્થિત થતુ નથી વાદીઓનો આ દાવો હિન્દુ લો અંગેની કાયદાકીય જે પરિસ્થિતી છે તેમજ સેટલ પોઝીશન ઓફ લો છે તેની અવગણના કરી તેને નજર અંદાઝ કરી બલ્કે કાયદાથી અને તેવા પ્રીન્સીપલ થી વિરૂધ્ધ અને વિકૃત રજુઆત કરી વાદીઓએ હાલનો દાવો કરેલ હોઈ વાદીઓનો હાલનો દાવો પ્રથમ દર્શને રદ થવાને પાત્ર છે વાદીના દાવાને સી. પી. સી. ઓ.૭ રૂલ ૧૧ નો દેખીતી રીતે બાધ નડે છે અને તે સંજોગોમાં વાદીનો દાવો આગળ ચલાવવાનો રહેતો નથી બલ્કે ખર્ચ અને સ્પે. કોસ્ટ સાથે પ્રથમ દર્શને રદ થવાને પાત્ર છે. વાદીના હાલના પ્રકારનો દાવો ચાલી શકતો નથી અને તે રદ થવાને પાત્ર છે. વાદીનો દાવો મુદતની અંદર હોવાનું ખરૂ નથી બલ્કે મુદત બહાર છે અને વાદીનો વાદીનો દાવો મુદત બહાર નો હોય તે સાંભળવા તેથી નામ. કોર્ટ ને હકુમત નથી. તેથી પણ તેમનો દાવો રદ થવાને પાત્ર છે. વાદીના દાવામાં પક્ષકારની ખામી છે તેથી પણ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. વાદી જે પ્રકારનો દાવો લાવે છે તે જોતો તેમણે કહેવાતા સંયુક્ત હિન્દુ અવિભકત કુટુંબની સઘળી મિલ્કત આવરી લીધેલ ન હોય વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

વાદીનો દાવાવાળી મિલ્કતમાં કોઈ હકક હીત કે હીસ્સો અમારા વચ્ચે વહેવાર થયો ત્યારે પણ હતો નહી કે હાલે પણ નથી. દાવાવાળી સમોને વેચાણ કરેલ મિલ્કતમાં વાદીનો કોઈ હકક હીત હિસ્સો નથી કે તે અંગે તે કાંઈ દાદ મેળવવા હકદાર નથી એ સંજોગો માં વાદીનો દાવો ટેનેબલ નહી હોય તેની હાલની અરજી રદ થવાને પાત્ર છે. વાદીનો દાવાવાળી મિલ્કતમાં કોઈ હકક હીત જ અમારી સાથેના વહેવાર વખતે નૈ હોય તેમજ હાલે પણ ન હોય તેથી તેવી મિલ્કત પરત્વે અમે કોઈ

વહેવાર કરીએ તો તેના કહેવાતા હકક હીત ઉપર કોઈ તરાપ પડવાનો કે તેને નુકશાન થવાનો પ્રશ્ન ઉભો થતો નથી તેને અમારી સામે કોઈ દાદ માંગવા કારણ હકક કે અધિકાર નથી તેને કહેવાતો કોઈ કાનુની અધિકાર નથી ત્યાં તે હડપ થઈ જવાની શક્યતા નો કોઈ પ્રશ્ન નથી તેમજ મલ્ટી પ્લીસીટી ઓફ સુટ થાય તેવા કોઈ સંજોગો નથી ન્યાયનો હેતું માર્યો જાય તેવી પરિસ્થિતી નિર્માણ થવાને કોઈ શકયતા નથી બલ્કે વાદીના લાભમાં આવો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ માર્યો જાય તેમ છે. તેમજ એબ્યુસ ઓફ પ્રોસેસ થાય તેમ છે અગવડ – સગવડ નું ધોરણ વાદીના લાભમાં હોવાનું ખરૂ નથી વળી આવા હુકમથી ઉભય પક્ષ નું હિત જળવાય રહે તેવા સંજોગ હોવાનું ખરૂ નથી, બલ્કે આવા હુકમ થી અમારા મિલ્કત પરત્વેના અમારા હકક હીત ઉપર અને અધિકાર ઉપર ગંભીર તરાપ પડે અને અમાને નાણાથી ભરપાઈ ન થાય તેવું નુકશાન થાય તે અરજીમાં માંગવામાં આવેલ કોઈ દાદ વાદી મેળવવા હકકદાર નથી મનાઈહુકમ ની અરજીના કોઈ મજકુરો ખરા નથી બલ્કે સમગ્ર દાવાને અને તેના પરીણામ સ્વરૂપ હાલની અરજી ને સી. પી. સી. ઓ. ૭ રૂલ ૧૧ નો સ્પષ્ટ રીતે બાધ નડે છે હિન્દુ લો સ્થાપીત સિધ્ધાંત વિરૂધ્ધનો હાલનો વાદીઓનો આ દાવો છે એટલે તે હકીકતે વાદીની કામ ચલાઉ મનાઈહુકમ ની અરજી ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે. ઉપરોકત તમામ હકીકતે વાદીનો દાવો તથા મનાઈહુકમ ની અરજી ખર્ચ સહીત રદ કરવા અને અમોને કેસ ની હકીકત અને સંજોગો ધ્યાનમાં લઈ સ્પે. હેવી કોસ્ટ અપાવવા નમ્ર અરજ છે.

**(૨.૨) પ્રતિવાદી નં.૭ નો આંક–૩૨ થી જવાબ થકી બચાવ :–**

આ કામે પ્રતિવાદીઓને દાવાના સમન્સની બજવણી થતાં પ્રતિવાદીઓ તેમના વકીલશ્રી સાથે હાજર થયેલ છે તેમજ પ્રતિવાદીઓ તરફે આંક–૩૨ થી સદર દાવાનો લેખીત જવાબ રજુ કરેલ છે. પ્રતિવાદીઓ તરફે રજુ દાવા

જવાબ રેકર્ડનો જ ભાગ હોઈ જવાબની તમામ હકીકતો અક્ષરસ: અત્રે નોંધવી જરૂરી જણાતું નથી, પરંતુ તેમના જવાબની મહત્વની હકીકતો અત્રે નીચે મુજબની વિગતે નોંધવામાં આવેલ છે અને ધ્યાને લેવામાં આવેલ છે. પ્રતિવાદીઓએ તેમના દાવા જવાબમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ તેમના જવાબમાં કબુલ કર્યા સિવાયની મોટા ભાગની વાદીના દાવાની હકીકતોને તેમણે નકારી કાઢેલ છે. વાદીઓએ તેમની દાવા અરજીમાં પ્રતિ.નં.૭ વિરૂધ્ધ લખેલી કોઇ હકીકતો ખરી નથી. તે તમામનો પ્રતિ.નં.૭ ના ઈન્કાર કરે છે. દાવા અરજી પારા ૧ માં વાદીઓએ લખેલી હકીકતો જેવી કે આ કામના પ્રતિ.નં.૧-૨ વાદીઓના માતા-પિતા થતા હોવાની હકીકતની પ્રતિ.નં.૭ ની કોઇ જાત માહીતી નથી, તેમજ પ્રતિવાદીઓ નં.૩,૪,૫ વાદીઓના ભાઇઓ થતા હોવાની પણ અમારી કોઇ જાત માહીતી નથી. તેથી આ તમામ હકીકતોનો પ્રતિવાદી નં.૭ નાએ ઈન્કાર કરેલ છે. દાવા અરજી પારા ૨ માની હકીકતો જેવી કે વાદીઓના પિતાશ્રી એટલે કે પ્રતિવાદી નં. ૧ ના વંશ વારસાગત રીતે ખેતીનો ધંધો કરતા હોવાનુ કે માપણી રજીસ્ટર અનુસાર જમીનના ખાતા આસામીવાર દાખલ કરવાના થતા તા.૨૧-૧૦-૬૩ ના ગામ નમુના ના ૬ મા નોંધ નં.૩૭૩ પાડવામાં આવી હોવાનુ કે તે મુજબ પ્રતિવાદી નં.૧ ના ખાતામાં મોરબી તાલુકા ના બેલા ગામ રેવન્યુ સર્વે નં.૩૬૯-૮૯-૧૦૧-૧૦૬ વાળી ખેડવાણ જમીનો આ કામના વાદીઓના દાદા કાળુભા બાપુ ધરાવતા હોવાની કે તેમની ઉમર  થતા વાદીઓના પિતાશ્રી અને આ કામના પ્રતિવાદી નં.૧ ના ઘરનો કાર ભાર સંભાળતા હોવાથી ગામ નમુના નં.૬ મા એન્ટ્રી તેમના નામે કરવામા આવી હોવાનુ કે દાવાવાળી ખેતીની જમીન વડીલોપાજીત હોવાનુ કે તેમા પ્રવિણસિંહ કાળુભાનો હકક હિસ્સો હોવાનુ કે તેમા ઘરમેલી વહેચણી થયેલ હોવા હોવાનીકે તે મજુબ ગામ નમુના ના,૬ મા નોંધ કરાવવામાં આવી હોવાનુ કે આવી કોઈ નોધ મંજુર

થઈ હોવાની કે પ્રતિવાદી નં.૧ નાને ભાયોભાગ વહેંચણીમા પત્રક માં જણાવવામાં આવેલ ખેતીની જમીન મળી હોવાની કે આવી જમીનોમા વાદીઓનો કોઈ હકક હિસ્સો ભાગલાગ કે દર દાવો હોવાની કોઈ હકીકતની પ્રતિવાદી નં.૭ નાને જાત માહીતી ન હોય આ તમામ હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. મને આ તમામ હકીકતો વાદીઓએ સાબીત કરવી જોઈએ તેમ ઠરાવવા અરજ કરે છે. દાવા અરજીપારા ૫ માની હકીકતો જેવી કે, વાદીઓને કાયદેસરની કાર્યવાહી કરવા માટે જરૂરી દસ્તાવેજો તલાટી કમ મંત્રીશ્રી પાસેથી કુટુંબનો આંબો કે ખેતીની જમીનના કાગળો મેળવવા તે અંગેની રજુ કરેલ હકીકતોની પ્રતિવાદી ની જાત માહીતી ન હોય તેનો ઈન્કાર કરેલ છે. તેમજ તેમા જણાવેલ હકીકતોએ પ્રતિવાદી નં.૭ ની સામે વાદીઓને આદાવો લાવવા કોઈ કારણ ઉત્પન્ન થયાનુ વાદીઓનુ જણાવવુ ખરુ નથી અને તે આ કામના પ્રતિવાદી નં.૭ નાને કબુલ ન હોય તેનો ઈન્કાર કરેલ છે.

દાવા અરજી પારા ૬ માની હકીકતો ખરી નથી, તેમજ વાદીઓ જણાવેછે તે હકીકતો ખરી નથી તેથી તે કબુલ કરેલ નથી ખરી હકીકત એ છે કે આ કામના પ્રતિવાદી ના, ૧નાએ પોતાની હૈયાતીમાં આ કામના પ્રતિવાદી નં. ૨–૩–૪–૫ ના વહેચણી કરી મજમાવ મીલકત ખેતીની જમીનની નોધ નં. ૨૮૧૫ તા.૪–૮–૧૯૯૫ ના ગામનમુના ૬ મા દાખલ કરાવેલ અને આ નોધ નં. ૨૮૧૫ તા.૧૮–૯–૧૯૯૫ ના રોજ મંજુર કરવામા આવેલ છે. અને તે રીતે આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ પોતાની ખેતીની જમીન હૈયાતીમા જ વહેંચણ કરી કબજો સુપ્રત કરી આપેલ છે અને આ નોધ નં.૨૮૧૫ તા.૪–૮–૯૫ ની દાખલ કરેલ જે તે વખતે આ કામના વાદીઓને લે.રે.કલમ ૧૩૫ ડી.ની નોટીસ બજાવવામા આવી હતી જે તે વખતે વાદીઓએ કોઈ વાંધો કે તકરાર લીધી ન હોય આ નોંધ મંજુર કરવામા આવેલ છે તેમ પ્રતિવાદી નં.૧ ના જણાવતા હોય વાદીઓના આ દાવાને મુદતનો બાદ નડતો હોય કાયદેસર રદ કરવા અરજ કરેલ છે. દાવા અરજીપારા ૭ માની હકીકતો ખરી નથી,

વાદીઓ જણાવેલ ચતુ:દીશા ખરી નથી, તથા પારા ૮ મા જણાવેલ ચતુ:દીશા પણ ખરી નથી. તેથી તેનો ઇન્કાર કરેલ છે.વાદીઓનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૩) વાદીઓ તરફે પોતાના દાવાના સમર્થનમાં નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–:: મૌખીક પુરાવો ::–**

| નં. | વિગત | આંક. |
|---|---|---|
| ૧. | વાદી નં.૨ રક્ષાબા ભુપેન્દ્રસિંહ ઝાલાનું સરતપાસનું સોગંદનામુ | ૧૨૨ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | વેચાણ દસ્તાવેજ નં.૫૨૯૩ ની ખરી નકલ | ૧૭૪ |
| ૨ | ગામ નમુના નં.૬ નોંધ નં.૨૮૧૫ ની નકલ | ૧૭૫ |
| ૩. | વેચાણ દસ્તાવેજ નં.૪૬૧૧ ની ખરી નકલ | ૧૯૭ |
| ૪. | ગામ નમુના નં.૬ ની નોંધ નં.૩૭૩ ની ખરી નકલ | ૧૯૮ |
| ૫. | ગામ નમુના નં.૬ ની નોંધ નં.૨૨૦૩ ની ખરી નકલ | ૧૯૯ |
| ૬. | ગામ નમુના નં.૬ ની નોંધ નં.૨૮૧૫ ની ખરી નકલ | ૨૦૦ |
| ૭. | અમરસંગ કાળુભાના નામના ગામ નમુના નં.૭/૧૨ ની ખરી નકલ | ૨૦૧ |
| ૮. | અમરસંગ કાળુભાના નામના ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ | ૨૦૨ |
| ૯. | કનકસિંહ અમરસંગ નામના ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ | ૨૦૩ |
| ૧૦. | શકિતસિંહ અમરસંગ નામના ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ | ૨૦૪ |
| ૧૧. | નરેન્દ્રસિંહ અમરસંગના નામના ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ | ૨૦૫ |
| ૧૨ | અમરસંગ કાળુભાના કુટુંબના આંબાના પંચરોજકામની ખરી નકલ | ૨૦૬ |

(૪) પ્રતિવાદી નં.પ નાઓ તરફે પોતાના દાવાના જવાબના સમર્થનમાં નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–:: મૌખીક પુરાવો ::–**

| નં. | વિગત | આંક. |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી નં.પ કનકસિંહ અમરસંગ જાડેજાનું સરતપાસનું સોગંદનામુ | ૧૩૨ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | જીએસએફ ના પત્રની ઝેરોક્ષ | ૧૩૬ |
| ૨. | જીએસએફ ના પત્રની ઝેરોક્ષ | ૧૩૭ |
| ૩. | જીએસએફ ના પત્રની ઝેરોક્ષ | ૧૩૮ |
| ૪. | તા.૧/૦૯/૨૦૦૩ ની નોટીસનો જવાબની ઝેરોક્ષ | ૧૩૯ |
| ૫. | તા.૬/૦૯/૨૦૦૩ ની નોટીસનો જવાબની ઝેરોક્ષ | ૧૪૦ |
| ૬. | રૂા.૨૫,૦૦૦/– ભર્યાની પહોંચ | ૧૪૧ |
| ૭. | રૂા.૪૦,૦૦૦/– ભર્યાની પહોંચ | ૧૪૨ |
| ૮. | રૂા.૬,૦૦૦/– ભર્યાની પહોંચ | ૧૪૩ |
| ૯. | રૂા.૯,૦૦૦/– ભર્યાની પહોંચ | ૧૪૪ |
| ૧૦. | જીએસએફસીના એકાઉન્ટ પત્રની ઝેરોક્ષ | ૧૪૫ |
| ૧૧. | શકિત ટેક્ષટાઈલ દ્વારા જીએસએફસી ને રાહત આપવા માટે લખેલ પત્રની ઝેરોક્ષ | ૧૪૬ |
| ૧૨. | જીએસએફસી ની તા.૨૨/૦૩/૨૦૦૪ ની રૂા.૪૦,૦૦૦/–ની પહોંચ | ૧૪૭ |
| ૧૩. | જીએસએફસી ની તા.૧૮/૦૬/૨૦૦૫ ની રૂા.૧૦,૦૦૦/–ની પહોંચ | ૧૪૮ |
| ૧૪ | જીએસએફસી ની તા.૧૧/૦૬/૨૦૦૬ ની નોટીસની ઝેરોક્ષ | ૧૪૯ |
| ૧૫ | જીએસએફસી ની તા.૧૬/૦૮/૨૦૦૭ ની આખરી નોટીસ | ૧૫૦ |
| ૧૬ | જીએસએફસી ની તા.૧૯/૦૫/૨૦૦૮ ની નોટીસની ઝેરોક્ષ | ૧૫૧ |

| | | |
|---|---|---|
| ૧૭ | જીએસએફસી ની તા.૨૭/૧૧/૨૦૦૮ ની નોટીસની ઝેરોક્ષ | ૧૫૨ |
| ૧૮ | તા.૨૦/૦૨/૨૦૦૮ ની રૂા.૫૧,૦૦૦/– ની પહોંચની નકલ | ૧૫૩ |
| ૧૯ | તા.૨૦/૦૨/૨૦૦૮ ની રૂા.૧૦,૦૦૦/– ની પહોંચની નકલ | ૧૫૪ |
| ૨૦ | તા.૨૯/૦૩/૨૦૦૮ ની રૂા.૧,૧૧,૦૦૦/– ની પહોંચની નકલ | ૧૫૫ |
| ૨૧ | તા.૧૪/૦૬/૨૦૦૮ ની રૂા.૫૦,૦૦૦/– ની પહોંચની નકલ | ૧૫૬ |
| ૨૨ | તા.૦૨/૦૭/૨૦૦૮ ની રૂા.૧,૦૦,૦૦૦/– ની પહોંચની નકલ | ૧૫૭ |
| ૨૩ | તા.૧૬/૦૯/૨૦૦૮ ની રૂા.૧,૦૦,૦૦૦/– ની પહોંચની નકલ | ૧૫૮ |
| ૨૪ | તા.૦૨/૦૧/૨૦૦૯ ની રૂા.૫૦,૦૦૦/– ની પહોંચની નકલ | ૧૫૯ |
| ૨૫ | તા.૦૧/૦૯/૨૦૦૯ ની રૂા.૫૦,૦૦૦/– ની પહોંચની નકલ | ૧૬૦ |
| ૨૬ | પ્રતિ.નં.૫ નાઓ તરફે કલોઝીંગ પુરસીશ | ૧૬૧ |

**(૪.૧)** પ્રતિવાદી નં.૬ તરફે પોતાના દાવાના જવાબના સમર્થનમાં નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–:: મૌખીક પુરાવો ::–**

| નં. | વિગત | આંક. |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી નં.૬ ઓમદેવસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા નું સરતપાસનું સોગંદનામુ | ૧૬૫ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | સર્વે નં.૩૬૯ પૈકી ૧ ના ૭–૧૨ ની ખરી નકલ | ૧૬૬ |
| ૨. | સર્વે નં.૩૬૯ પૈકી ૪ ના ૭–૧૨ ની ખરી નકલ | ૧૬૭ |
| ૩. | ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ | ૧૬૮ |
| ૪. | ગામ નમુના નં.૬ ની ખરી નકલ | ૧૬૯ |
| ૫. | આ કામના પ્રતિ.નં.૩ તથા ૫ વકીલશ્રી પી.એચ.વાળા એ પ્રતિ. નં.૬ તથા તેના પુત્ર ને આપેલ નોટીસની ઝેરોક્ષ | ૧૭૦ |

| | | |
|---|---|---|
| ૬. | ઉપરોકત નોટીસનો જનકબા તથા રાજેન્દ્રસિંહે તેમના એડવોકેટ શ્રી વિકાસ શેઠ મારફત આપેલ જવાબની ઝેરોક્ષ | ૧૭૧ |
| ૭. | જીલ્લા પોલીસ અધિકારીને જનકબા ને કરેલ ફરીયાદની નકલ | ૧૭૨ |
| ૮. | પ્રતિ.નં.૬ જનકબા મદારસંગે અમોને આપેલ મુખત્યારનામુ અસલ | ૧૭૩ |
| ૯ | પ્રતિ.નં.૬ નાઓ તરફે કલોઝીંગ પુરસીશ | ૧૭૬ |

**(૪.૨)** પ્રતિવાદી નં.૭ તરફે પોતાના દાવાના જવાબના સમર્થનમાં નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–:: મૌખીક પુરાવો ::–**

| નં. | વિગત | આંક. |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી નં.૭ નરભેરામ ભાઈ ભુરાભાઈ વીરસોડીયા નું સરતપાસનું સોગંદનામુ | ૧૮૨ |
| ૨. | પ્રતિવાદી નં.૭ ના સાહેદ હરેશ ગોવીંદભાઈ(નાયબ મામલતદાર મોરબી ગ્રામ્ય) | ૨૦૯ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | બેલા ગામના ગામ નમુના નં. ૬ ની નોંધ નં. ૨૨૦૩ ની ટ્રુ કોપી | ૧૮૪ |
| ૨. | બેલા ગામના ગામ નમુના નં. ૬ ની વહેંચણી નોંધ નં. ૨૮૧૫ ની ટ્રુ કોપી | ૧૮૫ |
| ૩. | બેલા ગામના ખાતા નં. ૫૧૮ ના ગામ નમુના નં. ૮–અ નરેન્દ્ર સિંહ અમરસંગની ટ્રુ કોપી | ૧૮૬ |
| ૪. | બેલા ગામના ગામ નમુના નં. ૭/૧૨ નરેન્દ્રસિંહ અમરસંગની ટ્રુ કોપી | ૧૮૭ |
| ૫. | ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ એગ્રી એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લી. ના દાખલાની ટ્રુ કોપી | ૧૮૮ |
| ૬. | બેલા ગ્રમ પંચાયતના તા.૯–૬–૨૦૦૬ ના દાખલાની ટ્રુ કોપી | ૧૮૯ |
| ૭. | સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના તા.૯–૬–૨૦૦૬ ના દાખલાની ટ્રુ કોપી | ૧૯૦ |

| | | |
|---|---|---|
| ૮. | બેલા સેવા સહકારી મંડળી લી ના તા.૯–૬–૨૦૦૬ ના દાખલાની ટ્રુ કોપી | ૧૯૧ |
| ૯. | પ્રતિવાદી નં.૭ નાએ ખરીદ કરેલ જમીનના દસ્તાવેજની ટ્રુ કોપી | ૧૯૨ |
| ૧૦. | પ્રતિવાદી નં.૭ ના ખાતે વેચાણ રાખેલ જમીનની થયેલ ગામ નમુના નં.૬ ની નોંધ નં.૩૨૫૫ ની ખરી નકલ | ૧૯૩ |
| ૧૧. | પ્રતિવાદી નં.૭ ના ખાતે વેચાણ રાખેલ જમીનની થયેલ ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ | ૧૯૪ |
| ૧૨. | પ્રતિવાદી નં.૭ ના ખાતે વેચાણ રાખેલ જમીનની થયેલ ગામ નમુના નં.૭ ની ખરી નકલ | ૧૯૫ |
| ૧૩. | પ્રતિવાદી નં.૭ ના ખાતે વેચાણ રાખેલ જમીનની થયેલ ગામ નમુના નં.૧૨ ની ખરી નકલ | ૧૯૬ |
| ૧૪. | મામલતદાર કચેરીએ બેલા ગામના તલાટી કમ મંત્રીને લખેલ પત્ર તા.૯/૩/૨૦૨૬ | ૨૧૦ |
| ૧૫. | બેલા ગ્રામ પંચાયતે મામલતદારશ્રી ને નોંધ નં.૨૮૧૫ ના સાધનીક કાગળો નથી તે મતલબનો પત્ર | ૨૧૧ |
| ૧૬. | ગામ નમુના નં.૬ હકકપત્રક નકલ | ૨૧૨ |
| ૧૭ | પ્રતિ.નં.૭ નાઓ તરફે કલોઝીંગ પુરસીશ | ૨૧૩ |

**(૫)** વાદી તરફે વિ.વ.શ્રી લંબાણપૂર્વક દલીલ કરેલ છે. જેની મુખ્ય વિગત એવી છે કે, આ કામના પ્રતિવાદીઓને દાવાવાળી મિલ્કત વડીલોપાર્જીત અને વારસામાં મળેલી છે અને જેમાં વાદીનો ૧/૭ હીસ્સો સમાયેલો છે. તેમ છતા વાદીને આ હીસ્સો પ્રતિવાદીએ આપેલ નથી અને ખોટી રીતે વાદીની જાણ બહાર વાદીની સંમતી વગર વેચાણ દસ્તાવેજ પ્રતિ.નં.૭ ને કરી આપેલ છે. અને સદરહુ પ્રતિવાદી બોનાફાઈડ પર્ચેસર નથી તેઓએ મિલકત ખરીદતી વખતે જે જરૂરી ધ્યાન રાખવાનુ હતુ તે ધ્યાન રાખેલ નથી. તેમજ સને.૧૯૯૫ માં જે વહેંચણી થયેલી તે પણ વાદી બહેનોની જાણ બહાર અને છેતરપીંડીથી પ્રતિવાદીઓએ કરેલ હતી તેમજ હિન્દુ સકસેશન એકટ મુજબ વાદી વડીલોપાર્જીત મિલ્કતમાં પોતાનો ભાગ મેળવવા હકકદાર છે. જે મેળવવા માટે હાલનો આ દાવો વાદીએ કરેલ છે અને વાદીએ પોતાના પુરાવા થકી દાવો સાબીત કરેલ છે. તેઓ વધુમાં

દલીલ કરતા જણાવે છે કે પ્રતિ.નં.૬ અને ૭ નાઓએ મેળાપીપણુ (કોલ્યુઝન) કરેલ છે. અને ખોટી રીતે હાલના દાવાનો વિરોધ કરે છે. તેઓએ દાવાવાળી જમીન ખોટી રીતે વાદીની પરવાનગી વગર વેચાણ કરેલ છે જે જે કાયદા મુજબ નલ એન્ડ વોઈડ છે. પ્રતિ.નં.૬ નાઓએ જે પાવર ઓફ એટર્ની થકી પુરાવો આપેલ છે તે પુરાવો ધ્યાને લઈ શકાય નહી. કારણ કે પ્રતિ.નં.૬ ઓમદેવસીંહ ને દાવાની કોઈ માહીતી નથી તેમજ આંક-૧૭૩ થી જે પાવર ઓફ એટર્ની આપી છે તે જોતા પાવર આપનાર જનકબા શારીરીક અને માનસીક રીતે સક્ષમ છે મોરબીના રહેવાસી છે તેમ છતા જાણી જોઈને વિટનેશ બોકસમાં આવી અને પુરાવો આપેલ નથી. જેથી પણ પ્રતિવાદીનો કોઈ બચાવ કાયદા મુજબ રહેતો નથી. તેમજ વાદીએ આંક-૨૧૪ થી લેખિત દલીલો રજુ કરેલ છે. તે ધ્યાને લેવા અરજ છે તેમજ તેની સાથે જે ઓથોરીટી રજુ કરી છે તે વાદીના દાવાને સમર્થન કરે છે.જેથી તેમાં પ્રસ્થાપિત કરેલ સીધ્ધાંતો અને લીગલ રેસીયો વાદીને મદદરૂપ બનતો હોય વાદીની તરફેણમાં માગ્યા મુજબનુ હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે. વિશેષ દલીલ નથી.

**(૫.૧)** પ્રતિવાદી નં.૧ થી ૫ ના તરફે વિ.વ.શ્રી લંબાણપૂર્વક દલીલ કરેલ છે. (લેખિત દલીલ આપેલ નથી.) જેની મુખ્ય વિગત એવી છે કે, પ્રતિ.નં.૧ અને ૨ ને ચાલુ દાવે ડીલીટ કરેલ છે. તેમજ વાદીનો દાવો હિન્દુ લો તેમજ હિન્દુ સકસેશન એકટ પ્રમાણે છે. અને ૨૦૦૫ માં જે સુધારો આવ્યો તે પહેલા પણ દીકરીઓને મિલ્કતમાં ભાગ મેળવવાનો હકક હતો જ. તેમજ વાદીએ જે લેખિત દલીલ કરેલ છે. તેઓને પ્રતિ.નં.૧ થી ૫ નાઓએ ટેકો આપેલ છે તેમજ પ્રતિ.નં.૧ થી ૫ નાએ તેઓના આંક-૩૮ ના દાવા જવાબમાં જણાવેલ છે કે વાદીનો દાવો મંજુર કરવો જોઈએ. તેમજ વાદીનો આંક-૧૨૨ નો પુરાવો જોતા પ્રતિ.નં.૧ થી ૫ તરફે જે ઉલટ કરેલ છે તેમાં આ પ્રતિવાદીની તમામ હકીકતોનો વાદી સ્વીકાર કરે છે. પ્રતિ.નં.૧ થી ૫ તરફે વાદીની જે ઉલટ લીધેલ છે જેમાં વાદીએ પ્રતિ.નં.૧ થી ૫ ની હકીકતો કબુલેલ છે. તેમજ પ્રતિ.નં.૫ કનકસિંહ અમરસંગ જાડેજા નાઓએ આંક-૧૩૨ થી પુરાવાનુ સોગંદનામુ આપેલ છે અને તેની ઉલટ તપાસ પ્રતિ.નં.૬, ૭ નાઓએ કરેલ છે. પરંતુ તેઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી પ્રતિ.નં.૫ તરફે આંક-૧૩૬ થી આંક-૧૬૦ સુધી જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે તેને પ્રતિ.નં.૬ થી ૭ નાઓએ

ચેલેન્જ કરેલ નથી જેથી આ દસ્તાવેજી પુરાવાને નહી માનવાને કોઈ કારણ નથી. તેમજ પ્રતિ.નં.૬ ઓમદેવસિંહ નાએ આંક–૧૬૫ થી જે પુરાવાનુ સોગંદનામુ આપેલ છે તે પાવર ઓફ એટર્ની ના આધારે આપેલ છે જેથી પણ આ પુરાવો ધ્યાને લઈ શકાય નહી કારણ કે પાવર ઓફ એટર્ની આપનાર જનકબા મદારસિંહ જાડેજા એ આંક–૧૭૩ થી જે કુલમુખત્યારનામુ આપેલ છે તે જોતા તેઓ શારીરીક અને માનસીક રીતે સ્વસ્થ છે તેમ છતા તેઓ કોર્ટમાં પુરાવો આપવા આવેલ નથી. જેથી આ દાવામાં પ્રતિ.નં.૬ ઓમદેવસિંહ ને વ્યકિતગત જાણકારી ન હોય તેઓનો પુરાવો ધ્યાને લઈ શકાય નહી. તેઓ વધુમાં દલીલ કરતા જણાવે છે કે આંક–૧૬૫ થી રજુ ઓમદેવસિંહનો પુરાવો જોતા સને.૧૯૯૫ માં તેમની ઉમર ૧૧ વર્ષની હતી. જેથી તેઓ તે વખતે સગીર વયના હોય તેઓને કોઈ જાત માહીતી નથી. તેઓ વધુમાં દલીલ કરતા જણાવે છે કે સદરહુ પ્રતિ. નં.૧ થી ૫ તરફે જે ઉલટ કેરલ છે તે જોતા પ્રતિ.નં.૧ થી ૫ નાએ જે આંક–૩૮ થી જવાબ રજુ કરેલ છે તે પ્રમાણેની ઉલટ છે. તેઓ વાદીના દાવાને સમર્થન કરેલ છે. જેથી આને નહી માનવાને કોઈ કારણ નથી.

તેઓ વધુમાં દલીલ કરતા જણાવે છે કે પ્રતિ.નં.૧ થી ૫ નાઓએ વાદી રક્ષાબા કે જેમણે આંક–૧૨૨ થી પોતાનો પુરાવો આપેલ છે તેની ઉલટ તપાસ કરેલ છે તેમાં વાદી પ્રતિ.નં.૧ થી ૫ ની જવાબની હકીકતો સ્વીકારેલ છે. તેઓ વધુમાં દલીલ કરતા જણાવે છે કે આંક–૧૮૨ થી નરભેરામ ભુરાભાઈનો પુરાવો આવેલ છે તેઓ દાવાવાળી જમીનના બોનાફાઈડ પર્ચેસર છે પરંતુ તેઓએ આ સબંધેની પ્લી લીધેલ નથી. જેથી પણ તેઓનો આ બચાવ માની શકાય નહી. પ્રતિ.નં.૬ અને ૭ નો પુરાવો જોવામાં આવે તો તે બન્નેનો પુરાવો કોલ્યુઝન છે. તેઓનો પુરાવો તથા તેઓએ રજુ કરેલ જવાબ પણ વિરોધાભાષી છે. જેથી પ્રતિ.નં.૬ અને ૭ નો દાવામાં કોલ્યુઝન હોય તેઓનો પુરાવો તેમના જવાબ પ્રમાણેનો ન હોય તેને ધ્યાન નહી લેવાને તેમજ 1958(0) AIJEL-AP 403782 Jayalakshmidevamma V/s Janardhan Reddy નો ચુકાદો ધ્યાને લઈ અને વાદીનો દાવો મંજુર કરવા અરજ કરેલ છે. વિશેષ દલીલ નથી.

પ્રતિ.નં.૬ નાએ લંબાણપૂર્વક દલીલ કરેલ છે. જેની મુખ્ય વિગત એવી છે કે,

પ્રતિ.નં.૧ થી ૫ તેમજ વાદી નાઓએ કોલ્યુઝનમાં (મેળાપીપણામા) ખોટી હકીકતો તથા સમય મર્યાદા બહારનો હાલનો આ દાવો લાવેલ છે. કાયદાનો એ પ્રસ્થાપિત સીધ્ધાંત છે કે વાદીએ પોતાના પુરાવા થકી પોતાનો દાવો સાબીત કરવો પડે. પ્રતિવાદીની નબળાઈનો લાભ વાદીને મળી શકે નહી. વાદી સને.૧૯૯૫ માં જે વહેંચણી થઈ ગયેલી તેનો દાવો સને.૨૦૧૧ માં એટલે કે આશરે ૧૬ વર્ષ પછી લાવેલ છે. આંક–૨૦૦ થી રજુ ગામ નમુના નં.૬ જોતા આ ૨૮૧૫ નંબરની એન્ટ્રી તા.૦૪/૦૮/૧૯૯૫ નારોજ પડેલ છે. અને રેવન્યુ કાયદા મુજબ હૈયાતીમાં જયારે મિલ્કતની વહેંચણી કરવામા આવે ત્યારે હૈયાત વ્યકિત જેણે મિલ્કત નથી જોઈતી તેણે પોતાનો હકક મિલ્કતમાંથી જતો કર્યાનું સોગંદનામુ કરવુ પડે. અને ત્યારબાદ જે વ્યકિતને મિલ્કત મળે તેમના નામ રેવન્યુ રેકર્ડમાં ચડે છે અને બધા પક્ષકારોને બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૩૫ ડી મુજબની નોટીસ બજાવવામાં આવે છે અને કોઈ પક્ષકાર જો વાંધો લે તો આ એન્ટ્રી પડતી નથી અને વાંધો ન આવે ત્યારપછી આ એન્ટ્રી ની નોંધ રેવન્યુ રેકર્ડે થાય છે હાલના દાવામાં પણ નોંધ નં.૨૮૧૫ પણ આ રીતે જ પડેલી છે જેથી પણ વાદીને સને.૧૯૯૫ થી આ હકીકતની જાણ હતી. અને વાદીના આંક–૧૨૨ ના પુરાવાની પ્રતિ.નં.૬ તરફેની ઉલટ તપાસ માં કબુલે છે કે તેમને સને.૧૯૯૫ માં જાણ હતી તેમજ ભાગ માંગેલો પરંતુ વાદીને ભાગ આપેલો નહી. સને.૨૦૦૪ માં ભાગ માંગેલો ત્યારે પણ તે ભાગ આપેલો નહી. આમ પણ લીમીટેશન એકટ મુજબ પણ દાવો ટકવાપાત્ર રહેતો નથી. તેઓ વધુમાં દલીલ કરતા જણાવે છે કે પ્રતિ.નં.૬ અને ૭ નું મેળાપીપણું છે તેના વાદી તથા પ્રતિ.નં.૫ ના માત્ર આક્ષેપો છે સાબીત કરી શકતા નથી. જેથી પ્રતિ.નં.૬ તરફે રજુ આંક–૨૧૫ ની લેખિત દલીલો સાથે ઓથોરીટીને ધ્યાને લઈ વાદી અને પ્રતિ.નં.૧ થી ૫ નાઓ વચ્ચે મેળાપીપણામાં કરેલ હોય વાદીનો દાવો રદ કરવા અરજ કરેલ છે

પ્રતિ.નં.૭ નાઓએ કોઈ લેખિત દલીલ આપેલ નથી. માત્ર મૌખિક દલીલ કરેલ છે. જેની મુખ્ય વિગત એવી છે કે, વાદી નં.૧, ૨ બહેનો છે. પ્રતિ.નં.૧, ૨ માતા–પિતા છે. પ્રતિ.નં.૩ થી ૫ ભાઈઓ છે. પ્રતિ.નં.૬,૭ જમીન ખરીદનાર છે. વાદીની આંક–૧ ની દાવા અરજી જોઈએ તો વાદીએ દાવાવાળી જમીનમાંથી વાદીએ પોતાનો ૧/૭ ભાગ માગેલ છે.

તથા વેચાણ દસ્તાવેજ નં.પર૯૩ તા.ર૪/૯/ર૦૦૪ તેમજ વે.દ.નં.૪૬૧૧ તા.૧ર/૦૬/ર૦૦૬ રદ કરવાની દાદ માગેલ છે. વાદીએ શરૂઆતમાં જયારે દાવો કર્યો ત્યારે સર્વે નં.૩૬૯ પૈકી સર્વે નં.૮૯ પૈકી સર્વે નં.૧૦૧ પૈકી વાળી જમીનમાંથી પોતાનો ૧/૭ હીસ્સો માગેલ હતો. ત્યારબાદ વાદીએ સી.પી.સી. ઓર્ડર ૬ રુલ ૧૭ મુજબ આંક–૯૮ થી અરજી આપેલ અને સર્વે નં.૩૬૯ પૈકી વાળી જમીનમાંથી ભાગ માગેલ અને બાકીની ર જમીનમાંથી પોતાનો ભાગ નથી જોઈતો તેવુ જણાવેલ. વાદીના આંક–૧રર ના પુરાવાના સોગંદનામા ની ઉલટ તપાસમાં પ્રતિ.નં.૭ તરફે આ સબંધે સ્પષ્ટ સવાલ પુછવામા આવેલ કે, આ ર સર્વે નંબરમાંથી તમારો ભાગ કેમ જતો કરો છો? તો વાદીએ કોઈ સચોટ જવાબ આપેલ નહી. જે વાદીનો માલાફાઈડ ઈન્ટેન્શનથી તેમજ પ્રતિ.નં.૧ થી પ નાઓ સાથે મેળાપીપણું (કોલ્યુઝન) સાથે ખોટી હકીકતો સાથે સમય મર્યાદા બહારનો હાલનો આ દાવો કરેલાનું એ રીતે માનવામાં આવે છે કે વાદીએ જે પ્લીડીંગ કરેલા છે તે પ્રમાણે પુરાવો આપેલ નથી અને જે પુરાવો આપેલ છે તે પ્રમાણે પ્લીડીંગ કરેલ નથી. જેથી પણ કાયદા મુજબ વાદી કોઈ દાદ મેળવવા માટે હકકદાર નથી. તેઓ વધુમાં દલીલ કરતા જણાવે છે કે વાદીનો આંક–૧રર નો પુરાવો પ્રતિ.૧ થી પ નાઓ તરફે જે ઉલટ કરેલ છે. વાદીએ એ તમામ હકીકતો સ્વીકારેલ છે અને દરેક વસ્તુમાં વાદીએ હા પાડેલ છે. આ સબંધે પ્રતિ.નં.૬ ના એડવોકેટે વાદીની ઉલટ કરતા પુછેલ છે કે,**''ગઈ મુદ્દતે વકીલ શ્રીવાળાએ જે જે સવાલો પુછ્યા તેમાં મને કહેવામાં આવેલ કે જે સવાલો પુછવામા આવે તેમાં હા પાડવાની છે.** આ કબુલાત સાથે પ્રતિ.નં.પ કનકસિંહ એ આંક–૧૩ર થી જે પુરાવો આપેલ છે તેની પ્રતિ.નં.૭ તરફે જે ઉલટ તપાસ થયેલ છે તે જોતા **''આંક–૩૮ વાળા જવાબમાં મેં વાચીને સહી કરેલી એ વાત ખરી છે કે આ જવાબમાં સાચી હકીકતો લખેલી એ વાત ખરી છે કે મેં વાદીના દાવા અરજી તથા હંગામી મનાઈ હુકમ મેળવવાની શુધ્ધ–બુધ્ધિના અભાવવાળી, ગેરકાયદેસરની તેમજ ખરી ન હોય રદ કરવા જણાવેલ. આ હકીકત મારા આંક–૩૮ વાળા પેરા – ૧ માં જણાવેલ છે. '' હું આજરોજ વાદીનો દાવો મંજુર કરવા માટે જુબાની આપવા આવેલો છુ.''**

વકીલશ્રી વધુમાં દલીલ કરતા જણાવે છે કે, પક્ષકારો વચ્ચે જયારે

કોલ્યુઝન(મેળાપીપણુ) હોય ત્યારે પક્ષકારોની વર્તણુક અને રેકર્ડ ઉપરના પુરાવા થકી પક્ષકારો વચ્ચે કોલ્યુઝન કે મેળાપીપણુ છે કે નહી તે પુરવાર થઈ શકે. હાલના દાવામાં વાદી તથા પ્રતિ.નં. ૫ નાઓનું મેળાપીપણુ છે તેવુ એ રીતે સાબીત થાય છે કે પ્રતિ.નં.૫ નાએ જે ઓથોરીટી રજુ કરી છે. તે હાઈપર લીગ કંપનીની છે અને લાયસન્સ એડવોકેટ પ્રદીપ વાળાનુ છે. અને વાદીએ આંક-૨૧૪ ની લેખિત દલીલ સાથે જે ઓથોરીટી રજુ કરેલ છે તે હાઈપર લીગ કંપની છે તેનુ લાયસન્સ એડવોકેટ પ્રદીપ વાળાનુ છે. તેમજ વાદીનો આંક-૧૨૨ નો પુરાવો તેમજ પ્રતિ.નં.૫ કનકસિંહ ના આંક-૧૩૨ ના પુરાવાની ઉલટ તપાસ જોઈએ તો સ્પષ્ટ સાબીત થાય છે કે તેમના વચ્ચે મેળાપીપણુ છે અને પ્રતિ.નં.૫ વાદીના દાવાને સમર્થન કરે છે. પ્રતિ.નં.૫ નાએ આંક-૩૮ થી જે જવાબ રજુ કરેલ છે તેમાં જે હકીકતો જણાવેલ છે તે તમામ હકીકતો વાદીએ આંક-૧૨૨ ના પોતાના પુરાવા એટલે કે પ્રતિ.નં.૫ ના વકીલે જે ઉલટ તપાસ કરેલી તેમાં કબુલેલ છે. તેઓ વધુમાં દલીલ કરતા જણાવે છે કે વાદી તથા પ્રતિ.નં.૫ ના એડવોકેટ એ દલીલમાં પ્રતિ.નં.૬ અને ૭ નું મેળાપીપણું (કોલ્યુઝન)નો આક્ષેપ કરેલ છે. પરંતુ તે કઈ રીતે છે તે પુરવાર કરેલ નથી.

તેઓ વધુમાં દલીલ કરતા જણાવે છે કે વાદીના દાવાને સમય મર્યાદાનો સ્પષ્ટ બાધ નડે છે એટલે કે લીમીટેશન એકટ મુજબ વાદીએ સમયમર્યાદામાં દાવો કરેલ નથી જેથી વાદી કોઈ દાદ મેળવવા માટે હકકદાર નથી. પ્રતિ.નં.૬ નાએ આંક-૩૬ થી સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧ કલમ ૧૫૧ મુજબની અરજી આપેલી અને તે અરજી નીચે જે તે વખતના જજ સાહેબે તા.૨૧/૧૧/૨૦૧૪ નારોજ જે હુકમ કરેલો તેમાં જે તેમને પેરા-૧૬ માં તારણ કાઢેલ તે ખુબ મહત્વનુ છે. એ તારણ જોતા તેઓએ એવુ ઠરાવેલ છે કે, સમય મર્યાદાનો મુદ્દો કાયદા અને હકીકત નો મુદ્દો છે અને તે બન્ને પક્ષકારના પુરાવા લઈ અને પછી નકકી થઈ શકે. કોર્ટે આંક-૧૧૪ થી મુદ્દો કાઢેલ છે જેમાં મુદ્દા નં.૫ શું વાદીનો દાવો સમય મર્યાદામાં છે? તે મુદ્દો છે અને તે સાબીત કરવાની જવાબદારી પ્રતિ.નં.૬, ૭ નાઓની છે. આ સબંધે જોઈએ તો વાદીના આંક-૧૨૨ ના પુરાવામાં પ્રતિ.નં.૬ ના વકીલે જે ઉલટ કરેલ છે તેમાં એવુ સ્પષ્ટ પુછેલ છે કે, સને.૧૯૯૫ ની સાલમાં વાદીના પિતાએ જે જમીન અલગ કરેલી. અને તેમના દીકરાને આપેલી અને તેઓના નામે પણ આ જમીન રેવન્યુ રેકર્ડમાં ચડી

ગયેલી અને તે વખતે એટલે કે સને.૧૯૯૫ માં વાદીએ જમીનમાંથી હીસ્સો મેળવવા માટે તેમના પિતા પાસે માગણી કરેલી તેવુ વાદી કબુલે છે તેવી જ રીતે વાદી એવુ પણ કબુલે છે કે, સને.૨૦૦૪ માં પ્રતિ.નં.૬ નાએ દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ કરેલ ત્યારે પણ વાદીએ તેમના પિતા પાસે જમીનનો હીસ્સો માગેલ હતો અને તે વખતે તેમના પિતાએ કહેલ કે તેમને જમીનમાંથી કાઈ આપવાનુ નથી. આમ વાદીને સને.૧૯૯૫ થી ૨૦૦૪ માં ખબર હતી તેમ છતા દાવો સને.૨૦૧૧ માં કરેલ છે. દલીલ ખાતર માની લઈએ કે વાદીના દાવાને લીમીટેશન એકટની કલમ ૧૦૯,૧૧૦ લાગુ પડે છે તો પણ સને.૧૯૯૫ થી બાર વર્ષ ગણીએ તો પણ સમય મર્યાદા બહારનો દાવો છે. તેમજ વેચાણ દસ્તાવેજ રદ કરવાની માગણી જે વાદીએ કરેલ છે તે લીમીટેશન એકટની કલમ ૫૮,૫૯ પ્રમાણે વાદીએ ત્રણ વર્ષમાં દાવો કરવો પડે એ પણ કરેલ નથી. કારણકે સને.૨૦૦૪ માં વેચાણ દસ્તાવેજ નં.૨૨૯૩ તા.૨૩/૯/૨૦૦૪ માં થયેલો તેની જાણ હતી તેમ છતા વાદીએ દાવો સને.૨૦૧૧ માં એટલે કે તેના ૧૬ વર્ષ પછી દાવો કરેલ છે. જેથી પણ લીમીટેશન એકટ મુજબ વાદી કોઈ દાદ મેળવવા હકકદાર નથી. તેઓ વધુમાં દલીલ કરતા જણાવે છે કે, સને.૧૯૯૫ માં અમરસીંગ કાળુભાઈએ પોતાની હૈયાતી દરમ્યાન મિલ્કતની વહેંચણી કરેલી અને તે મિલ્કતની ગામ નમુના નં.૬ માં નોંધ નં.૨૮૧૫ તરીકે પડેલી હતી અને તે નોંધ પ્રમાણીત પણ થઈ ગયેલી છે. વાદીએ આ નોંધ આજદીન સુધી ચેલેન્જ કરેલ નથી. તેઓ વધુમાં દલીલ કરતા જણાવે છે કે પ્રતિ.નં.૭ તરફે પોતાના પુરાવામાં આંક-૨૦૯ થી નાયબ મામલતદાર મોરબી હરેશ ગોવિંદભાઈ ચૌહાણનો પુરાવો આપેલ છે અને તેની સાથે આંક-૨૧૧ થી બેલા ગામની ગામ તલાટી મંત્રીનો દાખલો છે. જેમાં નોંધ નં.૨૮૧૫ નું રેકર્ડ કચેરીમાં મળી આવેલ નથી. તે મતલબનો બેલા ગ્રામ પંચાયતનો દાખલો છે. આંક-૨૧૨ થી ગામ નમુના નં.૬ હકકપત્રક જેમાં ૨૮૧૫ નંબરની નોંધ તા.૪/૮/૧૯૯૫ નારોજ પ્રમાણીત થઈ ગયેલ છે. એટલે કે અમરસંગ કાળુભાઈએ પોતાની હૈયાતીમાં સર્વે નં.૩૬૯ તથા ૧૦૧ વાળી જમીન (૧) કનકસીંગ (૨) નરેન્દ્રસીંહ (૩) શકિતસીંહ (૪) જ્ઞાનબા ને આપેલી. ત્યારે સ્વાભાવીક છે કે વાદીએ પોતાનો હકક જતો કર્યાનું કબુલાતનામુ રેવન્યુ ઓથોરીટીને આપવુ પડે. તેમજ લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૩૫ ડી ની નોટીસ વાદીને બજેલ હતી પછી જ આ નોંધ

તા.૧૮/૯/૧૯૯૫ નારોજ નાયબ મામલતદાર નાઓએ નોંધ પ્રમાણીત કરેલ હતી. વાદીની સંમતીથી થયેલ છે છતા વાદીએ સને.૧૯૯૫ માં કોઈ વાંધો લીધેલ નથી અને સને.૨૦૧૧ માં હાલનો દાવો ૧૬ વર્ષ પછી કરેલ છે.

તેઓ વધુમાં દલીલ કરતા જણાવે છે કે, પ્રતિ.નં.૭ નાઓ બોનાફાઈડ પર્ચેસર છે અને દાવાવાળી જમીન વ્યાજબી કાળજી લઈ પુરતો અવેજ આપી ખરીદેલ હતી. વાદીએ પ્રતિ.નં.૭ સામે કોઈ સ્પષ્ટ દાદ માગેલ નથી. પ્રતિ.નં.૭ નાએ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલી અને તેની રેવન્યુ રેકર્ડમાં નોંધ પડેલ છે. અને એ વેચાણ દસ્તાવેજની નકલ આંક–૧૯૨ થી રજુ છે. તેમજ પ્રતિ.નં.૭ ના પુરાવામા વાદીએ જે ઉલટ તપાસ કરેલી છે તેની વિરૂધ્ધની હકીકત રેકર્ડ પર આવેલ નથી. જેથી પણ આંક–૧૧૪ થી જે મુદૃા નીકળ્યા છે તેમાં મુદૃા નં.૧ થી ૩ વાદીએ સાબીત કરવાના હતા તે વાદી સાબીત કરી શકેલા નથી. મુદા નં.૪ વાદી અને પ્રતિ.નં.૫ નાએ મેળાપીપણું કરેલ છે. તે હકીકત પ્રતિ.નં.૬ નાએ પોતાના પુરાવા થકી સાબીત કરે છે તેમજ વાદીનો દાવો સમય મર્યાદાની બહારનો છે. મુદૃા નં.૫ તે પણ પ્રતિવાદી નં.૬, ૭ નાએ પોતાના પુરાવા થકી સાબીત કરે છે. આમ મુદા નં.૬ પણ પ્રતિ.નં.૭ સાબીત કરે છે જેથી હાલનો દાવો ખર્ચ સહીત નામંજુર કરવા અરજ કરેલ છે. વિશેષ દલીલ નથી.

હાલના દાવામાં નામ.હાઈકોર્ટ ના સ્પે.સીવીલ એપ્લી.નં.૩૯૧૮/૨૦૧૫ થી આ કામના પ્રતિવાદી જનકબા મદારસિંહ જાડેજા નાઓએ જે તે વખતે અપીલ કરેલ હતી અને તા.૧૦/૩/૨૦૧૫ ના હુકમ મુજબ નામ. હાઈકોર્ટે નીચે મુજબનો હુકમ કરેલ હતો. By Way ad-interim relief, further proceedings of Special Civil Suit No.17 of 2011 pending in the Court of the learned principal Senior Civil Judge, Morbi, are hereby stayed.

મારા અગાઉના વિદ્દવાન ન્યાયાધીશ સાહેબે તા.૧૩/૧૨/૨૦૨૨ નારોજ આંક–૧ નીચે એવો હુકમ કરેલો કે પ્રતિ.નં.૫ અને ૬ ને તા.૯/૧/૨૦૨૩ નારોજની નોટીસ કાઢવી.

ત્યારબાદ મારા અગાઉના વિદ્દવાન ન્યાયાધીશ સાહેબ તા.૨૧/૧/૨૦૨૩ નારોજ આંક–૧ નીચે હુકમ મુજબ કરેલો. **1.This Court by order dt. 13.12.2022, issued**

notice to defendant no. 6. Notices returned unserved. However, Ld.Advocate Mr.V.T.Shah for defendant no & 6 appear before the Court and he filed reply of exhibit-107's application.

2. Be it noted that by order dt.10.03.2015 in Special Civil Application No.3918 of 2015 Hon'ble Gujarat High Court was pleased to stay proceedings of this suit. Then-after on 09.02.2017 Hon'ble Gujarat High Court passed following order.

"Registry to do needful as per rules. Present petition stands disposed of for the purpose of this Court. Notice is discharged. Interim relief, if any, granted earlier, to continue till then"

3. Today this Court has gone through proceedings of the case. It appears that after 09.02.2017, no further speaking order as to extending interim-relief is passed. If such order is passed, same is not placed on the file of this Court. In such circumstances it will be fruitful to refer herein judgement of Hon'ble Supreme Court in case of Asian Resurfacing of Road Agency Vs.C.B.I. reported as 2020(4) Crimes 116, has held as under.

"Having heard Mr. Dilip Annasaheb Taur, learned counsel for the applicant and Mr. S.V. Raju, learned ASG for the respondent, we are constrained to point out that in our directions contained in the judgment delivered in Criminal Appeal Nos. 1375-1376 of 2013 [Asian Resurfacing of Road Agency Pvt. Ltd. & Anr. v. Central Bureau of Investigation] and, in particular, para 35, it is stated thus:

"35. In cases where stay is granted in future, the same Was end on expiry of six months from the date of such order unless similar extension is granted by a speaking order. The speaking order must show that the case was of such exceptional nature that continuing the stay was more important than having the trial finalized. The trial Court

where order of stay of civil or criminal proceedings is produced, may fix a date not beyond six months of the order of stay so that on expiry of period of stay, proceedings can commence unless order of extension of stay is produced."

2. Learned Additional Chief Judicial Magistrate, Pune, by his order dated 04.12.2019, has instead of following our judgment in letter as well as spirit, stated that the Complainant should move an application before the High Court to resume the trial. The Magistrate goes on to say: "The lower Court cannot pass any order which has been stayed by the Hon'ble High Court, Bombay with due respect of ratio of the judgment in Asian Resurfacing of Road Agency Pvt. Ltd. & Anr. (supra)." We must remind the Magistrates all over the country that in our pyramidical structure under the Constitution of India, the Supreme Court is at the Apex, and the High Courts, though not subordinate administratively, are certainly subordinate judicially. This kind of orders fly in the face of para 35 of our judgment. We expect that the Magistrates all over the country will follow our order in letter and spirit. Whatever stay has been granted by any court including the High Court automatically expires within a period of six months, and unless extension is granted for good reason, as per our judgment, within the next six months, the trial Court is, on the expiry of the first period of six months, to set a date for the trial and go ahead with the same."

4. Considering above observation Hon'ble Apex Court this Court deemed it fit to proceed with suit itself as suit is more than 10 years old and still pending for framing issues. Hence, following order is passed.

Order--Both parties and thier Ld.Advocates are hereby ordered to proceed with suit. Order signed and pronounced in open Court today.

ત્યારબાદ આંક–૧૨૯ થી વાદી– પ્રતિવાદીએ પુરસીશ આપી જણાવેલ છે કે હાલના દાવામાં નામ.હાઈકોર્ટનો કોઈ સ્ટે હોવાનુ જાણવા મળેલ નથી કે કોઈ સ્ટે નથી તેવુ જાહેર કરેલ છે. હાલનો દાવો ૧૫ વર્ષ ઉપરાંત જૂનો હોય તેમજ અત્રેની કોર્ટના જૂના દાવા (ટાર્ગેટેડ કેસો) માનો એક હોય તેમજ અત્રેની કોર્ટે પણ ઓનલાઈન ઘણી બધી વખત સ્પે.સીવીલ એપ્લી. નં.૩૯૧૮/૨૦૧૫ નો સ્ટેટસ રીપોર્ટ ઓનલાઈન કઢાવેલ છે. પરંતુ તેમાં કોઈ રીપોર્ટ આવતો નથી. અને માત્ર ને માત્ર તેમાં '**ડીટેઈલ નોટ ફાઉન્ડ**' આવે છે.

(૬) હાલનો આ દાવો ૧૫ વર્ષ જૂનો હોય પક્ષકારો સીનીયર સીટીઝન હોય તેમજ હાઈકોર્ટે ઓફ ગુજરાતના લેટર નં.ડી.૨૯૧૨–૧૩/૧૯૯૯ તા.૧૧/૧૦/૧૯૯૯ મુજબ સીનીયર સીટીઝન ના કેસો ને અગ્રતા આપી અને ઝડપથી ચલાવવાની જે સૂચના આપી છે તેનું પાલન કરતા આ દાવાને અત્રેની કોર્ટે અગ્રતા આપી હતી.

(૭) આ કામે ઉપરોકત રજુ થયેલ પ્લીડીંગ તથા દસ્તાવેજી પુરાવાઓને આધારે આંક–૧૧૪ થી નીચે મુજબના મુદ્દા મારા અગાઉના વિદ્દાન ન્યાયાધીશ સાહેબે ઘડેલ હતા.

<u>**:–મુદાઓ:–**</u>

1 Whether plaintiffs prove that the land bearing S. No. 369 Paiky ad-measuring Acre 9-10 Gunthas is ancestral land and each plaintiff has 1/7th share in the said land and the defendants have no right to transfer, sell or alienate the said land without the prior permission of the plaintiffs?

2 Whether the plaintiffs prove that sale deed no. 5293 dated 23-09-2004 executed by defendants no. 3 and 5 in favour of defendant no. 6 is illegal, against the principle of natural justice and is void and not binding to the plaintiffs?

3 Whether the plaintiffs prove that sale deed no. 4611 dated 12-06-2006 executed by defendants no. 4 in favour of defendant no. 7 is illegal, against the principle of natural justice and is void and not binding to

the plaintiffs ?

4 Whether the defendant no. 6 proves that the plaintiffs have filed the present suit in collusion with defendants no. 1 to 5?

5 Whether the defendant no. 6 and 7 prove that the suit of the plaintiff is time barred?

6 Whether the defendant no. 7 proves that the plaintiffs have not arisen any cause to file the present suit against the defendant no. 7?

7 What order and decree?

**(૭.૧)** મારા ઉપરોકત મુદાના જવાબો નીચે મુજબ આપવામાં આવેલા છે.

(૧) અંશત: હકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) હકારમાં

(૫) હકારમાં

(૬) હકારમાં

(૭) આખરી હુકમ મુજબ.

**–::<u>કારણો</u>::–**

**<u>મુદ્દા નં.૧ :–</u>** સદરહું મુદ્દો પણ વાદીએ સાબિત કરવાનો છે. વાદીએ હાલનો દાવો જયારે કર્યો ત્યારે સર્વે નં.૩૬૯ પૈકી તેમજ સર્વે નં.૮૯ પૈકી સર્વે નં.૧૦૧ પૈકી દાવાવાળી જમીનમાં પોતાનો ૧/૭ ભાગ મેળવવા માટે દાવો કરેલ હતો અને ત્યારબાદ વાદી તરફે આંક–૯૮ થી સી.પી.સી. ઓર્ડર ૬ રુલ ૧૭ મુજબની દાવામાં એમેડમેન્ટ કરવાની અરજી આપેલ હતી જે મારા અગાઉના ન્યાયાધીશ સાહેબે ગુણદોષ ઉપર મંજુર કરેલ હતી અને વાદીએ દાવા અરજીમાં જરૂરી સુધારો કરેલો અને વાદીએ દાવાવાળી જમીન ૩૬૯ પૈકી

વાળી જમીનમાં જ પોતાનો ૧/૭ ભાગ માગેલ છે. વાદીના આંક–૧૨૨ ના પુરાવાને જોતા અને તેની સાથે રજુ આંક–૧૯૮ થી ગામ નમુના નં.૬ નોંધ નં.૩૭૩ પ્રમાણે તા.૨૧/૧૦/૧૯૬૩ નારોજ અમરસીગ કાળુભા ના નામે જમીન આવેલ હતી. તેવી જ રીતે વાદીએ આંક–૧૯૯ થી ગામ નમુના નં.૬ હકકપત્રકની નકલ રજુ કરેલ છે જે જોતા તા.૨૦/૭/૧૯૭૮ નારોજ નોંધ નં.૨૨૦૩ પ્રમાણે અમરસીંગ કાળુભાના નામે ચાલતી કુલ જમીન ૨૭ એ.૧૦ ગુઠા જેમાથી અડધી જમીન પ્રવીણસીંહ કાળુભાના નામે હોય ઘર મેળે વહેંચણી મુજબ હાલની આ નોંધ પાડેલ છે. તેવી જ રીતે આંક–૨૦૦ થી રજુ ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૨૮૧૫ તા.૪/૮/૧૯૯૫ નારોજ મુજબ બેલા ગામની અમરસીંગ કાળુભાની પોતાની જમીન હૈયાતીમાં પોતાના પુત્રોને ઘરમેળે વહેંચણી કરેલી અને તેની નોંધ પડેલ છે. (૧) કનકસિંહ અમરસંગ ના ખાતે સર્વે નં.૩૬૯ પૈકી ૩–૦૩ (૨) શકિતસીંહ અમરસંગ સર્વે નં.૩૬૯ પૈકી ૩–૦૪ (૩)નરેન્દ્રસિંહ અમરસંગ ના ખાતે સર્વે નં.૩૬૯ પૈકી ૩–૦૩ (૪) જ્ઞાનબા અમરસંગ ના ખાતે સર્વે નં.૧૦૧ પૈકી ૨–૦૮ છેલ્લા કોલમમાં તપાસનાર અમલદારની સહી, શેરા માં એવુ લખેલ છે કે, નોટીસ આપેલ છે કબુલાત મુજબ મંજુર નાયબ મામલતદારની સહી તા.૧૮/૯/૧૯૯૫ વાદી તરફે આંક–૨૦૧ થી સર્વે નં.૮૧ પૈકી ૧ ની જમીનનો ૭/૧૨ ની નકલ તેમજ આંક–૨૦૨ થી ગામ નમુના નં.૮–અ ની નકલ તેમજ આંક–૨૦૩ થી ૨૦૫ સુધી ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ આંક–૨૦૬ થી ગુજ.અમરસીંગ કાળુભા ના કુટુંબના આંબાનુ પંચરોજકામ રજુ કરેલ છે જેમાં અમરસીંગ ના કુલ છ વારસો છે. આ કુટુંબના આંબા સામે પ્રતિવાદીનો કોઈ વાંધો કે તકરાર નથી. વાદી તરફે આંક–૧૭૪ થી વે.દ.નં.૫૨૯૩ તા.૪/૧૦/૨૦૦૪ તેમજ વે.દ.નં.૪૬૧૧ તા.૧૨/૬/૨૦૦૬ ની નકલ રજુ કરેલ છે.

વાદી તરફે પોતાના દાવાના સમર્થનમાં (૧) ૨૦૨૦(૦)એઆઈજેઈએલ–સુ.કો.પાના નં.૬૬૪૫૧ વિનીતા શર્મા વિરૂઘ્ધ રાકેશ શર્મા (૨)૨૦૧૩(૦)એઆઈજેઈએલ–સુ.કો.પાના નં.૫૪૪૧૪ રોહીત ચૌહાણ વિરૂઘ્ધ સુરેન્દ્રસિંહ (૩)૨૦૧૮(૦) એઆઈજેઈએલ–સુ.કો. પાના નં.૬૧૫૭૯ દાનામા ઉર્ફે સુમન સુરપુર વિરૂઘ્ધ અમર (૪) ૨૦૧૦(૦) એઆઈજેઈએલ–સુ.કો.પાના નં.૧૦૨૪૫૫૧ પુષ્પલથા વિરૂઘ્ધ વી. પદમા (૫) ૨૦૨૪(૦)

એ.આઈ.જે.એલ. મદ્રાસ પાના નં.૧૨૯૭૪૫૬ વસુમથી વિરૂધ્ધ આ. વસુદેવન (૬)૨૦૨૫(૦) એઆઈજેઈએલ–ગુજ.હાઈકોર્ટ પાના નં.૨૫૨૦૮૯ પટેલ ચંદ્રિકાબેન તે હરીભાઈ મકાભાઈ પટેલ ના દીકરી વિરૂધ્ધ પટેલ મંગુબેન હરીભાઈ. ઉપરોકત ચુકાદામાં નામ.હાઈકોર્ટ તેમજ નામ.સુપ્રિમકોર્ટે હીન્દુ સકસેશન એકટ કલમ ૬, ૮, ૧૯ અંગે ચર્ચા કરેલ છે અને આ કાયદા મુજબ વડીલોપાર્જીત મિલ્કતમાં દીકરીનો ભાગ હોય તે અંગે ચર્ચા કરેલ છે. ઉપરોકત કાયદામાં પ્રસ્થાપિત કરેલ પ્રિન્સીપાલ અને લીગલ રેસીયો સાથે અત્રેની કોર્ટ માનભેર સંમત થાય છે પરંતુ ઉપરોકત ચુકાદામાં જણાવેલ કેસની હકીકત તથા હાલના દાવાની હકીકત ભિન્ન–ભિન્ન છે. મુદા નં.૪ અને ૫ માં જે વિગતવાર ચર્ચા કરી તે પ્રમાણે વાદીનો દાવો મેળાપીપણાનો તેમજ સમય મર્યાદા બહારનો છે. જેથી પણ ઉપરોકત ચુકાદાઓ હાલના કેસને લાગુ પડતા નથી એવુ અમારુ નમ્રપણે માનવુ છે.

પ્રતિ.નં.૫ તરફે (૧) ૧૯૫૮(૦) એ.આઈ.જે.ઈ.એલ.–એ.પી.૪૦૩૭૮૨ જયલક્ષ્મીદેવામા વિરૂધ્ધ જનાર્ધન રેડી તથા (૨) ૨૦૨૨(૦)એ.આઈ.જે.ઈ.એલ.–એચ.સી.૨૪૪૨૨૬ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ લક્ષ્મણભાઈ ઉર્ફે લાખાભાઈ પ્રતાપભાઈ ઠાકોર આમ ઉપરોકત બન્ને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ પ્રિન્સીપાલ અને લીગલ રેસીયો સાથે અત્રેની કોર્ટ માનભેર સંમત થાય છે પરંતુ ઉપરોકત ચુકાદામાં જણાવેલ કેસની હકીકત તથા હાલના દાવાની હકીકત ભિન્ન–ભિન્ન છે. એટલે કે હાલના દાવામાં વાદીએ પ્રતિ. નં.૫ સાથે મેળાપીપણુ કરી અને હાલનો દાવો કરેલ છે તેમજ વાદીનો દાવો સમય મર્યાદા બહારનો છે. જેથી પણ ઉપરોકત ચુકાદાઓ હાલના કેસને લાગુ પડતા નથી એવુ અમારુ નમ્ર પણે માનવુ છે.

વાદી તરફે રજુ આંક–૨૦૦ કે જે ગામ નમુના નં.૬ હકકપત્રક છે. જેમાં નોંધ નં.૨૮૧૫ તા.૪/૮/૧૯૯૫ ની નોંધ છે જેમાં અમરસીંગ કાળુભા એ પોતાની હૈયાતીમાં પોતાના પુત્રોને જમીનની વહેંચણી કરેલી અને તેઓના નામે જમીન થઈ ગયેલ છે અને વાદીએ પોતાના આંક–૧૨૨ ના પુરાવા અને પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં સ્પષ્ટ કબુલેલ છે કે આ નોંધ નં.૨૮૧૫ તા.૪/૮/૧૯૯૫ વાદીના પિતાએ જે જમીનની વહેંચણી કરેલી તેની ખબર હતી અને તેઓએ તેમના પિતા પાસે જમીનમાં ભાગ પણ માગેલો અને વાદીએ હાલનો

દાવો સને.૨૦૧૧ માં એટલે કે આશરે ૧૬ વર્ષ પછી કરેલ છે. વધુમાં કોર્ટનું એવુ પણ માનવુ છે કે, કાયદાનો એ પ્રસ્થાપિત સીધ્ધાંત છે કે વાદીએ ચોખ્ખા હાથે સઘળી સાચી હકીકતો સાથે દાવો લઈને આવવુ પડે તો જ કોર્ટ વાદીને કાયદા મુજબની દાદ આપી શકાય વધુમાં કોર્ટનુ એવુ પણ માનવુ છે કે હિન્દુ સકસેશન એકટની કલમ ૬ પ્રમાણે દાવાવાળી જમીનમાં વાદીનો કાયદા મુજબ ભાગ છે તો સામાન્ય સંજોગોમાં એક સામાન્ય સમજ ધરાવતી વ્યકિત પોતાનો જે ભાગ છે તે વારસાઈ મિલ્કત કે જમીનમાંથી મેળવશે અથવા તેનો જે ભાગ હોય તે પ્રમાણેના બાકીના સહમાલીકો (પ્રતિવાદી) પાસેથી જમીનની બજાર કિંમત ગણી અને એ પ્રમાણે વાદીના ભાગે આવતો હિસ્સો રકમ વાદી મેળવી શકે છે. કારણકે વાદીને પોતાનો ભાગ મેળવવામાં રસ છે. હાલના દાવામાં આવુ કાંઈ બનેલ નથી વાદીએ દાવો કર્યો ત્યારે સર્વે નં.૩૬૯ પૈકી /૮૯ પૈકી/૧૦૧ પૈકી દાવાવાળી જમીનમાંથી પોતાનો ભાગ માગેલ હતો અને પછી ચાલુ દાવે વાદીએ આંક–૯૮ ની સી.પી.સી. ઓર્ડર ૬ રુલ ૧૭ ની દાવો એમેડમેન્ટ કરવાની અરજી આપેલ હતી જે મારા અગાઉના ન્યાયાધીશ સાહેબે ગુણદોષ ઉપર મંજુર કરેલ હતી અને વાદીએ માત્ર ૩૬૯ પૈકી વાળી જમીનમાંથી પોતાનો ૧/૭ ભાગ માગેલ છે તેમજ વેચાણ દસ્તાવેજ નં.૫૨૯૩ તા.૪/૧૦/૨૦૦૪ વેચાણ દસ્તાવેજ નં.૪૬૧૧ તા૧૨/૬/૨૦૦૬ રદ કરવાની પણ દાદ માગેલી છે. અને આ સબંધે પ્રતિ.નં.૭ નાઓએ વાદીને ઉલટ તપાસમાં સ્પષ્ટ સવાલ પુછેલ હતો પરંતુ વાદીએ કોઈ તાર્કીક કે સચોટ જવાબ આપેલ નથી. ત્યારે કોર્ટનુ એવુ માનવુ છે કે વાદીને પોતાના ૧/૭ ભાગની જમીન કે તેની થતી બજાર કિંમતમાં રસ હોવો જોઈએ. હાલ જમીનનો ભાવ ઘણા વધી ગયેલ છે છતા વાદી માત્ર ને માત્ર ૩૬૯ પૈકી વાળી જમીનમાં પોતાનો ૧/૭ ભાગ માગે તો તે વાદીનો માલાફાઈડ ઈન્ટેન્શન જાહેર કરે છે તેવુ ચોકકસ કહી શકાય. કારણકે આંક–૧૭૪ થી રજુ વેચાણ દસ્તાવેજ નં.૫૨૯૩ તા.૪/૧૦/૨૦૦૪ માં જમીન ખરીદનાર જનકબા મદારસીંગ જાડેજા છે અને જમીન વેચનાર (૧) શકિતસિંહ અમરસંગ જાડેજા (૨)કનકસીંહ અમરસંગ જાડેજા(પ્રતિ.નં.૫) પ્રતિ.નં.૬,૭ નો એવો સ્પષ્ટ આક્ષેપ છે કે, વાદીએ હાલનો દાવો પ્રતિ.નં.૫ કનકસિંહ અમરસંગ જાડેજા સાથે મેળાપીપણું (કોલ્યુઝન) માં કરેલ છે તેને સમર્થન મળે છે.

આંક–૧૭૦ થી રજુ પ્રદીપ.જે.વાળા પ્રતિ.નં.પ ના એડવોકેટે તા.૧૩/૭/૨૦૧૦ નારોજ દાવો કરતા પહેલા પ્રતિ.નં.૧ રાજેન્દ્રસીંહ અને પ્રનિત.નં.ર જનકબા ને આપેલ નોટીસ છે. વધુમાં રેકર્ડ જોતા એવી હકીકત સાબીત થાય છે કે પ્રતિ.નં.પ શકિતસીંહ અમરસંગ નાઓ એ વાદી સાથે મેળાપીપણુ કરેલ છે અને વાદીના દાવાને સમર્થન આપે છે ત્યારે એવુ કહી શકાય કે ખરેખર વાદીને દાવાવાળી જમીનમાંથી ભાગ જોઈતો નથી પરંતુ પ્રતિ.નં.પ શકિતસીંહ ને ભાગ જોઈએ છે અને તેણે વાદીને આગળ ધરીને પોતે કાયદા મુજબ દાવાવાળી જમીનમાંથી ભાગ માગી શકે તેમ ન હોય તેથી વાદી સાથે મેળાપીપણુ કરી વાદી દ્વારા હાલનો દાવો કરાવેલ છે તેવા પ્રતિ.નં.૬ અને ૭ ના આક્ષેપોને સમર્થન મળે છે. જેથી સર્વે નં.૩૬૯ પૈકી વાળી જમીન વડીલોપાર્જીત છે એટલા પુરતો આ મુદાનો જવાબ હકારમાં આપવામા આવે છે અને વાદીનો ૧/૭ ભાગ છે અને પ્રતિવાદીને વાદીની પરવાનગી વગર આ મિલ્કત વેચવાની સતા નથી તેનો જવાબ નકારમાં એ રીતે આપવામા આવે છે કે વાદીના પુરાવા મુજબ વાદીના પિતા અમરસંગ કાળુભા નાઓએ તા.૪/૮/૧૯૯૫ નારોજ સર્વે નં.૩૬૯ વાળી જમીન તેમજ બીજી જમીનો તેમની હૈયાતીમાં તેમના દિકરાને આપેલ હતી અને આ જમીન તેમના દીકરાના નામે રેવન્યુ રેકર્ડમાં ચડી ગયેલ છે. જેનો ફેરફાર નોંધ નં.૨૮૧૫ થી નોંધ પણ થઈ ગયેલ છે. જેથી પણ ઉપરોકત ચર્ચા અને કારણો થકી સદરહુ મુદ્દો વાદી અંશત: સાબીત કરી શકતા હોય સદરહુ મુદ્દાનો જવાબ અંશત: હકારમાં આપવામા આવે છે.

<u>**મુદ્દા નં.૨ :–**</u> સદરહું મુદ્દો વાદીએ સાબીત કરવાનો છે. વાદીએ આંક–૧૨૨ નો પુરાવો અને પ્રતિ.નં.૧ થી પ ના વકીલશ્રીએ જે ઉલટ કરેલ છે તેમાં વાદીએ તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે અને આમ વાદી પ્રતિવાદીએ જે આંક–૩૮ થી જે જવાબ આપેલો તેને પોતાની ઉલટ તપાસ થકી સમર્થન કરેલ છે. ત્યારબાદ વાદીની પ્રતિ.નં.૬ ના એડવોકેટ દ્વારા જે ઉલટ કરેલ છે તેમાં વાદી કબુલે છે કે, **''ગઈ મુદતે વકીલશ્રી વાળાએ જે સવાલો પુછયા તેમાં મને કહેવામા આવેલ કે જે સવાલો પુછવામા આવે તેમાં હા પાડવાની છે.''**

આમ વાદીની આ કબુલાતથી સ્પષ્ટ સાબીત થાય છે કે વાદી અને પ્રતિ.નં.પ વચ્ચે મેળાપીપણુ છે. પ્રતિ.નં.૬ ઓમદેવસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા એ આંક–૧૬પ થી

પોતાનો પુરાવો આપેલ છે.અને જણાવેલ છે કે જનકબા મદારસીંહ ની ઉંમર થઈ ગઈ હોય અને તેઓએ આંક–૧૭૩ થી રજુ પાવર ઓફ એટર્ની આપેલ હોય હાલનો આ પુરાવો આપેલ છે. જનકબાની ઉંમર ૯૦ વર્ષની છે. જેથી તેમને આ પાવર ઓફ એટર્ની હાલના દાવા સદર્ભે ઓમદેવસીંહને આપેલ છે અને તેમણે પોતાની સરતપાસમાં તેઓ પોતે દાવાવાળી જમીન દાવાની હકીકતથી માહીતગાર છે. અને તેઓએ વાદીની દાવાની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ દાવાવાળી જમીનનું તા.૪/૮/૧૯૯૫ નારોજ વહેંચણી થઈ ગયેલ છે અને તે ની નોંધ એન્ટ્રી નં.૨૮૧૫ થી પડેલી અને જે તા.૧૮/૯/૧૯૯૫ નારોજ મંજુર થઈ ગયેલી હતી. જેથી પણ દાવાવાળી જમીન હિન્દુ અભિવ્યકત કુટુંબની રહેતી નથી. અને આ જમીન પર તેઓ સ્વતંત્ર માલીકી કબ્જો ભોગવટો ધરાવતા હતા. અને તે રુએ આ દાવાવાળી જમીન નો વ્યવહાર સને.૨૦૦૫ પહેલા વેચાણ દસ્તાવેજ વેચાણ કરેલ હતો. જેથી પણ આ મિલ્કતમાં વાદીનો કોઈ હીસ્સો રહેતો નથી.

પ્રતિ.નં. ૭ નાએ ઉલટ તપાસ કરતા તેઓ કબુલે છે કે, એ વાત ખરી છે કે આખુ ગામ જોવે તે રીતે પ્રતિ.નં.૭ તેમાં ખેતી કામ કરે છે. અમોએ જે જમીન ખરીદેલી તે જનકબાએ ને.૨૦૦૪ માં ખરીદેલી. આ જમીન ઉપર પહેલા મારા પિતાજી ખેતી કરતા અને હાલમા હું ખેતી કરુ છુ. આ જમીન ઉપર મારા પિતાજી અને તેમના પછી મારો કબ્જોહતો. વાદી રંજનબા અને રક્ષાબાનું પિયર બેલા ગામમાં છે અને વાદી વેકેશનમાં તેમજ પ્રસંગોપાત અવાર નવાર આવતા. આ જમીન મેં ખરીદેલી અને તેની પર ખેતીકામ હું કરતો તેની જાણ વાદીને હતી. એ વાત ખરી છે કે સને.૨૦૦૪ થી સને.૨૦૧૧ સુધી મને આ જમીન ઉપર ખેતીકામ કરતા વાદીએ અટકાવેલ નથી કે કોઈ કેસ કરેલ નથી. જનકબા મદારસિંહ જાડેજાએ જે જમીન લીધેલ તેની રેવન્યુ એન્ટ્રી ૨૦૦૪ માં પડી ગયેલી. એ વાત ખરી છે કે વાદીએ કયારેય રેવન્યુ એન્ટ્રી ખોટી છે તેવુ કયાંય ચેલેન્જ કરેલ નથી. એ વાત ખરી છે કે મારે વાદી કે પ્રતિ. નં.૧ થી ૫ સાથે કોઈ અણબનાવ કે દુશ્મનાવટ નથી. એ વાત ખરી છે કે પ્રતિ.નં.૧ થી ૫ નાઓ દાવો કરી શકે તેમ ન હોય તેથી વાદીને ઉભા કરી હાલનો દાવો કરેલ છે. અને વાદીના હાલના દાવામાં પ્રતિ.નં.૧ થી ૫ વાદીને સપોર્ટ કરે છે.''

પ્રતિ.નં.૭ તરફે આંક–૨૦૯ થી નાયબ મામલતદાર હરેશ ગોવિંદભાઈ ચૌહાણ ને સાહેદ તરીકે તપાસેલા છે. જેઓએ તલાટી કમ મંત્રી બેલા ગામને લખેલ પત્ર છે જેમાં તેઓએ બેલા ગામની નોંધ નં.૨૮૧૫ તા.૧૮/૯/૧૯૯૫ ના સાધનીક કાગળો સાથે જુબાની આપેલ છે. આંક–૨૧૦ થી નોંધ નં.૨૮૧૫ તા.૪/૮/૧૯૯૫ નું અસલ રેકર્ડ બેલા ગામના રેકર્ડમાંથી લાવવા સબંધેની જે પત્ર લખેલો તેની નકલ છે. આંક–૨૧૧ થી બેલા ગામના સરપંચે નોધ નં.૨૮૧૫ ના સાધનીક કાગળો હાલ કચેરીમાં નથી તે મતલબનો દાખલો આપેલ તેની નકલ છે. આંક–૨૧૨ થી નોંધ નં.૨૮૧૫ તા.૪/૮/૧૯૯૫ નું ગામ નમુના નં.૬ હકકપત્રકની નકલ છે. જેમાં હૈયાતી દરમ્યાન આ નોંધ અમરસંગ કાળુભા એ પાડેલી છે આ નોંધ પ્રમાણીત કરવા માટે સબંધીત પક્ષકારોને ૧૩૫ ડી ની નોટીસ બજાવવામા આવેલી છે જેમાં અરજી તથા કબુલાત નામા ના આધારે સબંધીત નાયબ મામલતદાર દ્વારા પ્રમાણીત કરવામા આવેલ છે. નોધ પડેલી છે તેમાં ૧૩૫ ડી નો નોટીસ બજેલી હોય તેનો પ્રાથમીક દ્દષ્ટિએ કોઈના વાંધા તકરા આવેલ ન હોય જેને ઘ્યાને લઈ નોંધ પ્રમાણીત કરેલ હોય તેવુ મારુ માનવુ છે. આમ નોંધ નં.૨૮૧૫ કાયદાની બધી પ્રક્રિયા પુરી કરી પક્ષકારોને નોટીસ કરી અને કોઈ પણ પક્ષકારનો વાંધો ન આવતા આ નોંધ પ્રમાણીત થયેલી હતી. વાદી તરફે જે આંક–૧૨૨ થી પુરાવો આપેલ છે. તેની ઉલટ તપાસ જોતા વાદી કબુલે છે કે ''એ વાત ખરી છે કે જે સને.૧૯૯૫ ની સાલમાં મારા પિતાશ્રી એ બધા ભાઈઓને જમીન અલગ કરી આપેલ છે. એ વાત ખરી છે કે આ બધી જમીનો તે બધા ભાઈઓના ખાતે ચડી ગયેલ છે. મારા પિતાશ્રીએ ભાઈઓ ભાગની વહેંચણી કરી આપેલ અને ત્યારે સને.૧૯૯૫ ની સાલમાં અમોએ આ જમીનમાંથી હીસ્સો મેળવવા મારા પિતાશ્રી પાસેથી માગણી કરેલી. એ વાત ખરી છે કે મારા ભાઈઓએ પ્રતિવાદી નં.૬ ને સને.૨૦૦૪ માં જમીનનું વેચાણ કરુે. તે વખતે મેં મારા પિતાશ્રી પાસેથી જમીનમાંથી હિસ્સો માંગેલ. એ વાત ખરી છે કે મારા પિતાશ્રી એ એવો જવાબ આપેલ કે તમને કાંઈ આપવાનુ થાતુ નથી અને અમે એક ભાગ વેચી નાખેલ છે તે સને.૨૦૦૪ ની સાલમાં કીધેલુ અને એવુ પણ કીધેલુ કે અમે કયા મરી ગયા છીએ.'' આમ ઉપરોકત વાદીની કબુલાત જોતા વાદીને સને.૧૯૯૫ થી ખબર હતી અને ભાગ માગેલો તેમ છતા વાદીએ છેક સને.૨૦૧૧ માં આ દાવો કરેલ છે.

**(1) 2004(0)AIJEL-SC 12675 SUPREME COURT OF INDIA FROM**

**BOMBAY HIGH COURT Janki Vashdeo Bhojwani V/S Indusind Bank Limited (2) 1997(0)AIJEL-RJ 1801498 RAJSTHN HIGH COURT Ram Prasad V/S Harinarayan (3) LAWS (KAR)-2018-7-462 HIGH COURT Of Karnataka Dicide On : July 26,2018 Chikkaramaiah Reddy V/SS R Annaiah Reddy.** ઉપરોકત ત્રણેય ચુકાદામાં પાવર ઓફ એટર્નીથી કયા સંજોગોમાં પુરાવો આપી શકાય અને આ પુરાવો કોણ આપી શકે તે સબંધેની ચર્ચા કરેલ છે ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સીધ્ધાંતો અને પ્રિન્સીપાલ અને લીગલ રેસીયો સાથે અત્રેની કોર્ટ માનભેર સંમત થાય છે પરંતુ હાલના દાવામા જોઈએ તો પ્રતિ.નં.૬ ઓમદેવસીહ રાજેન્દ્રસીહ જાડેજાએ આંક-૧૬૫ થી પોતાનો પુરાવો આપેલ છે અને આ પુરાવો તેમણે આંક-૧૭૩ થી જનકબાએ જે કુલમુખત્યારનામુ આપેલ છે તેના આધારે આપેલ છે અને ઓમદેવસીહ આ જનકબાની જમીનોનો વહીવટ કરે છે તેમજ જનકબા ઓમદેવસીહના પિતાશ્રી રાજેન્દ્રસીહ ના માતુશ્રી પણ થાય છે જેથી પણ તેઓ દાવાની હકીકતોથી વાકેફ છે અને તેમણે પુરાવો આપેલ છે. ત્યારે પણ ઉપરોકત વાદીએ રજુ કરેલ ઓથોરીટી અને હાલના દાવાની હકીકત ભિન્ન ભિન્ન હોય ઉપરોકત ચુકાદો વાદીને મદદરૂપ બનતો નથી તેવુ કોર્ટનું નમ્રપણે માનવુ છે.

આંક-૧૭૪ થી રજુ વેચાણ દસ્તાવેજ નં.૫૨૯૩ તા.૪/૧૦/૨૦૦૪ જોતા તેમાં ખરીદનાર તરીકે જનકબા મદારસીંગ જાડેજા અને વેચાણ આપનાર (૧) શકિતસીહ અમરસંગ (૨) કનકસીહ અમરસંગ નાઓ છે. સને.૧૯૯૫ માં ભાગ પડી ગયેલ છે (જેની વહેંચણી થઈ ગઈ છે) તેની નોંધ નં.૨૮૧૫ તા.૦૪/૦૮/૧૯૯૫ નારોજ નોંધાયેલ છે. ત્યારે દાવાવાળી જમીન વડીલોપાર્જીત રહેતી નથી. જેથી જેના ભાગે જે જમીન આવી તે તેના એકલા માલીક કબ્જેદાર બન્યા છે અને તે હેસીયતથી વેચાણ કરેલ છે. વધુમાં કોર્ટનું માનવુ છે કે, વાદીએ દાવો કર્યો ત્યારે સર્વે નં.૩૬૯ પૈકી /૮૯ પૈકી/૧૦૧ પૈકી દાવાવાળી જમીનમાંથી પોતાનો ભાગ માગેલ હતો અને પછી ચાલુ દાવે વાદીએ આંક-૯૮ ની સી.પી.સી. ઓર્ડર ૬ રુલ ૧૭ ની દાવો એમેડમેન્ટ કરવાની અરજી આપેલ હતી જે મારા અગાઉના ન્યાયાધીશ સાહેબે ગુણદોષ ઉપર મંજુર કરેલ હતી અને વાદીએ માત્ર ૩૬૯ પૈકી વાળી

જમીનમાંથી પોતાનો ૧/૭ ભાગ માગેલ છે તેમજ વેચાણ દસ્તાવેજ નં.૫૨૯૩ તા.૪/૧૦/૨૦૦૪ વેચાણ દસ્તાવેજ નં.૪૬૧૧ તા૧૨/૬/૨૦૦૬ રદ કરવાની પણ દાદ માગેલી છે. અને આ સબંધે પ્રતિ.નં.૭ નાઓએ વાદીને ઉલટ તપાસમાં સ્પષ્ટ સવાલ પુછેલ હતો પરંતુ વાદીએ કોઈ તાર્કીક કે સચોટ જવાબ આપેલ નથી. ત્યારે કોર્ટનુ એવુ માનવુ છે કે વાદીને પોતાના ૧/૭ ભાગની જમીન કે તેની થતી બજાર કિંમતમાં રસ હોવો જોઈએ. હાલ જમીનનો ભાવ ઘણા વધી ગયેલ છે છતા વાદી માત્ર ને માત્ર ૩૬૯ પૈકી વાળી જમીનમાં પોતાનો ૧/૭ ભાગ માગે તો તે વાદીનો માલાફાઈડ ઈન્ટેન્શન જાહેર કરે છે તેવુ ચોકકસ કહી શકાય. કારણકે આંક-૧૭૪ થી રજુ વેચાણ દસ્તાવેજ નં.૫૨૯૩ તા.૪/૧૦/૨૦૦૪ માં જમીન ખરીદનાર જનકબા મદારસીંગ જાડેજા છે અને જમીન વેચનાર (૧) શકિતસિંહ અમરસંગ જાડેજા (૨)કનકસીંહ અમરસંગ જાડેજા(પ્રતિ.નં.૫) પ્રતિ.નં.૬,૭ નો એવો સ્પષ્ટ આક્ષેપ છે કે, વાદીએ હાલનો દાવો પ્રતિ.નં.૫ કનકસિંહ અમરસંગ જાડેજા સાથે મેળાપીપણું (કોલ્યુઝન) માં કરેલ છે તેને સમર્થન મળે છે. જેથી પણ ઉપરોકત ચર્ચા અને કારણો થકી વાદી સાબીત કરી શકતા ન હોય આ મુદાનો જવાબ નકારમાં આપવામા આવે છે.

**<u>મુદા નં.૩ :-</u>** સદરહું મુદ્દો વાદીએ સાબીત કરવાનો છે. વાદીએ આંક-૧૨૨ નો પુરાવો અને પ્રતિ.નં.૧ થી ૫ ના વકીલશ્રીએ જે ઉલટ કરેલ છે તેમાં વાદીએ તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે અને આમ વાદી પ્રતિવાદીએ જે આંક-૩૮ થી જે જવાબ આપેલો તેને પોતાની ઉલટ તપાસ થકી સમર્થન કરેલ છે. ત્યારબાદ વાદીની પ્રતિ.નં.૬ ના એડવોકેટ દ્વારા જે ઉલટ કરેલ છે તેમાં વાદી કબુલે છે કે,**''ગઈ મુદતે વકીલશ્રી વાળાએ જે સવાલો પુછયા તેમાં મને કહેવામા આવેલ કે જે સવાલો પુછવામા આવે તેમાં હા પાડવાની છે.''**

આમ વાદીની આ કબુલાતથી સ્પષ્ટ સાબીત થાય છે કે વાદી અને પ્રતિ.નં.૫ વચ્ચે મેળાપીપણુ છે. પ્રતિ.નં.૬ ઓમદેવસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા એ આંક-૧૬૫ થી પોતાનો પુરાવો આપેલ છે.અને જણાવેલ છે કે જનકબા મદારસીંહ ની ઉંમર થઈ ગઈ હોય અને તેઓએ આંક-૧૭૩ થી રજુ પાવર ઓફ એટર્ની આપેલ હોય હાલનો આ પુરાવો આપેલ છે. જનકબાની ઉંમર ૯૦ વર્ષની છે. જેથી તેમને આ પાવર ઓફ એટર્ની હાલના દાવા સદર્ભે

ઓમદેવસીંહને આપેલ છે અને તેમણે પોતાની સરતપાસમાં તેઓ પોતે દાવાવાળી જમીન દાવાની હકીકતથી માહીતગાર છે. અને તેઓએ વાદીની દાવાની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ દાવાવાળી જમીનનું તા.૪/૮/૧૯૯૫ નારોજ વહેંચણી થઈ ગયેલ છે અને તે ની નોંધ એન્ટ્રી નં.૨૮૧૫ થી પડેલી અને જે તા.૧૮/૯/૧૯૯૫ નારોજ મંજુર થઈ ગયેલી હતી. જેથી પણ દાવાવાળી જમીન હિન્દુ અભિવ્યકત કુટુંબની રહેતી નથી. અને આ જમીન પર તેઓ સ્વતંત્ર માલીકી કબ્જો ભોગવટો ધરાવતા હતા. અને તે રુએ આ દાવાવાળી જમીન નો વ્યવહાર સને.૨૦૦૫ પહેલા વેચાણ દસ્તાવેજ વેચાણ કરેલ હતો. જેથી પણ આ મિલ્કતમાં વાદીનો કોઈ હીસ્સો રહેતો નથી.

પ્રતિ.નં. ૭ નાએ ઉલટ તપાસ કરતા તેમાં કબુલે છે કે, એ વાત ખરી છે કે આખુ ગામ જોવે તે રીતે પ્રતિ.નં.૭ તેમાં ખેતી કામ કરે છે. અમોએ જે જમીન ખરીદેલી તે જનકબાએ ને.૨૦૦૪ માં ખરીદેલી. આ જમીન ઉપર પહેલા મારા પિતાજી ખેતી કરતા અને હાલમા હું ખેતી કરુ છુ. આ જમીન ઉપર મારા પિતાજી અને તેમના પછી મારો કબ્જોહતો. વાદી રંજનબા અને રક્ષાબાનું પિયર બેલા ગામમાં છે અને વાદી વેકેશનમાં તેમજ પ્રસંગોપાત અવાર નવાર આવતા. આ જમીન મેં ખરીદેલી અને તેની પર ખેતીકામ હું કરતો તેની જાણ વાદીને હતી. એ વાત ખરી છે કે સને.૨૦૦૪ થી સને.૨૦૧૧ સુધી મને આ જમીન ઉપર ખેતીકામ કરતા વાદીએ અટકાવેલ નથી કે કોઈ કેસ કરેલ નથી. જનકબા મદારસિંહ જાડેજાએ જે જમીન રીદેલી તેની રેવન્યુ એન્ટ્રી ૨૦૦૪ માં પડી ગયેલી. એ વાત ખરી છે કે વાદીએ કયારેય રેવન્યુ એન્ટ્રી ખોટી છે તેવુ કયાંય ચેલેન્જ કરેલ નથી. એ વાત ખરી છે કે મારે વાદી કે પ્રતિ. નં.૧ થી ૫ સાથે કોઈ અણબનાવ કે દુશ્મનાવટ નથી. એ વાત ખરી છે કે પ્રતિ.નં.૧ થી ૫ નાઓ દાવો કરી શકે તેમ ન હોય તેથી વાદીને ઉભા કરી હાલનો દાવો કરેલ છે. અને વાદીના હાલના દાવામાં પ્રતિ.નં.૧ થી ૫ વાદીને સપોર્ટ કરે છે.''

પ્રતિ.નં.૭ તરફે આંક–૨૦૯ થી નાયબ મામલતદાર હરેશ ગોવિંદભાઈ ચૌહાણ ને સાહેદ તરીકે તપાસેલા છે. જેઓએ તલાટી કમ મંત્રી બેલા ગામને લખેલ પત્ર છે જેમાં તેઓએ બેલા ગામની નોંધ નં.૨૮૧૫ તા.૧૮/૯/૧૯૯૫ ના સાધનીક

કાગળો સાથે જુબાની આપેલ છે. આંક–૨૧૦ થી નોંધ નં.૨૮૧૫ તા.૪/૮/૧૯૯૫ નું અસલ રેકર્ડ બેલા ગામના રેકર્ડમાંથી લાવવા સબંધેની જે પત્ર લખેલો તેની નકલ છે. આંક–૨૧૧ થી બેલા ગામના સરપંચે નોધ નં.૨૮૧૫ ના સાધનીક કાગળો હાલ કચેરીમાં નથી તે મતલબનો દાખલો આપેલ તેની નકલ છે.આંક–૨૧૨ થી નોંધ નં.૨૮૧૫ તા.૪/૮/૧૯૯૫ નું ગામ નમુના નં.૬ હકકપત્રકની નકલ છે. જેમાં હૈયાતી દરમ્યાન આ નોંધ અમરસંગ કાળુભા એ પાડેલી છે આ નોંધ પ્રમાણીત કરવા માટે સબંધીત પક્ષકારોને ૧૩૫ ડી ની નોટીસ બજાવવામા આવેલી છે જેમાં અરજી તથા કબુલાત નામા ના આધારે સબંધીત નાયબ મામલતદાર દ્વારા પ્રમાણીત કરવામા આવેલ છે. નોધ પડેલી છે તેમાં ૧૩૫ ડી નો નોટીસ બજેલી હોય તેનો પ્રાથમીક ર્દષ્ટિએ કોઈના વાંધા તકરા આવેલ ન હોય જેને ઘ્યાને લઈ નોંધ પ્રમાણીત કરેલ હોય તેવુ મારુ માનવુ છે. આમ નોંધ નં.૨૮૧૫ કાયદાની બધી પ્રક્રિયા પુરી કરી પક્ષકારોને નોટીસ કરી અને કોઈ પણ પક્ષકારનો વાંધો ન આવતા આ નોંધ પ્રમાણીત થયેલી હતી. વાદી તરફે જે આંક–૧૨૨ થી પુરાવો આપેલ છે. તેની ઉલટ તપાસ જોતા વાદી કબુલે છે કે ''એ વાત ખરી છે કે જે ૧૯૯૫ ની સાલમાં મારા પિતાશ્રી એ બધા ભાઈઓને જમીન અલગ કરી આપેલ છે. એ વાત ખરી છે કે આ બધી જમીનો તે બધા ભાઈઓના ખાતે ચડી ગયેલ છે. મારા પિતાશ્રીએ ભાઈઓ ભાગની વહેંચણી કરી આપેલ અને ત્યારે ૧૯૯૫ ની સાલમાં અમોએ આ જમીનમાંથી હીસ્સો મેળવવા મારા પિતાશ્રી પાસેથી માગણી કરેલી. એ વાત ખરી છે કે મારા ભાઈઓએ પ્રતિવાદી નં.૬ ને ૨૦૦૪ માં જમીનનું વેચાણ કરેલ. તે વખતે મેં મારા પિતાશ્રી પાસેથી જમીનમાંથી હિસ્સો માંગેલ. એ વાત ખરી છે કે મારા પિતાશ્રી એ એવો જવાબ આપેલ કે તમને કાંઈ આપવાનુ થાતુ નથી અને અમે એક ભાગ વેચી નાખેલ છે તે સને.૨૦૦૪ ની સાલમાં કીધેલુ અને એવુ પણ કીધેલુ કે અમે કયા મરી ગયા છીએ.'' આમ ઉપરોકત વાદીની કબુલાત જોતા વાદીને સને.૧૯૯૫ થી ખબર હતી અને ભાગ માગેલો તેમ છતા વાદીએ છેક સને.૨૦૧૧ માં આ દાવો કરેલ છે.

જેથી પણ ઉપરોકત ચર્ચા અને કારણો થકી વાદી આ મુદ્દો સાબીત કરી શકતા ન હોય તેનો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૪ :–</u>** સદરહું મુદ્દો પણ પ્રતિવાદીએ સાબિત કરવાનો છે. પ્રતિ.નં.૬ અને ૭

નો એવો સ્પષ્ટ આક્ષેપ છે કે વાદીએ અને પ્રતિ.નં.૧ થી ૫ નાઓએ મેળાપીપણુ (કોલ્યુઝન) માં હાલનો દાવો કરેલ છે. ત્યારે કોર્ટનુ મેળાપીપણુ (કોલ્યુઝન) સબંધે જયુડીશ્યલ કન્સેપ્ટ એવો છે કે હાલના દાવામાં વાદી અને પ્રતિ.નં.૧ થી ૫ નું મેળાપીપણુ (કોલ્યુઝન) છે કે નહી તેના માટે પક્ષકારોની વર્તણૂક અને આ બન્ને પક્ષકારોનો પુરાવો ધ્યાને લઈ અને નકકી કરવાનુ હોય છે.

હાલના દાવામાં જોઈએ તો વાદી આંક-૧ ની દાવા અરજી જોઇએ તો વાદીએ હાલનો દાવો જયારે કર્યો ત્યારે સર્વે નં.૩૬૯ પૈકી તેમજ સર્વે નં.૮૯ પૈકી સર્વે નં.૧૦૧ પૈકી દાવાવાળી જમીનમાં પોતાનો ૧/૭ ભાગ મેળવવા માટે દાવો કરેલ હતો અને ત્યારબાદ વાદી તરફે આંક-૯૮ થી સી.પી.સી. ઓર્ડર ૬ રુલ ૧૭ મુજબની દાવામાં એમેડમેન્ટ કરવાની અરજી આપેલ હતી જે મારા અગાઉના ન્યાયાધીશ સાહેબે ગુણદોષ ઉપર મંજુર કરેલ હતી અને વાદીએ દાવા અરજીમાં જરૂરી સુધારો કરેલો અને વાદીએ દાવાવાળી જમીન ૩૬૯ પૈકી વાળી જમીનમાં જ પોતાનો ૧/૭ ભાગ માગેલ છે.

આંક-૧૩૨ થી પ્રતિ.નં.૫ કનકસિંહ જાડેજા એ પુરાવાનુ સોગંદનામુ આપેલ છે અને વાદી તરફેની ઉલટ તપાસમાં એવી કબુલાત આપેલ છે. મારા પિતાશ્રી વંશ વારસાગત રીતે ખેતીનો ધંધો કરતા હતા. એ વાત ખરી છે કે મારા પિતાશ્રી પાસે સર્વે નં.૩૬૯,૮૯, ૧૦૧ અને ૧૦૬ વાળી જમીન ધરાવતા હતા. એ વાત ખરી છે કે આ ચારેય સર્વે નંબરવાળી જમીન મારા દાદા કાળુભા બાપુ ધરાવતા હતા એ વાત ખરી છે કે તેઓએ તેમની ઉંમરના કારણે આ ચારેય સર્વે નંબર વાળી જમીન મારા પિતા ના નામે કરેલ હતી. એ વાત ખરી છે કે આ ચારેય સર્વે નંબર વાળી જમીન વડીલો પાર્જીત હતી. અમો પાંચ ભાઇ બહેન છીએ જેમાં ૩ ભાઈ ઓ અને ૨ બહેનો છે. એ વાત ખરી છે કે આ ચારેય સર્વે નંબર વાળી જમીન વડીલોપાર્જીત હોય અમારા પાંચેય ભાઇ બહેનો નો એમા હિસ્સો છે. એ વાત ખરી છે કે વાદીઓએ મારા પિતાશ્રી તથા અમારી પાસે ઉપર્યુકત જમીન માથી પોતાનો હિસ્સો જુદો કરી આપવા માટે અવાર

નવાર માગણી કરતા હતા ત્યારે મારા પિતાશ્રી અને મારા માતુશ્રી અમે બેઠા છીએ કરી આપશુ એવો જવાબ આપતા હતા. અને આ જવાબ થી બંને બહેનો શાંત થઇ જતી. એ વાત ખરી છે કે સને ૨૦૧૦ મા મે મારી બહેનો ને જણાવેલ કે ભાગ પડી ગયો છે અને તમો બહેનો ને કશુ આપવાનુ નથી. એ વાત ખરી છે કે વેચાણ દસ્તાવેજ નં.૪૬૧૧ તા.૧૨/૦૬/૨૦૦૬ થી પ્રતિવાદી નં.૭ ને અઘાટ વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપી દીધેલ છે. એ વાત ખરી છે કે મારા ભાઇ શકિતસીંહ અમરસંગ જાડેજા એ દસ્તાવેજ નં.૫૨૯૩ થી તા.૨૩/૦૯/૨૦૦૪ ના રોજ વેચાણ કરી આપેલ છે. એ વાત ખરી છે કે હું ભાગ આપવા માગતો નથી તેવી જાણ વાદી ને સને ૨૦૧૦ મા થયેલી. વાદીઓએ જમીન મા ભાગ માગવાનું શરુ કર્યુ ત્યાર થી મારે અને વાદીઓ ને ખરાબ સંબંધ થયા. ખરાબ એટલે પેલા વાદી અવાર નવાર મારા ઘરે આવતા ત્યાર બાદ હવે પ્રસંગોપાત આવે છે. વાદી એ ઉપરોકત સર્વે નંબર માથી ભાગ મેળવવા હાલનો દાવો કરેલ છે. એ વાત ખરી છે કે વાદી એ ચાલુ દાવે સર્વે નંબર ૩૬૯ સીવાયના સર્વે નંબર માથી તેનો ભાગ જતો કરેલ છે. એ વાત ખરી છે કે ત્યારથી મારે વાદી સાથે સબંધો સુધરી ગયેલ છે. બહેનો પાસેથી મેં કોઇ ફારગતિ દસ્તાવેજ કરાવેલ નથી. એ વાત ખરી નથી કે મેં બહેનો સાથે મીલાપીપણુ કરી હાલનો દાવો કરેલ છે. તેઓ એવુ પણ કબુલે છે કે, '' હું આજરોજ વાદીનો દાવો મંજુર કરાવવા માટે જુબાનજી આપવા આવેલ છુ.''

પ્રતિ.નં.૬ તરફે ઉલટ તપાસ થયેલ છે તેની કબુલાત નીચે મુજબ છે. મારા પિતાશ્રી તથા મારા કાકા પ્રવિણસીંહ કાળુભા વચ્ચે સને ૧૯૬૩ મા નહી પરંતુ ૧૯૭૫ ની આજુ બાજુ મા ભાગ પડેલા. એ વાત ખરી છે કે મારા ભાઈ ઓ તથા મારા માતા પિતા વચ્ચે વહેચણી સને ૧૯૯૫ મા થયેલી, એ વાત ખરી છે કે ૧૯૯૫ ની શાલ મા જે વહેચણી થયેલી તે મુજબ જમીન દરેક ભાઇઓ ના ખાતે તથા માતા પિતા ના ખાતે થયેલી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે આ ભાગ અંગે બહેનો ને એટલે કે વાદી ને અંધારામા રાખવામાં આવેલા. એ વાત ખરી

છે કે અમે બધાય ભાઈ ઓ તથા અમારા માતા પિતા એ ભેગા મળી વાદી બહેનો ની છેતરપીંડી કરવા નું નકકી કરેલુ. એ વાત ખરી છે કે મારી બહેનો સામે ખોટુ બોલવાનું અમે ભાઇ ઓ એ માતા પિતા સાથે નકકી કરેલુ ત્યારે મારા માતા પિતા એ એવુ કહેલુ કે તમે કાંઇ બોલતા નહી અમે સંભાળી લઇશુ. એ વાત ખરી છે કે હું તથા મારા ભાઈ ઓ તથા મારા માતા પિતા છેતરપીંડી કરવામા પહેલે થી હોંશિયાર છીએ. એ વાત ખરી છે કે મારા ભાચુ ભાગ ની વહેચણી થઇ ત્યારે અમો કોઈ ભાઇઓ એ લોન લીધેલી નહીં. એ વાત ખરી નથી કે સને ૨૦૦૩–૨૦૦૪ મા મારે પૈસા ની સખત જરુરીયાત હતી તે હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે એ વખતે મારા ઉપર કોઇ દેવુ હતુ નહી. એ વાત ખરી નથી કે પ્રતિવાદી નં.૬ જનકબા કે તેમના પતિ મદારસિંહ કે તેમના દિકરા રાજેન્દ્રસીહ ધીરધાર નો ધંધો કરતા નહી. એ વાત ખરી નથી કે આ લોકો એ કયારે ય કોઈ ને બે પાંચ ટકે વ્યાજે પૈસા આપેલ નહી તેવુ બનેલ નહી. એ વાત ખરી છે કે પ્રતિવાદી વ્યાજ વટા નો ધંધો કરતા હતા તે બતાવવા મારી પાસે કોઇ પુરાવો નથી. સાહેદ જણાવે છે કે આવો કોઇ પુરાવો ન હોય. એ વાત ખરી છે કે મારા બહેને દાવો કર્યો અગાઉ આશરે ૧૪–૧૫ વર્ષ પહેલા મારી બહેનો અનેકવાર ભાગ માગેલો. એ વાત ખરી નથી કે એ વખતે મારા પિતાશ્રીએ ભાગ આપવાની ના પાડેલી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે મારા માતાપિતાશ્રી એ એવુ કહેલ કે અમે બેઠા છીએ. મારા નાના બહેન રક્ષા બહેનના લગ્ન સને.૧૯૯૪ મા થયેલા. એ વાત ખરી છે કે આ જમીન ના ભાગ પડી ગયેલા ત્યારબાદ અમારા ભાઇઓનો કબ્જો ભોગવટો હતો.''

તેવી જ રીતે પ્રતિ.નં.૭ નાએ જે ઉલટ તપાસ કરેલ છે તેમાં કબુલેલ છે કે,'' હું બી.એસ.સી., ડી.સી.એસ. સુધી ભણેલ છુ. હું સીરામીક ટાઇલ્સ નો ધંધો કરુ છુ. હું રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૬, ૭, ૧૨ વિગેરે વિશે મને જાણકારી છે. વાદી રંજનબા ચંપકસિંહ ઝાલા વિગેરે એ જે દાવો કરેલો તેનો મે જવાબ આપેલ નથી. હું કોઇ કાગળ મા સહી કરુ તો તે વાંચી ને સહી કરુ છું. મને આંક ૩૮ બતાવવામાં આવે છે જેમા પેજ નંબર ૪ ઉપર મારી

સહી છે જે ઓળખી બતાવુ છું. મને આંક ૩૮ બતાવવામા આવે છે જે વાંચી ને જણાવુ છું કે તેમા મારી સહી છે. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે ઘણા વરસો થઈ ગયા હોય તેથી મને યાદ નથી. આંક ૩૮ વાળા જવાબ મા મે વાંચી ને સહી કરેલી. એ વાત ખરી છે કે આ જવાબ મા સાચી હકીકતો લખેલી. એ વાત ખરી છે કે મારા જવાબ મા મે વાદી ના દાવા અરજી તથા હંગામી મનાઈ હુકમ મેળવવા ની અરજી શુધ્ધ બુધ્ધિ ના અભાવવાળી ગેર કાયદેસર ની તેમજ ખરી ન હોય –રદ કરવા જણાવલ આ હકીકત મારા આંક ૩૮ વાળા જવાબ ના પેરા નંબર ૧ મા જણાવેલ છે. હું આજ રોજ વાદીનો દાવો મંજુર કરાવવા માટે જુબાની આપવા આવેલ છું. એ વાત ખરી છે કે રેવન્યુ રેકર્ડ મા હયાતી મા નામ દાખલ કરવુ હોય તો પેઢી નામુ મુકવુ પડે. એ વાત ખરી છે કે એ પેઢી નામામાં જેટલા નામો હોય એમાથી જેનું નામ ના દાખલ કરવાનુ હોય એને કબુલાત નામુ આપવાનું હોય છે. એ વાત ખરી છે કે આ કાર્યવાહી થયા પછી લેન્ડ રેવન્યુ ની કલમ ૧૩૫ ડી ની નોટીસ બજાવવાની હોય છે અને પછી જે તે વ્યકિત નું નામ રેવન્યુ રેકર્ડ મા દાખલ થાય છે, એ વાત ખરી છે કે સને ૧૯૯૫ મા ગામ નમુના નં.૬ મા એન્ટ્રી નંબર ૨૮૧૫ થી પડેલ નોંધ આ રીતે જ પડેલ હતી. એ વાત ખરી નથી કે આ નોંધમાં તમામ વારસો ની કબુલાત લેવામા આવેલ હતી. એ વાત ખરી નથી કે હું જે તમામ વારસદારો ની કબુલાત લેવામાં આવેલ હતી તે ખોટુ જણાવુ છું. એ વાત ખરી છે કે ૧૯૯૫ મા જે નોંધ નંબર ૨૮૧૫ બેલા ગામ ના ગામ નમુના નં. ૬ મા નોંધ પડેલ તે ૧૮/૦૯/૧૯૯૫, ના રોજ મંજુર થયેલ અને ત્યાર બાદ દરેક ના ૭–૧૨, ૮–અ અલગ થઇ ગયેલ. એ વાત ખરી છે કે આ નોંધ ખોટી છે તે સંબંધે મે રેવન્યુ ઓથોરીટી મા કોઇ પણ જગ્યા એ ચેલેંજ કરેલ નથી. એ વાત ખરી છે વાદી એ પણ સદરહુ નોંધ કોઇ પણ જગ્યા એ ચેલેંજ કરેલ નથી, હું પ્રતિવાદી નંબર ૭ નરભેરામભાઈ ભુરાભાઈ વીરસોડીયા ને ઓળખું છું. એ વાત ખરી છે કે નરભેરામભાઇ એ જે જમીન ખરીદ કરેલી તે મારી પાસે થી ખરીદ કરેલ નથી. એ વાત ખરી છે કે પ્રતિવાદી નરભેરામ ભાઈ એ મારા ભાઇ નરેન્દ્રસિંહ અમરસંગ જાડેજા પાસે થી ખરીદ કરેલી. એ વાત ખરી છે કે દસ્તાવેજ થયો તેની મને ખબર છે પણ

રજીસ્ટર દસ્તાવેજ થયો કે કેવો દસ્તાવેજ થયો તેની મને ખબર નથી. હું ૨૦૦૬ પહેલા કચ્છ મા રહેતો હતો. હું કચ્છ મા ૩ વર્ષ પછી ૨ વર્ષ આફ્રિકા રહયો હતો. મે ૨૦૦૫ મા મોરબી છોડેલ પછી ૨૦૦૭સુધી કચ્છ મા હતો પછી ૨૦૦૭ થી ૨૦૦૯ આફ્રિકા હતો. મે આ જે કેસો ચાલે છે તે જમીનો જોયેલી છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી નં.૭ એ જે જમીન ખરીદ કરેલી તેની ચારે બાજુ ફેનસીંગ કરેલી છે. સાહેદ જણાવે છે કે મે આ જમીન ૨૦૦૫ પહેલા જોયેલી. પ્રતિવાદી નં.૭ એ ખરીદેલ જમીન મે ૨૦૦૫ પહેલા જોયેલી ત્યાર પછી મે જોયેલ નથી. પ્રતિવાદી નં.૭ એ જે જમીન ખરીદ કરેલી તેની ઉપર ખેતી કરી ઉપજ નીપજ લે છે એ વાત ની મને ખબર નથી. પ્રતિવાદી નં.૭ ને સૌપ્રથમવાર ક્યારે જોયેલા તે મને યાદ નથી. આ દસ્તાવેજ થયો ત્યારે હું હતો જ નહી. આ દસ્તાવેજ થયો તેના પાંચ છ વર્ષ દરમ્યાન હું પ્રતિવાદી નં. ૭ ને મળેલો નહી. એ વાત ખરી નથી કે પ્રતિવાદી નં.૭ ને દસ્તાવેજ થયા ના પાંચ થી છ વર્ષ સુધી મળેલ ન હોવા છતા મે મારા સરતપાસ ના સોગંદનામા માં એવુ ખોટી રીતે જણાવેલ છે કે પ્રતિવાદી નં.૭ ના એ દસ્તાવેજ રદ કરવા અમોને મૌખિક વચન પણ આપેલુ. એ વાત ખરી છે કે મારા સરતપાસના સોગંદનામા મા લખાવેલ એ હકીકત પ્રતિવાદી નં.૭ ના એ જે દસ્તાવેજ રદ કરવા માટે અમોને મૌખિક વચન પણ આપેલ તેવું કોઈ મૌખિક વચન મને આપવામાં આવેલ નથી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે હું એકલો આફ્રિકા હતો મારુ કુટુંબ અહીંયા હતું. પ્રતિ.નં.૭ તરફે નીચે મુજબનો ચોકકસપણે ડીનાઇલ લેવામાં આવેલ છે જે નીચે મુજબ છે.એ વાત ખરી નથી કે સબંધ બગડેલા નથી અને અમો પ્રતિવાદી દાવો કરી શકીએ તેવી કાયદાની સ્થીતિમાં ન હોય જેથી પ્રતિવાદીએ અમારા સગા બહેનને વાદી બનાવી તથા પ્રતિવાદીએ તેની સાથે કોલ્યુજન માં રહી ખોટો દાવો કરેલ છે. એ વાત ખરી નથી કે મારા સરતપાસના સોગંદનામા માં તથા વાદી પક્ષે લેવાયેલ ઉલટ તપાસમાં જાણી જોઇને વાદીને મદદ કરવા મેં જુબાની આપેલ છે.''

પ્રતિ.નં.૬ નાએ આંક–૧૬૫ થી પુરાવો આપેલ છે. વાદી તરફેની ઉલટ તપાસમાં

તેઓ કબુલે છે કે,''મારા પિતાશ્રી સને.૨૦૨૦ માં કોરોના દરમ્યાન ગુજરી ગયેલા તેઓ એસ.ટી. માં નહી ઈરીગેશન ડીપાર્ટમેન્ટમાં નોકરી કરતા હતા. એ વાત ખરી નથી કે મારા પિતા એસ.ટી. મા નોકરી કરતા અને ડીનાઇલ કરવામા આવેલા. એ વાત ખરી નથી કે મારા પિતાશ્રી સરકારી નોકરી કરતા અને મિલ્કત માતાશ્રી જકબાના નામે લેતા. મને નિશાની ૩/૧૦ તથા આંક–૧૭૪ જોઇને કહુ છુ કે રજી.વે.દસ્તાવેજ બતાવવામા આવે છે કે જોઇને કહુ છુ કે તે દસ્તાવેજ રૂા.૭૫,૦૦૦/– નુ છે. અને આ રકમ રોકડેથી ઓપલી છે તેવો ઉલ્લેખ છે. આંક–૧૭૪ નો દસ્તાવેજ બતાવવામા આવતા તે મારી દાદી જનકબાએ કરેલો તે મારા પિતા કે મેં કરેલો નથી. આ વેચાણ દસ્તાવેજ વખતે મારી ઉંમર આશરે ૨૦ વર્ષની હશે. ત્યારે હું અભ્યાસ કરતો હતો. એ વાત ખરી છે કે ૧૯૯૫ ની સાલમાં મારી ઉમર ૧૧ વર્ષની હતી. સદરહુ દસ્તાવેજ કરતી વખતે મારા દાદીમાએ ૭–૧૨ અને ૮– અ ના રેકર્ડ જોયેલા. ગામ નમુના નં.૬ ની નોંધ મારા દાદીમાએ જોયેલી કે નહી તેની મને ખબર નથી. હુ એ વાત જાણુ છુ કે કોઇ પણ ખેતીની જમીન ખરીદવી હોય ત્યારે ગામ નમુના નં.૬ નું રેકર્ડ તપાસવુ પડે. એ વાત ખરી છે કે હું અને વાદી બેલા ગામના રહેવાસી છીએ. એ વાત ખરી છે કે બેલા ગામના રહેવાસી હોય, અમરસિંહને કેટલા દિકરા દિકરી છે તે જનકબા જાણતા હતા. આંક–૧૭૪ નો જે વેચાણ દસ્તાવેજ થયો ત્યારે જનકબાએ વાદીઓની લેખિત સંમતિ લીધેલ નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે તેમને ખબર હતી .એ વાત ખરી નથી કે હું વાદીઓને આ વેચાણ દસ્તાવેજની ખબર હતી જે હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે સદરહું વેચાણ દસ્તાવેજ વાળી જમીન સબંધે જનકબાએ કોઇ ફારગતી દસ્તાવેજ કરાવેલ ન હતો. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે જે તે વખતે દિકરીઓનો ભાગ આપવાનો (હકક આપવાનો) રીવાજ ન હતા.''

પ્રતિ.નં.૬ ની ઉલટ તપાસ પ્રતિ.નં.૭ નાઓ તરફે કરતા તેઓ કબુલે છે કે ''એ વાત ખરી છે કે આખું ગામ જોવે તે રીતે પ્રતિવાદી નં. ૭ તેમાં ખેતી કરે છે. અમોએ જે જમીન

ખરીદેલી તે જનકબાએ સને ૨૦૦૪ માં ખરીદેલી. આ જમીન ઉપર પહેલા મારા પિતાજી ખેતી કરતા અને હાલમાં હું ખેતી કરૂ છું. આ જમીન ઉપર મારા પિતાજી અને તેમના પછી મારો કબ્જો હતો. વાદી રંજનબા અને રક્ષાબાનું પિયર બેલા ગામમાં છે અને વાદી વેકેશનમાં તેમજ પ્રસંગોપાત અવાર નવાર આવતા. આ જમીન મેં ખરીદેલી અને તેની પર ખેતી કામ હું કરતો તેની જાણ વાદીને હતી. એ વાત ખરી છે કે સને ૨૦૦૪ થી સને ૨૦૧૧ સુધી મને આ જમીન ઉપર ખેતી કામ કરતા વાદીએ અટકાવેલ નથી કે કોઈ કેસ કરેલ નથી. જનકબા મદારસિંહ જાડેજાએ એ જે જમીન ખરીદેલી તેની રેવેન્યુ એન્ટ્રી ૨૦૦૪ માં પડી ગયેલી. એ વાત ખરી છે કે વાદીએ કયારેય રેવેન્યુ એન્ટ્રી ખોટી છે તેવું કયાંય ચેલેન્જ કરેલ નથી. એ વાત ખરી છે કે મારે વાદી કે પ્રતિવાદી નં. ૧ થી ૫ સાથે કોઈ અણબનાવ કે દુશ્મનાવટ નથી. એ વાત ખરી છે કે પ્રતિવાદી નં. ૧ થી ૫ નાઓ દાવો કરી શકે તેમ ન હોય તેથી વાદીને ઉભા કરી હાલનો દાવો કરેલ છે અને વાદીના હાલના દાવામાં પ્રતિ.નં.૧ થી ૫ વાદીને સપોર્ટ કરે છે.''

આમ વાદીની આંક–૧૨૨ નો પુરાવો અને પ્રતિ.નં.૫ નો આંક–૧૩૨ નો પુરાવો જોતા પ્રતિ.નં.૫, ૬ નાઓએ મેળપીપણુ (કોલ્યુઝન) ના જે આક્ષેપો કરેલા છે તેને સમર્થન મળતુ હોવાનુ કોર્ટનુ માનવુ છે. કારણકે વાદી પોતાના આંક–૧૨૨ ના પુરાવામાં પ્રતિ.નં.૫ શકિતસીંહ ની દાવા જવાબની તમામ હકીકતો સાચી હોવાનુ જણાવેલ છે અને તેઓ ઉલટ તપાસમાં વાદી એવુ પણ જણાવે છે સને.૧૯૯૫ માં જયારે તેના પિતાશ્રીએ જમીનની વહેંચણી કરી અને તેમના ભાઈઓના નામે ચડાવી ત્યારે આ હકીકતની વાદીને જાણ હતી તેવી જ રીતે સને.૨૦૦૪ માં વેચીને વેચાણ દસ્તાવેજ થયો તેની પણ વાદીને જાણ હતી.

પ્રતિ.નં.૭ નાએ વાદીને ઉલટ તપાસમાં એવો સ્પષ્ટ સવાલ કરેલ છે કે તમારે

૨ સર્વે નંબરમાંથી ભાગ નથી જોઈતો એવી કોઈ વિગત લખી કોર્ટમાં આપેલ છે? વાદી કહે છે કે આપેલી છે. આ અંગેનુ વાદીને કારણ પુછતા વાદી કહે છે કે મારા દાદાની જમીન છે પરંતુ બીજુ કોઈ કારણ વાદી જણાવી શકતા નથી ત્યારે કોર્ટને પણ આ સબંધે થોડુ આશ્ચર્ય એટલા માટે થાય છે કે ખરેખર જો કોઈ વ્યકિત બોનાફાઈડલી પોતાનો ભાગ માગવા માટે કોર્ટમાં દાવો લઈને આવો તો એક કરતા વધારે જમીન હોય તેવા સંજોગોમાં તેમને પોતાના ભાગથી મતલબ હોય છે. ચોકકસ જમીનમાંથી ભાગ મેળવવાનો આગ્રહ એ વાદીનો દાવો કરવાનો માલાફાઈડ ઈન્ટેન્શન બતાવે છે.

વધુમાં પ્રતિ.નં.૭ નાએ આ સબંધે દલીલ કરતા જણાવે છે કે વાદી તરફે જે લેખિત દલીલ આંક–૨૧૪ થી રજુ થયેલ છે અને તેની સાથે જે ઓથોરીટી રજુ કરી છે તે જોવામાં આવે તો એ.આઈ.જે.હાઈપરલીગ ની ઓથોરીટી વાદી તરફે રજુ થઈ છે અને લાયસનસ એડવોકેટ પ્રદીપ વાળાને નામે છે. તેવી જ રીતે પ્રતિ. તરફે જે ઓથોરીટી રજુ કરી છે તે જોવામાં આવે તો એ.આઈ.જે.હાઈપરલીગ ની ઓથોરીટી છે. અને તેમાં પણ લાયસન્સ એડવોકેટ પ્રદીપ વાળાના નામનુ છે. જેથી પણ પ્રતિ.નં.૬, ૭ ના વાદી અને પ્રતિવાદી નં.૧ થી ૫ ના વચ્ચે હાલનો આ દાવો મેળાપીપણા (કોલ્યુઝન) માં કરેલ છે તેવા પ્રતિ.નં.૬,૭ ના આક્ષેપોને સમર્થન મળે છે. સામાન્ય રીતે કોઈ પણ વ્યકિત કોર્ટ સમક્ષ દાવો લઈ અને કોર્ટ પાસે દાદ માગવા આવે ત્યારે સૌપ્રથમ એ વ્યકિત સઘળી સાચી હકીકતો સાથે નામ. કોર્ટમાં ચોખ્ખા હાથે આવવુ કાયદા મુજબ જરૂરી છે. જે હાલના દાવામા થયેલ નથી. જેથી પણ ઉપરોકત ચર્ચા અને કારણો થકી સદરહુ મુદ્દો પ્રતિવાદી સાબીત કરતા હોય સદરહુ મુદ્દાનો જવાબ હકારમાં આપવામા આવે છે.

**<u>મુદ્દા નં.૫ :–</u>** સદરહું મુદ્દો પ્રતિ.નં.૬, ૭ નાઓ એ સાબિત કરવાનો છે. આ સબંધે જોઈએ તો પ્રતિ.નં.૬ નાએ આંક–૩૬ થી સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧ કલમ ૧૫૧ તળે વાદીનો દાવો સમય મર્યાદામાં કરેલ નથી તે સબંધેની અરજી આપેલ હતી જે મારા અગાઉના ન્યાયાધીશ સાહેબે તા.૨૧/૧૧/૨૦૧૪ નારોજ પેરા નં.૧૬ માં નીચે મુજબનો હુકમ કરેલ હતો. ઉપરોકત ચર્ચા કરેલ સમગ્ર હકીકતો ધ્યાને લેતા પ્રતિ.નં.૬ ની હાલની

અરજી જે હકીકત આધારે દાવા અરજી રદ કરવા જણાવેલ છે તે કાયદા અને હકીકતનો મીકસ ટ્રાયેબલ ઈસ્યુ હોય તથા તે સબબ મુદો ઉપસ્થિત કરી તે લગત પુરાવા લીધા બાદ જ તેનો યોગ્ય ન્યાયીક નિર્ણય થઈ શકે તેમ હોય તથા પ્રતિ.નં.૬ તથા પ્રતિ.નં.૭ ને પ્રતિ.નં.૩, ૫ નાએ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ જમીનો સીવાયની જમીનમાંથી પણ ભાગ માગતો દાવો કરેલ છે તે તમામ સંજોગો ધ્યાને લેતા હાલની અરજી મંજુર કરી શકાય તેમ ન હોય નીચે મુજબનો હુકમ કરેલ છે. જેમાં પ્રતિ.નં.૬ ની હાલની સી.પી.સી. કોડના ઓ.૭ રુલ ૧૧ તથા કલમ ૧૫૧ તળેની અરજી નામંજુર કરવાનો હુકમ કરવામા આવેલો છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવેલો નથી. એટલે કે મારા અગાઉના ન્યાયાધીશ સાહેબે લીમીટેશનનો મુદ્દો કાયદા અને હકીકતનો મીકસ મુદો છે અને તે અંગે મુદ્દો કાઢવો અને પુરાવો લઈ નિર્ણય કરવો તેવુ ઠરાવેલ હતુ અને તે અનુસંધાને મારા અગાઉના ન્યાયાધીશ સાહેબે તા.૬/૯/૨૦૨૪ નારોજ આંક–૧૧૪ થી જે મુદ્દા કાઢેલ હતા તેમાં મુદા નં.૫ આ સબંધે કાઢેલો હતો. આ સબંધે અત્રેની કોર્ટનું પણ એવુ માનવુ છે કે લીમીટેશનનો મુદ્દો એ કાયદા અને હકીકતનો મીકસ મુદ્દો છે અને વાદીને જાણ થાય અથવા પોતાના ભાગ માગે ત્યારથી લીમીટેશન શરૂથાય આ સબંધે વાદીની કબુલાત કે તેને જાણ હતી તે સૌથી ઉતમ પુરાવો છે.

વાદીની આંક–૧ ની દાવા અરજી તથા વાદીનો આંક–૧૨૨ નો પુરાવો જોઈએ તો વાદીએ દાવાવાળી મિલ્કતમાંથી પોતાનો ૧/૭ હીસ્સો માગેલ છે તેમજ વેચાણ દસ્તાવેજ નં.૫૨૯૩ તા.૨૪/૯/૨૦૦૪ તેમજ વે.દ.નં.૪૬૧૧ તા.૧૨/૦૬/૨૦૦૬ રદ કરવાની દાદ માગેલ છે. ત્યારે વાદીનો આંક–૧૨૨ નો પુરાવો જોતા પ્રતિ.નં.૧ થી ૫ ના વકીલશ્રીએ વાદીની જે ઉલટ તપાસ કરેલી છે તેમાં વાદીએ દરેક વસ્તુ સ્વીકારેલ છે અને તે રીતે પ્રતિ.નં.૫ નાઓ જે આંક–૩૮ વાળો જવાબ આપેલો તે આખો જવાબ વાદી સ્વીકારે છે. પ્રતિ.નં.૬ તરફે વાદીની જે ઉલટ તપાસ કરેલ છે તેમાં તેઓ સ્વીકારે છે કે, **એ વાત ખરી છે કે જે સને.૧૯૯૫ ની સાલમાં મારા પિતાશ્રીએ બધા ભાઈઓને જમીન અલગ અલગ કરી આપેલ છે. આ બધી જમીનો તે બધા ભાઈઓના ખાતે ચડી ગયેલ છે. મારા પિતાશ્રીએ ભાઈઓ ભાગની વહેંચણી કરી આપેલ અને ત્યારે સને.૧૯૯૫ ની સાલમાં અમોએ**

**આ જમીનમાંથી હીસ્સો મેળવવા મારા પિતાશ્રી પાસેથી માગણી કરેલી. એ વાત ખરી છે કે મારા ભાઇઓએ પ્રતિ.નં.૬ ને સને.૨૦૦૪ માં જમીનનું વેચાણ કરેલુ. તે વખતે મેં મારા પિતાશ્રી પાસેથી જમીનમાંથી હીસ્સો માગેલ. એ વાત ખરી છે કે મારા પિતાશ્રી એ એવો જવાબ આપેલ કે તેમને કાંઈ આપવાનુ થતુ નથી. અને અમે એક ભાગ વેચી નાખેલ છે. તે સને.૨૦૦૪ ની સાલમાં કીધેલુ અને એવુ પણ કીધેલુ કે અમે કયા મરી ગયા છીએ.''**

આમ વાદીની ઉપરોકત કબુલાતને જોતા વાદીને સને.૧૯૯૫ થી ખબર હતી તેમજ લીમીટેશન એકટની જોગવાઈઓ જોતા વાદીને જયારથી ખબર હોય (જાણ હોય) ત્યારથી લીમીટેશન એકટનો કાયદો લાગુ પડે. એ રીતે જોઈએ તો ઉપરોકત વાદીની કબુલાત થકી એવુ સ્પષ્ટ સાબીત થાય છે કે, સને.૧૯૯૫ માં દાવાવાળી જમીન વાદી પ્રતિવાદીના પિતાએ તેમના દીકરાને અલગ કરી આપેલ અને આ જમીન રેવન્યુ રેકર્ડમાં દીકરાના નામે ચડી ગયેલ અને વાદીએ તેમના પિતા પાસે પોતાના હીસ્સાની માગણી પણ કરેલ હતી. અને તેવી જ રીતે સને.૨૦૦૪ માં વેચાણ દસ્તાવેજ થયો ત્યારે પણ વાદીએ પોતાના હીસ્સાની માગણી કરેલ હતી અને તે હીસ્સો ન મળ્યો તો વાદીએ તરત કોઈ કાર્યવાહી ન કરતા સને.૨૦૧૧ માં હાલનો આ દાવો કરેલ છે. દલીલ ખાતર એકવાર માની લઈએ કે વાદીના દાવાને લીમીટેશન એકટ ની કલમ ૧૦૯, ૧૧૦ લાગુ પડે છે તો પણ સને.૧૯૯૫ થી ગણીએ તો વાદીએ ૧૬ વર્ષ પછી દાવો કરેલ છે. વાદીએ ખરેખર ૧૨ વર્ષમાં દાવો કરવો પડે. જેથી પણ વાદીનો દાવો સમય મર્યાદા બહારનો છે. લીમીટેશન એકટની કલમ ૫૮,૫૯ ની જોગવાઈ જોઈએ તો વેચાણ દસ્તાવેજ રદ કરવાની માગણી કરી હોય ત્યારે દાવો ત્રણ વર્ષમાં કરવો પડે. વાદીને સને.૨૦૦૪ મા ખબર હતી કે દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ થઈ ગયેલ છે તેમ છતા વાદી સને.૨૦૧૧ માં દાવો કરેલ છે. વધુમાં વાદી તરફે એવી રજુઆત છે કે, વાદીએ આંક–૧૬૬ થી આંક–૧૬૯ ના જે દાવાવાળી જમીનના ગામ નમુના નં.૭–૧૨, ૮–અ, ગામ નમુના નં.૬ હકકપત્રક રજુ કરેલ છે. તેમાં તા.૨૭/૦૯/૨૦૧૦ બતાવેલ છે જેથી વાદીનો દાવો સમય મર્યાદામાં છે વાદીની આ દલીલ કોર્ટ એ રીતે નકારે છે કે, ગામ નમુના નં.૭–૧૨, ૮–અ, ગામ નમુના નં.૬ હકકપત્રક ની નકલ જે દિવસે તમે ઓનલાઈન મેળવો તેમાં તે દીવસની તારીખ આવે છે. પરંતુ લીમીટેશન એકટની કલમ ૩

પ્રમાણે વાદીને જાણ હોય ત્યારથી દાવાનો સમય ગણવાનો હોય છે. ઉપરોકત ચર્ચા કરી એ પ્રમાણે વાદીને સને.૧૯૯૫ તેમજ સને.૨૦૦૪ માં દાવાવાળી મિલ્કતમાં તેમનો ભાગ માગેલો અને ભાગ આપેલો નહી જેથી વાદીને જાણ છે તેવુ કહી શકાય. તેવી જ રીતે વાદી તરફે તેવો બચાવ છે કે, દાવો કરતા અગાઉ વાદીએ આંક-૧૧૦ વાળી નોટીસ તા.૧૩/૭/૨૦૧૦ નારોજ આપેલ હતી. અને ત્યારથી દાવાનુ કારણ ઉભુ થાય છે. વાદીનો આવો બચાવ કોર્ટ એ રીતે નકારે છે કે, માત્ર દાવાનુ સ્માર્ટ પ્લીડીંગ કરવાથી દાવો સમય મર્યાદામા થઈ જતો નથી. કોર્ટે એ જોવાનુ છે કે વાદીને જાણ કયારે હતી. જેથી પણ વાદીના દાવાને સ્પષ્ટપણે સમય મર્યાદાનો બાધ નડતો હોવાનુ કોર્ટનુ નમ્રપણે માનવુ છે. વાદી તરફે પોતાના દાવાના સમર્થનમાં (૧) 2025(0)AIJEL-HC 252089 Gujarat High Court Patel Chandrikaben D/O Haribhai Makabhai Patel V/s Patel Manguben W/O Haribhai આસદરહું ચુકાદો વંચાણે લઈએ તો નામ.હાઈ.કોર્ટે એવુ જણાવેલ છે કે હિન્દુ સકસેશન એકટની કલમ ૬ પ્રમાણે જયારે દીકરી વારસાગત મિલ્કતમાં થી ભાગ માગે ત્યારે દાવો દાખલ કરવાનો સમય લીમીટેશન એકટના આર્ટીકલ ૧૦૯, ૧૧૦ મુજબ ગણવાનો રહે. હાલના દાવામા જોઈએ તો દલીલ ખાતર આ દાવાને આર્ટીકલ ૧૦૯, ૧૧૦ લાગુ પડે છે. તેવુ માની લઈએ તો પણ વાદીને સને.૧૯૯૫ માં જાણ હતી અને તેમના માતા-પિતા પાસેથી ભાગ માગેલો હતો. એટલે કે સને.૧૯૯૫ થી ૧૨ વર્ષ ગણીએ તો પણ વાદીએ સને.૨૦૧૧ માં દાવો કર્યો એટલે આશરે ૧૬ વર્ષ પછી દાવો દાખલ કરેલ જેથી સમય મર્યાદા બહારનો છે. વાદી તરફે (૨) 2007(0)AIJEL-UT 2100185 Uttaranchal High Court Mani Ram V/s Padam Datta (D) By Lrs.

સદરહુ ચુકાદો વંચાણે લઈએ તો લીમીટેશન આર્ટીકલ ૫૯ પ્રમાણે જયારે વેચાણ દસ્તાવેજ રદ કરવાની દાદ વાદીએ માગેલ હોય તો આ આર્ટીકલ લાગે. આ ચુકાદો પણ હાલના વાદીના દાવાને જોઈએ તો વાદીના આંક-૧૨૨ ના પુરાવામા વાદી સ્પષ્ટ કબુલે છે કે સને. ૨૦૦૪ માં જે વેચાણ દસ્તાવેજ થયો તેની તેમને સને.૨૦૦૪ માં જાણ હતી. છતા વાદીએ સને.૨૦૧૧ માં દાવો કરેલ છે. જેથી પણ આ ચુકાદો વાદીને મદદરૂપ બનતો નથી. સદરહું મુદ્દો પ્રતિવાદી સાબીત કરતા હોય સદરહુ મુદ્દાનો જવાબ હકારમાં આપવામા આવે છે.

**<u>મુદ્દા નં.૬ :–</u>** સદરહું મુદ્દો પણ પ્રતિવાદીએ સાબિત કરવાનો છે. વાદીની આંક–૧ ની દાવા અરજી જોવામાં આવે તો વાદીએ પ્રતિ.નં.૭ ને પક્ષકાર તરીકે જોડેલ છે. વાદી તરફે આંક–૯૮ થી સી.પી.સી. ઓર્ડર ૬ રુલ ૧૭ મુજબની દાવામાં એમેડમેન્ટ કરવાની અરજી આપેલ હતી જે મારા અગાઉના ન્યાયાધીશ સાહેબે ગુણદોષ ઉપર મંજુર કરેલ હતી અને વાદીએ દાવા અરજીમાં જરૂરી સુધારો કરેલો અને વાદીએ દાવાવાળી જમીન ૩૬૯ પૈકી વાળી જમીનમાં જ પોતાનો ૧/૭ ભાગ માગેલ છે. વધુમાં કોર્ટનુ એવુ પણ માનવુ છે કે વાદી જયારે ૧/૭ ભાગ મેળવવા આવ્યા છે ત્યારે તેઓ રેવન્યુ સર્વે નં. ૩૬૯ વાળી જમીનમાંથી જ પોતાનો ભાગ માગે છે જે ખરેખર યોગ્ય નથી કારણ કે જો વાદી ચોખ્ખા હાથે કોર્ટમાં આવ્યા હોત તો તેમને તેમના ૧/૭ ભાગથી મતલબ છે વાદી જયારે સર્વે નં.૩૬૯ થી જ પોતાનો ૧/૭ ભાગ માગવાની વાત કરે છે અને તેની પાછળનુ કોઈ વયાજબી કારણ વાદી બતાવી શકતા નથી. ત્યારે વાદી માલાફાઈડ ઈન્ટેન્શનથી અને પ્રતિ.નં.૧ થી ૫ નાઓ સાથે મેળાપીપણામાં હાલનો દાવો કરેલ છે. અને કાયદાનો એ પ્રસ્થાપિત સીધ્ધાંત છે કે જે વ્યકિત કોર્ટમાં દાવો લઈને આવે તેણે સઘળી સાચી હકીકતો સાથે ચોખ્ખા હાથે નામ. કોર્ટમાં આવવુ પડે જે વાદી આવેલ નથી. જેથી પણ વાદી કોઈ દાદ કાયદા મુજબ મેળવી શકે નહી. પ્રતિ. નં.૭ નરભેરામ ભાઈ ભુરાભાઈએ આંક–૧૮૨ થી પોતાનો પુરાવો આપેલ છે અને વાદીની દાવા અરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે. તેમજ બાકીની હકીકતોની તેમને જાત માહીતી નથી. વધુમાં તેઓ જણાવે છે કે સર્વે નં.૩૬૯ પૈકી વાળી જમીન રેવન્યુ નોંધ નં.૨૮૧૫ તા.૪/૮/૧૯૯૫ ના રોજ અમરસંગ કાળુભા એ પોતાની હૈયાતીમાં આ મિલ્કતની વહેંચણી કરી દીધેલ હતી. અને આ મિલ્કત નરેન્દ્રસિંહ અમરસંગ જાડેજા ના ખાતે આવેલી અને આ નોંધ તા.૧૮/૦૯/૧૯૯૫ નારોજ પ્રમાણીત પણ થઈ ગયેલ હતી અને પ્રતિવાદી તરફે આંક–૨૦૯ થી નાયબ મામલતદાર હરેશ ગોવીંદભાઈ ચૌહાણ નાઓએ પુરાવો આપેલ છે અને તેઓ જણાવે છે કે સામાન્ય રીતે કોઈ નોંધ પાડવામા આવે ત્યારે કોઈ વ્યકિત પોતાની હૈયાતીમાં પોતાની જમીન પોતાના દીકરાને આપતા હોય ત્યારે જે દીકરા–દીકરીને જમીન મળી ગઈ હોય તેનુ નામ રેવન્યુમાં હોય છે અને જે દીકરા–દીકરીને જમીન મળી ન હોય તેનુ સંમતી પત્રક મેળવવુ પડે છે અને બધા જ વારસોને ફરજીયાતપણે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૩૫ ડી ની નોટીસ બજાવવામા

આવે છે અને આ બધા વારસો કબુલાત આપેલ પછી જ એ નોંધ પ્રમાણીત થાય છે. અને નોંધ નં.૨૮૧૫ તા.૪/૮/૧૯૯૫ માં પણ આ રીતેની કાર્યવાહી જે તે વખતે કરેલ હતી અને નાયબ મામલતદારે તા.૧૮/૦૯/૧૯૯૫ નારોજ પ્રમાણીત કરેલી અને પોતાની સહી કરેલી છે. વાદીએ આનાથી વિરૂધ્ધનો પુરાવો રજુ કરેલ નથી જેથી પણ આને માનવાને કારણ નથી. પ્રતિ.નં.૭ નાએ આંક–૧૮૨ ના પુરાવા સાથે આંક–૧૮૪ થી ગામ નમુના ૬ હકકપત્રક ની નકલ રજુ કરેલ છે જેમાં નોંધ નં.૨૨૦૩ તા.૨૦/૭/૧૯૭૮ નારોજ અમરસંગ કાળુભા અને તેમના નાનાભાઈ પ્રવિણસીંહ કાળુભા વચ્ચે ભાયુભાગની વહેંચણી પડેલી તેની નોંધ છે. તેવી જ રીતે આંક–૧૮૬ થી ગામ નમુના નં.૮–અ ની નકલ રજુ કરેલ છે જે જોતા તેમાં નરેન્દસીંહ અમરસંગ નું નામ છે. તેવી જ રીતે આંક–૧૮૭ થી ગામ નમુના નં.૭–૧૨ ની નકલ રજુ કરેલ છે જે જોતા તેમાં નરેન્દસીંહ અમરસંગ નું નામ છે. તેવી જ રીતે આંક–૧૮૮ થી ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ રુરલ ડેવલપમેન્ટ નો તા.૧૦/૬/૨૦૬ નો નરેન્દસીંહ અમરસંગ ના નામનો છે આ દાખલો જોતા નરેન્દસીંહ અમરસંગ પાસે કોઈ લેણુ લેવાનું રહેતુ નથી. તેવી આંક–૧૮૯ થી બેલા ગ્રામ પંચાયતનો દાખલો આપેલ છે તેમાં નરેન્દસીંહ અમરસંગ પાસે કોઈ મહેસુલ બાકી નથી તેમ જણાવેલ છે. તેવી જ રીતે આંક–૧૯૦ થી સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયાએ નરેન્દસીંહ અમરસંગનું મહેસુલ બાકી રહેતુ નથી તેનો દાખલો આપેલ છે. આંક–૧૯૧ થી બેલા સેવા સહકારી મંડળી એ નરેન્દસીંહ અમરસંગનું મહેસુલ બાકી રહેતુ નથી તેનો દાખલો આપેલ છે. આંક–૧૯૨ થી પ્રતિ.નં.૭ નાએ નરેન્દસીંહ અમરસંગ પાસે ખરીદેલ જમીનના દસ્તાવેજની ખરી નકલ છે.

આંક–૧૯૩ થી રજુ ગામ નમુના નં.૬ હકકપત્રક જોતા તેમા ફેરફાર નં.૩૨૫૫ તા.૮/૭/૨૦૦૬ પ્રમાણે પ્રતિવાદી નરભેરામ ભુરાભાઈએ નરેન્દસીંહ અમરસંગ જાડેજા પાસે વે.દ.નં.૪૬૧૧ તા.૧૨/૬/૨૦૦૬ થી જે જમીન ખરીદેલ તેના વેચાણ દસ્તાવેજ ની ખરી નકલ છે. તેવી જ રીતે આંક–૧૯૪ થી ગામ નમુના નં.૮– અ ની ખરી નકલ છે જેમાં નરભેરામ ભુરાભાઈ વીરસોડીયા નુ નામ છે. આંક–૧૯૫ અને આંક–૧૯૬ થી ગામ નમુના નં.૭ અને ગામ નમુના નં.૧૨ માં નરભેરામ ભુરાભાઈ નુ નામ છે. પ્રતિ.નં.૭ ની વાદી તરફે લંબાણપૂર્વક ઉલટ તપાસ થયેલ છે પરંતુ તેમા વાદીને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ

ઉપર આવેલ નથી. આમ પ્રતિ.નં.૭ નાએ દાવાવાળી મિલ્કત પુરતી કાળજી લઈ અને બોનાફાઈડ પર્ચેસર તરીકે ખરીદેલ છે તેવુ કહી શકાય. જેથી પણ ઉપરોકત ચર્ચા અને કારણો થકી સદરહુ મુદ્દો પ્રતિવાદી સાબીત કરતા હોય સદરહુ મુદ્દાનો જવાબ હકારમાં આપવામા આવે છે.

**<u>મુદ્દા નં.૭ :–</u>** વાદી કાયદાના દરેક ર્દષ્ટિકોણથી પોતાનો દાવો સાબીત કરી શકેલ નથી. તેમજ મુદા નં.૪ માં વિગતવાર ચર્ચા કરી એ પ્રમાણે વાદીએ પ્રતિ.નં.૫ સાથે મેળાપીપણામાં હાલનો આ દાવો કરેલ છે તેમજ મુદા નં.૫ માં વિગતવાર ચર્ચા કરી એ પ્રમાણે વાદીનો દાવો સમય મર્યાદામા નથી. જેથી પણ વાદી કોઈ દાદ મેળવવા હકકદાર નથી તેવુ કોર્ટનુ નમ્ર પણે માનવુ છે. મુદા નં.૧ થી ૩ વાદીએ સાબીત કરવાના હતા જે વાદી સાબીત કરી શકેલ નથી જેથી તેનો જવાબ નકારમાં આપવામા આવે છે. મુદા નં.૪ થી ૬ પ્રતિવાદીએ સાબીત કરવાના હતા જે પ્રતિવાદી સાબીત કરેલ છે જેથી તેનો જવાબ હકારમાં આપવામા આવે છે. તેમજ આખરી હુકમ નીચે મુજબ છે.

## –: આખરી હુકમ :–

**(૧)** વાદીનો દાવો નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

**(૩)** કોઈ અરજી તળે હુકમ બાકી હોય તો આ હુકમ થકી એ અરજી ફેસલ ગણવી.

**(૪)** હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મોરબી.
તારીખ : ૨૪.૦૪.૨૦૨૬

**(પ્રશાંત પરમાનંદ શાહ)**
પ્રિન્સી. સીનીયર સીવીલ જજ,મોરબી.
U.I.C. NO.GJ00665

//MRM//